
સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વા. મંદિર – સરધારનું મુખપત્ર

# સ્વામિનારાયણ ચિંતન

ફેબ્રુઆરી, ૨૦૧૮ • બે વર્ષ લવાજમ રૂા. ૧૬૦/-



## અહિંસક યજ્ઞના પ્રવર્તક સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ

ભગવાન શ્રીહરિએ પોતાના જીવનકાર્ય દરમ્યાન પીપલાણા, જેતલપુર, ડભાણ વગેરે સ્થાનોમાં શ્રીવિષ્ણુયાગ-મહારુદ્ર જેવા અનેકવિધ વૈદિક અહિંસામય યજ્ઞો વિદ્વાન વિપ્રો દ્વારા કરાવી યજ્ઞ પરંપરાને અવિરત ગતિએ જીવંત રાખીને નિર્મળ બનાવી છે.



**રાષ્ટ્રીય અસ્મિતા સમારોહ**
**સીમાડા-સુરત**






















**સીમાડા-સુરત વિસ્તારમાં ધાર્મિક, સામાજિક ક્ષેત્રે કાર્યરત શ્રી સ્વામિનારાયણ મંદિર દ્વારા આયોજીત વડતાલ શ્રી લક્ષ્મીનારાયણ દેવ પીઠાધિપતિ પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી તા. ૨૬ જાન્યુઆરી ૨૦૧૮ના રોજ 'પ્રજાસતાક પર્વ' પ્રસંગે સરધારનિવાસી પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે ઉજવાયેલ 'રાષ્ટ્રીય અસ્મિતા સમારોહ'**



અધ્યક્ષશ્રી



પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય
શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ

ઉપાધ્યક્ષશ્રી



પ.પૂ. ૧૦૮ ભાવિઆચાર્ય
શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજ


**પ્રસિદ્ધ કર્તા**
શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મીનારાયણ દેવ પીઠસ્થાન સંસ્થાન -વડતાલ વતી
**શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર**

**પ્રકાશક – માલિક – તંત્રી**
સાધુ પતિતપાવનદાસજી

**સંપાદક**
સ્વામી આનંદસ્વરૂપદાસજી (વેદાંતાચાર્ય)

**લેખન – સંકલન**
સાધુ અમૃતસ્વરૂપદાસજી
ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

**લવાજમ દર**
બે વર્ષ : રૂા. ૧૬૦/-
પંચવાર્ષિક : રૂા. ૩૫૦/- • પચ્ચીસ વર્ષ : રૂા. ૭૫૦/-
પરદેશમાં લવાજમ : ***$ 200 U.S.A., £ 125 U.K.***


*સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વામિનારાયણ મંદિર સરધારનું રજિસ્ટર્ડ મુખપત્ર ઈ.સ. ૨૦૦૫ના જૂન માસથી પ્રારંભાયેલું, દર માસની ૨૦ તારીખે પ્રકાશિત થતું, આપના સમગ્ર કુટુંબ-પરિવારમાં આનંદ અને સંસ્કારની સૌરભ પ્રસરાવે અને જીવનનું અનેરું ઘડતર કરતું સામયિક.*


**લવાજમદર અંગે**
**ગ્રાહક પત્ર વ્યવહાર**
'ચિંતન કાર્યાલય', શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧
www.sardharkatha.net chintankaryalay@gmail.com
www.swaminarayanvadtalgadi.org

**છબીકલા : શિવલાલ સુદાણી – બારમણ**
**મો. ૯૮૭૯૨ ૬૯૫૪૦**


॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥



# સ્વામિનારાયણ ચિંતન


**પ્રયોજક** : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી
**વર્ષ : ૫ । અંક : ૧૨ । તારીખ : ૨૦ ફેબ્રુઆરી, ૨૦૧૮**


## ૐ શ્રી વૈષ્ણવક્રતુકારકાય નમઃ

સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી કહે છે : "હે પ્રભુ ! તમે વિષ્ણુયાગ કરાવનારા છો. તમને વિષ્ણુયાગ બહુ ગમે છે, હિંસામય યજ્ઞની પ્રવૃત્તિબંધ કરાવી અને વિષ્ણુયાગ કરાવો છો એવા ભગવાન શ્રીહરિ આપના શ્રીચરણોમાં હું વંદન કરું છું.

ભગવાન શ્રી સ્વામિનારાયણે વિચાર કર્યો કે, હમણાં રાજસૂય યજ્ઞ ઘણા થાય છે, જ્યાં સુધી સાત્ત્વિક યજ્ઞ નહિ કરું, ત્યાં સુધી રાજસૂય યજ્ઞ બંધ નહિ થાય, હું સાત્ત્વિક યજ્ઞો કરાવીશ.

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૦૧ | અહિંસક યજ્ઞના પ્રવર્તક સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ | ૦૪ |
| ૦૨ | આપણા મહાકાવ્યોમાં યજ્ઞ સંસ્કૃતિ | ૧૪ |
| ૦૩ | ભગવાન શ્રી સ્વામિનારાયણ અને યજ્ઞીય પરંપરા | ૧૬ |
| ૦૪ | ભુજના હિંસક યજ્ઞનો વિધ્વંસ કરતા ભગવાન શ્રી સ્વામિનારાયણ | ૨૦ |
| ૦૫ | આપણા ધર્મગ્રંથોમાં યજ્ઞ મહિમા | ૨૫ |
| ૦૬ | સત્સંગ સમાચાર પત્રિકા | ૨૭ |



हमारा लक्ष्य
विश्व का कल्याण हो....
લક્ષ્ય ટી.વી. ચેનલ દ્વારા...
સમગ્ર ગુજરાતમાં ઘેર બેઠા આપ માણો...

| પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની | પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના શ્રીમુખે | પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજીના શ્રીમુખે |
|---|---|---|
| દિવ્ય અમૃતવાણી | સત્સંગ કથાપારાયણ | સત્સંગ કથામૃત |
| સમય : દરરોજ | દરરોજ રાત્રે ૮.૦૦ થી ૧૧.૦૦ | દરરોજ સવારે ૬.૦૦ થી ૭.૦૦ |



# અહિંસક યજ્ઞના પ્રવર્તક સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ

**સાધુ અમૃતસ્વરૂપદાસજી તથા પાર્ષદ રજની ભગત** • ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

## યજ્ઞ મહિમા તથા યજ્ઞની પૂર્વભૂમિકા :

આપણી ભારતીય સંસ્કૃતિમાં બીજાના હિત માટે થતા કાર્યને **'યજ્ઞ'** કહે છે. યજ્ઞમાં કોઈ પોતાનું કાર્ય કરતા નથી, પરંતુ **પરમાર્થ** કરવામાં આવે છે. સંપૂર્ણ વિશ્વના **કલ્યાણ** માટે, વિકાસ માટે, શાંતિ માટે અને **સુખાકારી** માટે જ યજ્ઞ કરવામાં આવે છે. લોક કલ્યાણ માટે કરવામાં આવતા યજ્ઞોથી માનવજાતના આરોગ્ય, આયુષ્ય, વિદ્યા, બળ, તેજ, યશ, પરાક્રમ, ધન-ધાન્યની ઉત્તરોત્તર વૃદ્ધિ થાય છે અને ઉત્તમ બાળકોના જન્મ માટે અને તેજસ્વી વંશવૃદ્ધિ માટે પણ યજ્ઞનારાયણનો અપરંપાર મહિમા છે. 'અગ્નિ' સ્વયં નારાયણનું સ્વરૂપ છે, તેથી હોમ કરીએ ત્યારે હુતદ્રવ્યોથી પ્રગટ થયેલા અગ્નિને **'યજ્ઞનારાયણ'** કહેવામાં આવે છે. આ યજ્ઞમાં હોમાયેલા પદાર્થો સૂક્ષ્માતિસૂક્ષ્મ સ્વરૂપ ધારણ કરીને સમગ્ર વાતાવરણમાં ફેલાઈ જાય છે. તેનાથી ઊર્જા અને બાષ્પ ધુમાડા સ્વરૂપે પોતાના ગુણોથી મનુષ્યો, પ્રાણીઓ, વનસ્પતિ અને તમામ પંચભૂતોને પ્રભાવિત કરે છે. યજ્ઞમાં જે જે કાષ્ઠના સમિધ હોમવામાં આવે છે, તે વનની ઔષધિઓ હોય છે. આ ઔષધિઓ, ગાયનું ઘી, છાણાં અને સાત્ત્વિક અન્ન અગ્નિમાં હોમાઈને **સ્વાસ્થ્યવર્ધક** સુગંધ પ્રસરાવે છે. જ્યારે આ બધા દ્રવ્યો આહુતિ સ્વરૂપે અગ્નિના સંપર્કમાં આવે છે ત્યારે તે તે ઔષધિઓ પોત પોતાના **વિશિષ્ટ ગુણ** અનુસાર આપણા મનને પણ ઊર્જાવાન અને પવિત્ર બનાવે છે.

યજ્ઞનો અર્થ છે - 'इज्यते हविः दीयते यत्र' અથવા 'इज्यन्ते देवता अत्र' અર્થાત્ જેમાં **હવિ** આપવામાં આવે અથવા જ્યાં દેવતાઓને હવિ આપવામાં આવે છે તે 'યજ્ઞ' છે. આ યજ્ઞનો વ્યુત્પત્તિકારણ સામાન્ય અર્થ છે. પરંતુ, વ્યાપક અર્થમાં **યજ્ઞ શબ્દ** તમામ વ્યક્તિગત અને સામાજિક ક્રિયાઓ તથા વ્યવહારોમાં પોતાને આવરી લે છે, જે વ્યક્તિ અથવા સમાજને ઉપકારક બને છે. જેમ કે - જ્ઞાનદાન, દૃષ્ટિદાન, ધનદાન, અન્નદાન, ઉચિત પથ-નિર્દેશન, અભાવગ્રસ્ત-અસહાયની સહાયતા, દુઃખીનું દુઃખ દૂર કરવું, રોગીની સેવા, ગુરુ અને ગુરુજનોની સેવા વગેરે. આથી, કર્મકાંડ પ્રધાન યજ્ઞોનું વર્ણન, યજ્ઞવિધાનનું વર્ણન છે ત્યાં સમાજનીતિ, વ્યવહારનીતિ, રાજનીતિ, કર્તવ્યાકર્તવ્ય, ધર્માધર્મ, સૃષ્ટિ-પ્રક્રિયા, રાજ્યાભિષેક, રાજાના ગુણ, પ્રજા-રાજાનો વ્યવહાર, રાજા-પ્રજાનું કર્તવ્ય, રાજ્ય સ્વરાજ્ય - સામ્રાજ્ય, બ્રહ્મચર્ય, વીર્યરક્ષણ, શિલ્પ, કૃષિ, વ્યાપાર, સમાજ-સંગઠન વગેરેનું વર્ણન યજ્ઞીયપ્રધાન ગ્રંથ યજુર્વેદમાં મળે છે.

'યજ્ઞ' એ સનાતન ધર્મમાં સામાન્ય રીતે મંત્રો સાથે અગ્નિમાં આહુતિ દેવાની અતિ પ્રાચીન અને મહત્ત્વપૂર્ણ **વૈદિક ક્રિયા** છે.



### અહિંસક યજ્ઞના પ્રવર્તક
## સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ



ત્યાગ, બલિદાન, શુભ કર્મ, પોતાના પ્રિય ખાદ્ય પદાર્થો અને મૂલ્યવાન સુગંધિત પૌષ્ટિક દ્રવ્યોને અગ્નિ તથા વાયુના માધ્યમથી સમસ્ત સંસારના કલ્યાણ માટે યજ્ઞ દ્વારા વિતરિત કરવામાં આવે છે. વાયુ શોધનથી સૌને **આરોગ્યવર્ધક શ્વાસ** લેવાનો અવસર મળે છે. હવન થયેલા પદાર્થ વાયુભૂત થઈ પ્રાણીમાત્રને પ્રાપ્ત થાય છે અને તેમના સ્વાસ્થ્યવર્ધન, રોગ નિવારણમાં **સહાયક** થાય છે. યજ્ઞકાળમાં ઉચ્ચારિત વેદ મંત્રોનો પુનીત શબ્દ ધ્વનિ આકાશમાં વ્યાપ્તિ કરી લોકોના અંતઃકરણને સાત્ત્વિક અને શુદ્ધ બનાવે છે.

મંત્રોમાં અનેક **શક્તિ સ્રોત** દબાયેલા છે. જે પ્રકારે અમુક સ્વર-વિન્યાસ યુક્ત શબ્દોની રચના કરવાથી અનેક રાગ-રાગિણીઓ બની જતી હોય છે અને તેમનો પ્રભાવ સાંભળવાવાળા પર વિભિન્ન પ્રકારે થાય છે, તે જ પ્રકારે મંત્રોચ્ચારણથી પણ એક વિશિષ્ટ પ્રકારના **ધ્વનિ તરંગ** નીકળે છે અને તેમનો ભારી **પ્રભાવ** વિશ્વવ્યાપી પ્રકૃતિ પર, સૂક્ષ્મ જગત પર તથા પ્રાણીઓના સ્થૂળ તથા સૂક્ષ્મ શરીરો પર પડે છે. યજ્ઞ દ્વારા શક્તિશાળી તત્ત્વ વાયુમંડળમાં ફેલાય છે.

**'યજનં યજ્ઞઃ'** જેના દ્વારા પરમાત્માનું પૂજન થાય એનું નામ યજ્ઞ. ભારતીય વૈદિક પરંપરાનું અતિ મહત્ત્વપૂર્ણ અંગ એટલે યજ્ઞ. સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ સ્વરચિત **શિક્ષાપત્રી**ના ૧૫૫માં શ્લોકમાં પોતાના આશ્રિતજનોને નિરંતર યજ્ઞો કરવાની **આજ્ઞા** કરતા કહે છે કે, "ધનાઢ્ય એવા જે ગૃહસ્થ સત્સંગી તેમણે હિંસાએ રહિત એવા જે વિષ્ણુ સંબંધી યજ્ઞ તે કરવા." ભગવાન શ્રીકૃષ્ણે પણ **ભગવદ્ગીતા**માં યજ્ઞ-દાન અને તપનું માહાત્મ્ય બતાવી સૌ હિંદસ્થ જનોને તેમજ સમસ્ત વિશ્વને યજ્ઞ કર્મની **પ્રેરણા** આપી છે.

મહારાજા દશરથે **પુત્રેષ્ટિ** યજ્ઞ કરી ભગવાન શ્રીરામ સહિત ચાર **ઉત્કૃષ્ટ સંતાન** પ્રાપ્ત કર્યાં હતા. વિશ્વામિત્ર આદિ ઋષિ પ્રાચીનકાળમાં અસુરતા નિવારણ માટે મોટા-મોટા યજ્ઞો કરતા હતા. ભગવાન શ્રીરામ અને લક્ષ્મણજીને આવા જ એક યજ્ઞની રક્ષા માટે સ્વયં જવું પડ્યું હતું. લંકા યુદ્ધ બાદ શ્રીરામચંદ્રજીએ દસ અશ્વમેધ યજ્ઞ કર્યા હતા. મહાભારત પશ્ચાત્ ભગવાન શ્રીકૃષ્ણે પણ પાંડવો પાસે એક મહાયજ્ઞ કરાવ્યો હતો. તેઓનો ઉદ્દેશ્ય યુદ્ધજન્ય વિક્ષોભથી ક્ષુબ્ધ વાતાવરણની અસુરતાને દૂર કરવાનો જ હતો. જ્યારે પણ વાતાવરણમાં અસુરતાની માત્રા વધી જાય, તો તેનો ઉપચાર યજ્ઞ ક્રિયા જ છે, તેથી અધિક બીજો કાંઈ હોઈ ન શકે.

યજ્ઞનો ધુમાડો આકાશમાં જઈ વાદળ બની જાય છે. વર્ષાના જળ સાથે જ્યારે તે પૃથ્વી પર આવે છે, તો તેનાથી પરિપુષ્ટ અન્ન-ઘાસ તથા વનસ્પતિઓ ઉત્પન્ન થાય છે, જેના સેવનથી મનુષ્ય તથા પશુ-પક્ષી સૌ પરિપુષ્ટ થાય છે. અનેક **પ્રયોજનો** માટે, અનેક શુભ ઈચ્છાઓની પૂર્તિ માટે, અનેક **વિધાનો** સાથે અનેક **વિશિષ્ટયજ્ઞ** કરી શકાય છે. યજ્ઞથી દેવો તૃપ્ત થાય છે, જેથી એ દેવો આધિ દૈવિક પ્રકોપથી સમગ્ર સૃષ્ટિની રક્ષા કરે છે. વેદ ભગવાન નારાયણની વાણી છે અને એ જ વેદમંત્રોની આહુતિ જ્યારે યજ્ઞકાર્યમાં આપવામાં આવે છે ત્યારે એ આહુતિ સીધી જ વેદનારાયણના મુખમાં જાય છે. જેથી આપણી વૈદિક સનાતની **સંસ્કૃતિ** પુષ્ટ બને છે અને એ ભગવાનની પ્રસન્નતારૂપ **પુષ્ટિ** દ્વારા યજમાનોનું **કલ્યાણ** થાય છે.

પ્રાચીન સમયથી જ ભારતમાં યજ્ઞો ઉપરની **આસ્થા** ચાલી આવી છે. પ્રાચીન ગ્રંથો, કાવ્યો, ઉપનિષદાદિનું **અધ્યયન** કરવાથી એક વાત સમજાય છે કે, આપણા ઋષિમુનિઓએ લોકજીવન માટે એને અતિ આવશ્યક કહ્યા છે. અનંત વર્ષો સુધી યજ્ઞો ચાલતા હતા એને કારણે એ સમયના લોકો લાભાન્વિત થતા હતા. યજ્ઞથી વાયુ અને જળની શુદ્ધિ થાય છે, જેનાથી ઊર્જાની વ્યાપ્તિ થાય છે, એટલે યજ્ઞ પણ દેવપૂજામાં **વિશેષ સ્થાન** ધરાવે છે.

"...'યજનં યજ્ઞઃ' જેના દ્વારા પરમાત્માનું પૂજન થાય એનું નામ યજ્ઞ. ભારતીય વૈદિક પરંપરાનું અતિ મહત્ત્વપૂર્ણ અંગ એટલે યજ્ઞ. સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ સ્વરચિત **શિક્ષાપત્રી**ના ૧૫૫માં શ્લોકમાં પોતાના આશ્રિતજનોને નિરંતર યજ્ઞો કરવાની **આજ્ઞા** કરતા કહે છે કે, "ધનાઢ્ય એવા જે ગૃહસ્થ સત્સંગી તેમણે હિંસાએ રહિત એવા જે વિષ્ણુ સંબંધી યજ્ઞ તે કરવા."...

## અહિંસક યજ્ઞના પ્રવર્તક
# સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ



પ્રત્યેક શુભ કાર્ય, પ્રત્યેક પર્વ-તહેવાર-સંસ્કાર, યજ્ઞ સાથે સંપન્ન થાય છે. યજ્ઞ ભારતીય **સંસ્કૃતિ**નો **પિતા** છે. યજ્ઞ ભારતની એક માન્ય અને પ્રાચીનતમ વૈદિક ઉપાસના છે. યજ્ઞ આયોજનો પાછળ જ્યાં સંસારની લૌકિક સુખ-સમૃદ્ધિને વધારવાની છે ત્યાં દેવશક્તિઓના આહ્વાન-પૂજનનો મંગલમય સમાવેશ છે. યજ્ઞથી તેજસ્વીતા, પ્રખરતા, પરમાર્થ-પરાયણતા અને ઉત્કૃષ્ટતાનું **પ્રશિક્ષણ** મળે છે.

ઘી, સાકર, મેવા, ઔષધિઓ આદિ બહુમૂલ્ય વસ્તુઓ જે પ્રકારે આપણે **પરમાર્થે** હોમ કરીએ છીએ, તેની જેમ જ પોતાની પ્રતિભા, વિદ્યા, બુદ્ધિ, સમૃદ્ધિ, સામર્થ્ય આદિને પણ વિશ્વ માનવના ચરણોમાં **સમર્પિત** કરવી જોઈએ. આ નીતિને અપનાવનાર વ્યક્તિ ન કેવળ સમાજનું, બલ્કે પોતાનું પણ સાચું કલ્યાણ કરે છે. સંસારમાં જેટલા પણ મહાપુરુષો-સત્પુરુષો થયા છે તે દરેકે આ જ **નીતિનું પાલન-પોષણ** કર્યું છે.

યજ્ઞની ઉષ્મા મનુષ્યના અંતઃકરણ પર **દેવત્વની છાપ** પાડતી હોય છે. જ્યાં યજ્ઞ થાય છે, તે ભૂમિ અને પ્રદેશ **સુસંસ્કારોની છાપ** પોતાની અંદર ધારણ કરી લે છે અને ત્યાં જવાવાળા પર **દીર્ઘકાળ** સુધી **પ્રભાવ** પાડતી રહે છે. પ્રાચીનકાળમાં તીર્થ ત્યાં જ બન્યા છે, જ્યાં મોટા મોટા યજ્ઞ થયા હતા. જે ઘરોમાં, જે સ્થાનોમાં યજ્ઞ થાય છે, તે પણ એક પ્રકારે **તીર્થ** બની જાય છે અને ત્યાં જેમનું આગમન રહે છે, તેમની મનોભૂમિ ઉચ્ચ, સુવિકસિત અને સુસંસ્કૃત બને છે. સ્ત્રીઓ, નાના બાળક અને ગર્ભસ્થ બાળક વિશેષ રૂપથી યજ્ઞશક્તિથી **અનુપ્રાણિત** થાય છે.

તેમને સુસંસ્કારી બનાવવા માટે યજ્ઞીય વાતાવરણની સમીપતા ખૂબ **ઉપયોગી** સિદ્ધ થાય છે. યજ્ઞ દ્વારા મનુષ્ય માત્ર સંગાથી મનુષ્યો પ્રત્યે જ નહીં, પરંતુ જીવ-જંતુઓ, પિતૃજન, સાધુ-સંતો તથા પરમાત્મા પ્રત્યે પણ પોતાના **કર્તવ્યનું પાલન** કરે છે. કુબુદ્ધિ, કુવિચાર, દુર્ગુણ અને દુષ્કર્મોથી વિકૃત મનોભૂમિમાં યજ્ઞથી **ભારી સુધાર** થાય છે. આ માટે યજ્ઞકર્મને **પાપનાશક** કહ્યું છે. યજ્ઞના પ્રભાવથી સુસંસ્કૃત થયેલી વિવેકપૂર્ણ **મનોભૂમિ** પ્રતિપળ જીવનના પ્રત્યેક ક્ષણને **અલૌકિક આનંદ**થી ભરી દે છે, આ માટે યજ્ઞ કર્મને પરમાત્મા સુધી પહોંચાડનારું કહેવામાં આવે છે.

યજ્ઞીય ધર્મ પ્રક્રિયાઓમાં ભાગ લેવાથી જીવાત્મા પર ચઢેલા જગત સંબંધી પંચવિષયી મેલ-વિક્ષેપ દૂર થાય છે. ફળસ્વરૂપ તેજીથી પરમાત્માનો પ્રકાશ જાગે છે. યજ્ઞથી આત્માને પરમાત્મા સુધી પહોંચવાનું **લક્ષ્ય** ખૂબ સરળ થઈ જાય છે. આત્માને પરમાત્મા સાથે જોડી દેવાનો, બાંધી દેવાનું કાર્ય **યજ્ઞાગ્નિ** દ્વારા આમ જ થાય છે. યજ્ઞાગ્નિની અવશેષ **ભસ્મ** મસ્તક પર લગાડતા આપણને એ શીખવે છે કે માનવજીવનનો અંત મુઠ્ઠીભર ભસ્મના રૂપમાં શેષ રહી જાય છે. આ માટે પોતાના અંતને ધ્યાનમાં રાખી જીવનના સદુપયોગાર્થે પ્રયત્ન કરવા જોઈએ.

આપણી પ્રાચીન સંસ્કૃતિને કદાચ એક જ શબ્દમાં સમેટી લેવી હોય તો તે શબ્દ **'યજ્ઞ'** હશે. ભગવાનને અપાતી પવિત્ર આહુતિઓ એટલે યજ્ઞ. યજ્ઞ એ મૂળ સંસ્કૃતની યજ ધાતુમાંથી બનેલો શબ્દ છે. જેનો અર્થ દાન, દેવપૂજન તથા આહુતિ થાય છે. યજ્ઞ માત્ર પોતાના એક માટે જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વ માટે તમે કરી શકો છો. યજ્ઞની **પૂજા** એવી છે કે જેને કરવાથી સમગ્ર જગતનું કલ્યાણ થાય છે. આપણા ધાર્મિક ગ્રંથોનું અધ્યયન કરવાથી ખ્યાલ આવે છે કે યજ્ઞનું **પ્રચલન** વૈદિક યુગથી જ ચાલ્યું આવે છે. વૈદિક યુગમાં જ્યારે પણ કોઈ મુસીબતના સમાચાર મળે એટલે ઋષિમુનિઓ પોતાના આશ્રમમાં યજ્ઞ કરતા જેથી આવનાર આપત્તિ ટળી જતી.

લોકો આજે ધર્મનું મહત્ત્વ અને તેની પાછળનું વિજ્ઞાન નથી સમજી શકતા. આજના પ્રત્યક્ષવાદી યુગના માણસો **હવન** (યજ્ઞ)માં ઘી-તલ-જવ વગેરેની આહુતિઓને અગ્નિમાં વ્યર્થ બાળી દેવાની જંગલી પ્રથા જ સમજી રહ્યા છે. પ્રત્યક્ષવાદીઓની આ **ધારણા,** એવી જ ભ્રમપૂર્ણ છે જેવી રીતે ખેડૂત કિંમતી અન્ન કણ ખેતરની માટીમાં નાખી રહ્યો હોય છે તે જોઈને કોઈ કૃષિવિજ્ઞાનથી અપરિચિત વ્યક્તિની ધારણા હોય છે; પ્રત્યક્ષવાદીને ખેડૂતની આ ક્રિયા ભલે મૂર્ખતા-પૂર્ણ લાગતી હોય પણ બુદ્ધિમાન ખેડૂતને **વિશ્વાસ** છે કે ખેતરની માટીમાં વિધિપૂર્વક નાખવામાં આવેલ પ્રત્યેક દાણો સો-હજાર ગણો થઈને પાછો મળશે.

આ જ વાત યજ્ઞના સંબંધમાં સમજવી જોઈએ. જે રીતે માટીમાં મળેલ અનાજનો દાણો સો-હજાર ગણો થાય છે. તેવી જ રીતે અગ્નિમાં નાખેલ પદાર્થ લાખ ગણો થઈ જાય છે. જેથી ઔષધ રૂપે તે મનુષ્ય સહિતના પ્રાણીઓના શરીરમાં સ્નાયુઓ, શ્વસનક્રિયા, પાચનક્રિયા, પ્રજનનક્રિયા, મૂત્રક્રિયા, હાડકાં અને લોહીના પરિભ્રમણાદિ દરેક ઉપર ખૂબજ **સકારાત્મક અસર** ઊભી કરે છે. ખેડૂતનો યજ્ઞ પાર્થિવ છે જ્યારે આપણો યજ્ઞ તૈજસ છે. બંને ખેતી જ છે. એક છે આધિભૌતિક ખેતી તો બીજી છે આધિદૈવિક. એકનું પરિણામ સ્વલ્પકાલીન અનાજના ઢગલાઓથી તૃપ્તિ તો બીજીનું પરિણામ છે અવિનાશી પરમાત્માનાં પ્રસાદ-પ્રસન્નતા દ્વારા અનંતકાલીન તૃપ્તિ.

વેદનું વિજ્ઞાન એ જ યજ્ઞરૂપે **પ્રયોગ** છે. વેદ શુદ્ધ જ્ઞાન છે અને વિજ્ઞાન તેના પ્રયોગો કરીને **સાબિતી** આપે છે. આપણા ઋષિમુનિઓ મહાન વૈજ્ઞાનિકો હતા. તેમણે ક્યારેય વિજ્ઞાનની અવગણના કરી નથી, પરંતુ સમયના વહેણમાં વેદનું **વૈજ્ઞાનિક સ્વરૂપ** ભૂલાઈ ગયું છે, તેથી આધુનિક સમયમાં યજ્ઞ તથા હોમ-હવનને માત્ર ધર્મના ક્રિયાકાંડો ગણીને તેની અવગણના કરવામાં આવે છે. યજ્ઞ કરવાથી વાયુમંડળમાં જે શુદ્ધિ ફેલાય છે અને સમગ્ર પર્યાવરણ પર તેની સકારાત્મક અસર થાય છે તે વાતને આજે આધુનિક **વૈજ્ઞાનિકો** પણ સ્વીકારવા લાગ્યા છે.

યજ્ઞનારાયણની ધૂમ્રસેરોથી આ પેટ્રોલ-ડીઝલ અને કારખાના પ્રદૂષિત હવામાનમાં **શુદ્ધિ** થાય છે. ઘણા ચેપી રોગો નષ્ટ થાય છે અને યજ્ઞથી વરસાદ પણ સમયસર થાય છે. યજ્ઞના ધુમાડાથી આજુબાજુમાં એનર્જી વધે છે અને પર્યાવરણમાં ખૂબજ ફાયદો થાય



છે. આજે આધુનિક વિશ્વને સંસ્કૃતિ તરફ પાછા વળવાની **તાતી જરૂરિયાત** છે. વિજ્ઞાનના ભૌતિક સંશોધનોએ માણસને સુખ-સુવિધા અને આરામના સાધનો પૂરા પાડ્યા છે, પરંતુ આ ભોગવૃત્તિથી તેની શાંતિ હણાઈ ગઈ છે. તેથી વૈદિક યજ્ઞના અનુષ્ઠાનથી અગ્નિ ઉપાસના, સૂર્ય ઉપાસના, ઈષ્ટ ઉપાસના દ્વારા માનવ મનને શાંતિનો અનુભવ કરાવી શકાય છે.

યજ્ઞમાં દ્રવ્યને વિધિસર અગ્નિમાં હોમીને તેને સૂક્ષ્મ રૂપમાં **પરિણત** કરવામાં આવે છે. અગ્નિમાં નાખેલ વસ્તુનો સ્થૂળ અંશ ભસ્મરૂપે પૃથ્વી પર રહી જાય છે. સ્થૂળ-સૂક્ષ્મ ઉભયમિશ્રિત ભાગ ધુમાડો બનીને અંતરીક્ષમાં ફેલાઈ જાય છે. જે અંતે મેઘરૂપે પરિણમે છે અને દ્યુલોકમાં વિરાજમાન દેવગણોને પરિતૃપ્ત કરે છે. 'સ્થૂલ-સૂક્ષ્મવાદ' સિદ્ધાંતાનુસાર પ્રત્યેક અંશ **અબાધ ગતિ**થી પોતાના અંશી સુધી પહોંચીને જ જંપે છે. પાણી ક્યાંય પણ હોય તેનો પ્રવાહ છેવટે પોતાના ઉદ્‌ગમસ્થાન સમુદ્રમાં પહોંચ્યા વિના જંપતો નથી.

આ વિજ્ઞાનનું સૂત્ર સ્વતઃ સાબિત કરે છે કે અગ્નિમાં બાળવામાં આવેલ પદાર્થની સત્તા સમાપ્ત નથી થતી. મનુસ્મૃતિમાં એક મહત્ત્વપૂર્ણ **સૂત્ર** છે : 'अग्नौ प्रास्ताहुतिः सम्यग् आदित्यं उपतिष्ठते ।' - અગ્નિમાં વિધિવત્ નાખવામાં આવેલ આહુતિ સૂર્યમંડળમાં ઉપસ્થિત થાય છે. (મનુસ્મૃતિ : ૩/૭૬)

શ્રીમદ્ ભગવદ્‌ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ સૃષ્ટિ-ચક્ર અને યજ્ઞની બાબતમાં કહે છે : 'अन्नाद्भवन्ति भूतानि पर्जन्यादन्नसम्भवः । यज्ञाद्भवति पर्जन्यो, यज्ञः कर्मसमुद्भवः ।।' - સંસારનાં સર્વ પ્રાણીઓ અન્નથી પેદા થાય છે. અન્નની ઉત્પત્તિ વરસાદથી થાય છે. વરસાદ યજ્ઞથી થાય છે અને યજ્ઞ વિહિત કાર્યોથી ઉત્પન્ન થાય છે. (શ્રીમદ્ ભગવદ્‌ગીતા : ૩/૧૪)

યજ્ઞકુંડમાંથી નીકળતો ધુમાડો વ્યક્તિના શ્વાસોશ્વાસમાં જઈ શરીરને શુદ્ધ કરે છે. આમ, યજ્ઞ ખાલી ધાર્મિક દૃષ્ટિએ જ કરાય છે એવું નથી, તેનું વૈજ્ઞાનિક મહત્ત્વ પણ વિશેષ છે. આજના ભાગદોડભર્યા અને ખૂબજ વ્યસ્ત જીવનમાં મનુષ્ય માનસિક રીતે ખૂબજ અશાંત હોય છે. ત્યારે યજ્ઞ એક એવું માધ્યમ છે જે કરવાથી વ્યક્તિને **માનસિક શાંતિ** પણ પ્રાપ્ત થાય છે. વળી, પુરાણોમાં કહેવાયું છે કે યજ્ઞ દ્વારા આયુષ્ય, આરોગ્ય, તેજસ્વિતા, વિદ્યા, યશ, પરાક્રમ, વંશવૃદ્ધિ, ધનપ્રાપ્તિ અને ઐશ્વર્ય પ્રાપ્ત થાય છે.

આપણા શાસ્ત્ર-ગ્રંથોમાં યજ્ઞનું ખૂબ મહત્ત્વ જણાવાયું છે. પૌરાણિક દૃષ્ટિએ જોઈએ તો આપણો ઈતિહાસ યજ્ઞના અનેક ચમત્કારોથી ભરેલો છે. જન્મથી લઈને મૃત્યુ સુધી આપણને જે **સંસ્કાર** પ્રાપ્ત થાય છે તે બધી જ યજ્ઞની દેણ છે અને વૈજ્ઞાનિકો પણ એ વાત માનવા માંડ્યા છે કે યજ્ઞના ધુમાડાથી વાતાવરણમાં શુદ્ધતા અને હકારાત્મક ઊર્જાનો **સંચાર** થાય છે. શાસ્ત્રોમાં એવું પણ કહેવાયું છે કે યજ્ઞથી વરસાદ સમયસર થાય છે. આદિકાળમાં ઋષિમુનિઓ વરસાદ લાવવા, દાનવોના પ્રકોપ દૂર કરવા યજ્ઞો કરતા હતા. યજુર્વેદમાં કહ્યું છે કે, 'જે યજ્ઞનો ત્યાગ કરે છે, પરમાત્મા એનો પણ ત્યાગ કરે છે.'

> "...યજ્ઞની ઉષ્મા મનુષ્યના અંતઃકરણ પર **દેવત્વની છાપ** પાડતી હોય છે. જ્યાં યજ્ઞ થાય છે, તે ભૂમિ અને પ્રદેશ **સુસંસ્કારોની છાપ** પોતાની અંદર ધારણ કરી લે છે અને ત્યાં જવાવાળા પર **દીર્ઘકાળ** સુધી **પ્રભાવ** પાડતી રહે છે. પ્રાચીનકાળમાં તીર્થ ત્યાં જ બન્યા છે, જ્યાં મોટા મોટા યજ્ઞ થયા હતા. જે ઘરોમાં, જે સ્થાનોમાં યજ્ઞ થાય છે, તે પણ એક પ્રકારે **તીર્થ** બની જાય છે..."

ભારતીય સંસ્કૃતિનું મૂળ ઉદ્‌ગમસ્થાન વેદ છે. કાળચક્રના પ્રભાવને કારણે આજે વેદોનું જ્ઞાન અને એમના આદેશાનુસાર આચરણ, જો કે ઘણું ખરું લુપ્ત થઈ ગયેલ છે તો પણ આપણી વર્તમાન બધી ધાર્મિક અને સામાજિક પ્રથાઓનો વિકાસ **વૈદિક પદ્ધતિઓથી** જ થયો છે અને આજે પણ આપણાં બધા જ ક્રિયાકર્મો વેદના આધારે જ કરવામાં આવે છે.

વૈદિક સાહિત્યમાં **સૌથી વધુ મહત્ત્વ** 'યજ્ઞ'નું છે. જો એમ કહેવામાં આવે કે સમગ્ર વૈદિક સાહિત્ય યજ્ઞથી રંગાયેલું છે અથવા વેદોનો આધાર યજ્ઞ જ છે, તો એમાં અતિશયોક્તિ જેવું કંઈ જ નથી. 'યજ્ઞ' શબ્દની વ્યુત્પત્તિ 'યજ્' ધાતુમાં પ્રત્યય લગાવવાથી થઈ છે. જો કે 'नङ्' પ્રત્યય ભાવબોધક જ હોય છે. છતાં પણ 'अनेकार्थाः धातवः' એ નિયમાનુસાર 'યજ્ઞ' શબ્દ પણ અનેકાર્થક બને છે.

શતપથબ્રાહ્મણમાં યજ્ઞને વિષ્ણુ, કર્મ તથા પુરુષની સંજ્ઞા આપવામાં આવી છે. કેટલાક આચાર્યોએ 'यज देवपूजासङ्गतिकरणदानेषु' આ પાણિનીય સૂત્ર અનુસાર 'યજ્' ધાતુનો દેવપૂજા, સંગતિકરણ અને દાન - આ ત્રણ અર્થોમાં પ્રયોગ કર્યો છે. અર્થાત્ યજ્ઞોમાં દેવપૂજા થાય છે. દેવતુલ્ય ઋષિઓનું સંગતિકરણ થાય છે અને દાન પણ કરવામાં આવે છે.

આપણાથી જે મોટા છે, પૂજ્ય છે, એમનું સન્માન કરવું એ જ **દેવપૂજા** છે. સમાજમાં ન્યાય અને સામ્યભાવની સ્થાપના કરીને બધાને ઐક્ય-સૂત્રમાં બાંધી રાખવા તેને **'સંગતિકરણ'** કહે છે. જેઓ આપણાથી નાના છે, અસમર્થ છે, એમની કોઈપણ પ્રકારે સહાયતા કરવી એને **દાન** કહે છે. આવા નાના-મોટાના ભેદભાવ માત્ર મનુષ્યોમાં જ ન સમજતાં, બલ્કે દુનિયામાં અથવા પારલૌકિક જીવનમાં પણ જે કોઈ પદાર્થ, શક્તિ અથવા ગુણમાં મોટા છે - મહાન છે, તેથી તેઓ પૂજનીય છે. એ જ રીતે જે સરખા છે તે મળવા (સંગતિ)ને યોગ્ય છે અને જે નાનો છે, તે કંઈક મેળવવાનો અધિકારી છે. જેવી રીતે ઉપર્યુક્ત ત્રણ શ્રેણીઓની વ્યક્તિ પૂજા, સંગતિ અને દાન મેળવવાની અધિકારી છે તે રીતે સમસ્ત ચેતન અને જડ જગતમાં સહયોગ ઉત્પન્ન કરીને એકબીજાને લાભ પહોંચાડવો એ જ **યજ્ઞ** છે. આ તત્ત્વને વેદમાં પ્રકટ કરતા કહે છે : 'अयं यज्ञो विश्वस्य भुवनस्य नाभिः' - "આ યજ્ઞ સંપૂર્ણ બ્રહ્માંડની નાભિ છે." વૈદિક સાહિત્યમાં યજ્ઞના **અનેક અર્થો** આપવામાં આવ્યા છે,

# સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ



જેમાં - ૧. પરમાત્મા યજ્ઞ છે. ૨. આ સંસાર યજ્ઞ છે. ૩. સંગઠિત મનુષ્ય સમુદાય યજ્ઞ છે. ૪. મનુષ્યજીવન યજ્ઞ છે. ૫. મનુષ્યનું પ્રત્યેક શ્રેષ્ઠ કર્તવ્ય પણ યજ્ઞ છે.

વેદોના **'પુરુષસૂક્ત'**માં પરમાત્માને વારંવાર **'યજ્ઞ'** નામથી જ સંબોધિત કરવામાં આવ્યા છે. એનો અર્થ એ જ છે કે પરમાત્માએ જ આ વિશ્વની રચના યોગ્ય રીતે કરી છે. જેથી તેનું સંચાલન કોઈપણ પ્રકારની અનિયમિતતા વગર થઈ રહ્યું છે. બીજું, આ સંસાર યજ્ઞ છે. એનાં બધા કાર્યો અડગ નિયમો દ્વારા એવી રીતે થઈ રહ્યાં છે કે બધી વસ્તુઓ યોગ્ય જગ્યાએ ઠીક-ઠીક સંબંધ રાખીને સ્થિર રહેલી છે. જેવી રીતે દુનિયા એક મોટો યજ્ઞ છે એવી જ રીતે મનુષ્યજીવન પણ પોતાની રીતે એક યજ્ઞ છે. આનો **ઉદ્દેશ્ય** એજ છે કે મનુષ્ય પોતાની અંદર અને બહારની બધી વસ્તુઓમાં મેળ મેળવતો રહે અને સંસાર સાથે પણ યોગ્ય સંબંધ સ્થિર રાખે.

વેદ પ્રતિપાદિત ધર્મના **ત્રણ આધારસ્થંભો** છે : ૧.યજ્ઞ ૨. અધ્યયન અને ૩. દાન. જે વ્યક્તિ બુદ્ધિપૂર્વક આ ત્રણે કાર્ય કરે છે તે વેદ નિર્દિષ્ટ ધર્મપાલન કરે છે. પ્રકૃતિ અથવા બીજાઓના સ્વભાવને અનુકૂળ રહેવું, બધા પ્રત્યે પૂજ્યભાવ રાખવો અને બીજાઓના કલ્યાણ માટે સ્વાર્થનો ત્યાગ કરવો તથા દાન કરવું તે 'યજ્ઞ' છે. માનવજીવન જ યજ્ઞ છે. ઉપરાંત કર્મ વિશેષમાં દેવતા, હવનીય દ્રવ્ય, વેદમંત્ર, ઋત્વિજ તથા દક્ષિણા - આ પાંચેનો સંયોગ હોય તેને 'યજ્ઞ' કહે છે.

હિન્દુઓનો પ્રાચીન ધર્મગ્રંથ વેદ છે. વેદોમાં કર્મકાંડ, ઉપાસનાકાંડ તથા જ્ઞાનકાંડ - આ **ત્રણે વિષયો**નું મુખ્યતઃ વર્ણન પ્રાપ્ત થાય છે. પરંતુ આ ત્રણેયમાં પ્રધાન સ્થાન 'કર્મકાંડ'ને જ પ્રાપ્ત થયું છે. આથી વેદોમાં યજ્ઞ-યાગાદિ વિવિધ ક્રિયા કલાપનું વિશેષરૂપે **વર્ણન** મળે છે. આથી યજ્ઞ જ વેદોનો મુખ્ય વિષય છે. અને તેથી જ યજ્ઞોમાં વેદમંત્રોનો **પ્રયોગ** કરવામાં આવે છે. વેદમંત્રો વિના યજ્ઞ થઈ શકે નહીં અને યજ્ઞ વિના વેદમંત્રોનો યોગ્ય રીતે **સદુપયોગ** થઈ શકે નહીં. આથી સ્પષ્ટ છે કે વેદ છે તો યજ્ઞ છે, અને યજ્ઞ છે તો વેદ છે.

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં યજ્ઞને માનવનો **સહજાત** કહેવામાં આવ્યો છે. ઉક્ત કથન પરથી સ્પષ્ટ થાય છે કે યજ્ઞ એક આદિકાલીન વ્યવસ્થા છે, જેનું માનવના કલ્યાણાર્થે સર્જન કરવામાં આવ્યું હતું. શ્રીમદ્ ભગવદ્ ગીતા કહે છે કે, સમસ્ત પ્રાણી અન્ન વડે ઉત્પન્ન થાય છે અને અન્નની ઉત્પત્તિ વર્ષાથી થાય છે; વર્ષા યજ્ઞ વડે થાય છે અને યજ્ઞ કર્મ દ્વારા થાય છે. મનુસ્મૃતિ કહે છે કે - અગ્નિમાં વિધિપૂર્વક અપાયેલી આહુતિ સૂર્યદેવને પ્રાપ્ત થાય છે. ત્યારબાદ તેનાથી વૃષ્ટિ થાય છે. વૃષ્ટિથી અન્ન થાય છે અને અન્ન વડે પ્રજાઓની ઉત્પત્તિ થાય છે.

વેદ, પુરાણો, સ્મૃતિગ્રંથો તથા વિભિન્ન શાસ્ત્રોમાં **યજ્ઞ મહિમા**ની મુક્ત કંઠે **પ્રશંસા** કરવામાં આવી છે. અથર્વવેદમાં યજ્ઞને સમસ્ત બ્રહ્માંડને બાંધનાર નાભિ-સ્થળ કહેવામાં આવ્યો છે. યજ્ઞવિહીન મનુષ્યને તેજહીન કહી નિંદિત કરવામાં આવ્યો છે. ભાગવતપુરાણમાં પણ યજ્ઞની મહત્તાને સ્વીકારવામાં આવી છે. વિષ્ણુપુરાણમાં યજ્ઞને કલ્યાણકારી માન્યો છે. અગ્નિપુરાણ તથા મત્સ્યપુરાણ એકી અવાજે યજ્ઞને પરમાત્માની પ્રાપ્તિનું સાધન માનતાં તેની મહત્તાને દ્વિગુણિત કરી દે છે. પદ્મપુરાણમાં પણ યજ્ઞ દ્વારા દેવો તથા માનવોની **વૃદ્ધિ**નો **ઉલ્લેખ** કરવામાં આવ્યો છે. મનુસ્મૃતિ તથા ભગવદ્ ગીતામાં પણ યજ્ઞ મહિમાના **ગુણગાન** ગવાયાં છે. આશ્વલાયન ગૃહ્યસૂત્રમાં યજ્ઞને સંતાન, પશુ, બ્રહ્મતેજ તથા અન્નની વૃદ્ધિ કરનાર ગણાવાયો છે.

મહાભારતના **આશ્વમેધિકપર્વ**માં યજ્ઞની **મહત્તા** દર્શાવતા કહેવામાં આવ્યું છે કે, યજ્ઞ કરવાથી મનુષ્ય પોતાના સર્વ પાપકર્મથી મુક્ત થાય છે અને પવિત્ર થાય છે. વ્યાસમુનિએ પણ યુધિષ્ઠિરને રાજસૂય, અશ્વમેધ, સર્વમેધ, નરમેધ વગેરે યજ્ઞો કરી તેણે કરેલાં પાપકર્મથી મુક્તિ મેળવવાની **સલાહ** આપી હતી.

મત્સ્યપુરાણમાં યજ્ઞ દ્વારા પ્રાપ્ત ફળોનો **ઉલ્લેખ** કરતાં કહેવાયું છે કે, "પુત્રની અપેક્ષાવાળાને પુત્ર, ધનની ઈચ્છાવાળાને ધન અને નિષ્કામભાવથી યજ્ઞ કરનારને પરબ્રહ્મ પરમાત્માની પ્રાપ્તિ થાય છે." (૯૩/૧૧૭-૧૧૯)

વેદોમાં જણાવ્યા મુજબ યજ્ઞ ફળ ત્રણ પ્રકારના છે : ૧. આત્મશુદ્ધિ, ૨. વાતાવરણ શુદ્ધિ, રોગનાશ અને ૩. આયુષ્ય, પ્રાણ અને પ્રજાની રક્ષા.

આશ્વમેધિકપર્વમાં પણ **નિષ્કામ યજ્ઞો** કરવાની સલાહ આપતા ભગવાન **શ્રીકૃષ્ણ** યુધિષ્ઠિરને કહે છે કે, તમે નિષ્કામ થઈ વિધિપૂર્વક દક્ષિણાયુક્ત વાજિમેધ તથા બીજા અનેક પ્રકારના પર્યાપ્ત દક્ષિણાવાળાં સમૃદ્ધિશાળી યજ્ઞોનું અનુષ્ઠાન કરો. તે યજ્ઞો તથા દેવતાઓની પૂજા કરવાથી તમે આ લોકમાં કીર્તિ પામી પરલોકમાં ઉત્તમ ગતિ લાભ કરી શકશો.



"...આશ્વમેધિકપર્વમાં પણ **નિષ્કામ યજ્ઞો** કરવાની સલાહ આપતા ભગવાન **શ્રીકૃષ્ણ** યુધિષ્ઠિરને કહે છે કે, તમે નિષ્કામ થઈ વિધિપૂર્વક દક્ષિણાયુક્ત વાજિમેધ તથા બીજા અનેક પ્રકારના પર્યાપ્ત દક્ષિણાવાળાં સમૃદ્ધિશાળી યજ્ઞોનું અનુષ્ઠાન કરો. તે યજ્ઞો તથા દેવતાઓની પૂજા કરવાથી તમે આ લોકમાં કીર્તિ પામી પરલોકમાં ઉત્તમ ગતિ લાભ કરી શકશો...."

યજ્ઞના **બે ભેદ** છે. ૧. યજ્ઞ અને ૨. મહાયજ્ઞ. જે પોતાના ઐહિક તથા પારલૌકિક કલ્યાણ માટે પુત્રેષ્ટિયાગ અને વિષ્ણુયાગાદિ કરે છે, તેને **'યજ્ઞ'** કહે છે. અને જે વિશ્વકલ્યાણાર્થે પંચમહાયજ્ઞ આદિ કરે છે તેને **'મહાયજ્ઞ'** કહે છે. યજ્ઞ અને મહાયજ્ઞના સ્વરૂપ તથા તેની વિશેષતાઓનું વર્ણન મહર્ષિ ભારદ્વાજે કર્યું છે.

કુશળતાપૂર્વક જે અનુષ્ઠાન કરવામાં આવે છે તેને **યજ્ઞ** કહે છે. ત્યારબાદ સમષ્ટિ સંબંધી હોવાથી તેને 'મહાયજ્ઞ' કહે છે. મહર્ષિ અંગિરા પણ કહે છે કે વ્યષ્ટિ અને સમષ્ટિ સંબંધી યજ્ઞ **'મહાયજ્ઞ'** કહેવાય છે. યજ્ઞફળ આત્મોન્નતિ



તથા આત્મકલ્યાણકારક છે. આથી તેમાં સ્વાર્થની પ્રધાનતા રહેલી છે. જ્યારે મહાયજ્ઞોનું ફળ **'જગત કલ્યાણ'** છે. તેનો સંબંધ સમષ્ટિ સાથે છે, તેથી તેમાં નિઃસ્વાર્થતાની **પ્રધાનતા** આવી જાય છે.

મુખ્યત્વે યજ્ઞ **બે પ્રકાર**ના છે : ૧. શ્રૌત અને ૨. સ્માર્ત. શ્રુતિ પ્રતિપાદિત યજ્ઞોને 'શ્રૌતયજ્ઞ' અને સ્મૃતિ પ્રતિપાદિત યજ્ઞોને 'સ્માર્તયજ્ઞો' કહે છે. શ્રૌતયજ્ઞોમાં કેવળ શ્રુતિ પ્રતિપાદિત મંત્રોનો પ્રયોગ હોય છે અને સ્માર્તયજ્ઞમાં વૈદિક, પૌરાણિક વગેરે મંત્રોનો પ્રયોગ થાય છે. વેદોમાં અનેક પ્રકારના યજ્ઞોનું વર્ણન પ્રાપ્ત થાય છે.

ગૌતમ સૂત્રકારે પાકયજ્ઞ, હવિર્યજ્ઞ અને સોમયજ્ઞ ભેદથી **ત્રણ પ્રકારના** યજ્ઞોનો **ભેદ** દર્શાવી પ્રત્યેકના સાત-સાત ભેદ બતાવી ૨૧ પ્રકારના યજ્ઞોનો ઉલ્લેખ કર્યો છે. તેમાં સાત સ્માર્ત પાકયજ્ઞ સંસ્થાઓનો ઉલ્લેખ ગૃહ્યસૂત્રોમાં અને ધર્મસૂત્રોમાં મળે છે. અગ્નિહોત્રથી માંડી સોમ સંસ્થાન્ત ચૌદ યજ્ઞોનો ઉલ્લેખ કાત્યાયનાદિ શ્રૌતસૂત્રોમાં મળે છે.

ઉપર્યુક્ત ચૌદ વૈદિક યજ્ઞ તથા સાત પાકયજ્ઞ સિવાય ગૃહ્યસૂત્રો અને ધર્મસૂત્રોમાં પંચમહાયજ્ઞોનો **ઉલ્લેખ** પણ મળે છે કે જે નિત્ય કર્મ અને આવશ્યક અનુષ્ઠેય મનાય છે.

ઉપરોક્ત બધા પ્રકારના યજ્ઞ સાત્ત્વિક, રાજસિક અને તામસિક ભેદ વડે ત્રણ પ્રકારના કહેવાયા છે. જે યજ્ઞ નિષ્કામભાવે કરવામાં આવે તેને **'સાત્ત્વિક યજ્ઞ'** કહે છે. જે યજ્ઞ સકામ અર્થાત્ કોઈ ફળ વિશેષની અપેક્ષા વડે કરવામાં આવે તેને 'રાજસિક યજ્ઞ' કહે છે. અને જે યજ્ઞ શાસ્ત્રોથી વિરુદ્ધ કરવામાં આવે છે તેને 'તામસિક યજ્ઞ' કહે છે. આમાં સાત્ત્વિક યજ્ઞનું અનુષ્ઠાન **સર્વોત્તમ** ગણાય છે. આથી યજ્ઞનો મુખ્ય **ઉદ્દેશ** સાત્ત્વિકતાનો હોવો જોઈએ. શાસ્ત્રોમાં આવા યજ્ઞોથી **મહાફળ** મળે છે તેમ કહ્યું છે.

## શ્રૌતયજ્ઞો

### અશ્વમેધ :

વૈદિક સાહિત્યમાં અનેક પ્રકારના યજ્ઞો, તેના પ્રકાર, પ્રમાણબદ્ધ ક્રિયાઓ અને વિધિવિધાનો વર્ણવેલા છે. આધિદૈવિક, આધિભૌતિક અને આધ્યાત્મિક ત્રિવિધ તાપોને દૂર કરવા તેમજ ઐહિક અને પારલૌકિક સુખ પ્રાપ્ત કરવા ધર્મશાસ્ત્રકારોએ ત્રણ **મુખ્ય માર્ગો** બતાવ્યા છે :- ૧. કર્મકાંડ, ૨. ઉપાસનાકાંડ અને ૩. જ્ઞાનકાંડ. કર્મકાંડની ક્રિયાઓના **બે વિભાગો** છે. એક શ્રૌત અને બીજો સ્માર્ત. હાલમાં સ્માર્તયજ્ઞો જ મુખ્યતઃ જોવામાં આવે છે, પણ પ્રાચીનકાળમાં શ્રૌતયજ્ઞોનું જ પ્રાધાન્ય હતું. શ્રૌતયજ્ઞોમાં અગ્ન્યાધાનથી આરંભી સાત હવિર્યજ્ઞો, સાત સોમ સંસ્થાના યાગો અને અહીન, સૌત્રામણિ, રાજસૂય, અશ્વમેધ, અગ્નિચયન, પુરુષમેધ વગેરે મહાયાગો કરવામાં આવતા હતા. હવિર્યાગો તેમજ સોમ સંસ્થાના યજ્ઞો અને બીજા બધા યાગો આહિતાગ્નિ - અગ્નિહોત્રી બ્રાહ્મણો કરી શકતા. પરંતુ રાજસૂય અને અશ્વમેધ જેવા મહાયાગો રાજા-મહારાજાઓને જ કરવાનો અધિકાર શાસ્ત્રકારોએ કહ્યો છે.

એક યુગ એવો હતો કે જ્યારે ભારતમાં સાર્વભૌમત્વ સંપાદન કરવા, રાજા-મહારાજાઓને **અશ્વમેધ** કરવાની ખાસ ફરજ પડતી. તેના સિવાય ચક્રવર્તીત્વ પ્રાપ્ત થઈ શકતું ન હતું. આ માટે તે રાજાને મોટા યુદ્ધો બીજા બધા રાજાઓ સાથે કરી તેઓના ઉપર વિજય પ્રાપ્ત કરવો પડતો. અશ્વમેધયાગનો મુખ્ય અશ્વ સારાયે ભારતવર્ષમાં ફરી વચ્ચે આવતા દરેક રાજ્યના રાજા પાસેથી **વિજયપત્ર** મેળવી પાછો આવતો, ત્યારે તે રાજેન્દ્ર સાર્વભૌમત્વ પ્રાપ્ત કરવા, વૈદિક વિધિ પ્રમાણે અશ્વમેધ યાગ કરી ચક્રવર્તીની પદવી મેળવતો. આ ઘોડાની પાછળ મોટું સૈન્ય અને સેનાપતિઓ ઘોડાની રક્ષા કરવા ફરતાં. જે રાજા ઘોડાને બાંધતો તેની સામે તેના રક્ષક રાજાઓ તથા સૈન્ય યુદ્ધ કરી, તેના ઉપર વિજય મેળવી ઘોડાને મુક્ત કરતાં.

મહાભારતના અશ્વમેધપર્વમાંથી પાંડવોએ કરેલ અશ્વમેધનું વર્ણન મળી આવે છે, જેમાં ઘોડાની પાછળ અર્જુન તેમજ વીર યોદ્ધાઓ ગયા હતા. અને અનેક યુદ્ધો કરી સારાયે ભારતવર્ષમાં વિજય મેળવી ઘોડાને લઈ તે બધા પાછા આવ્યા બાદ **અશ્વમેધ યાગ** કરવામાં આવ્યો હતો.

રામાયણના બાલકાંડમાં દશરથે પુત્ર પ્રાપ્તિ માટે કરેલ અશ્વમેધયાગનું વર્ણન આવે છે, તેમાં તેમણે ત્રણ અશ્વમેધયાગો કર્યા હોવાનું જણાવેલ છે. પુરાણોમાંથી સગર, દશરથ, યુધિષ્ઠિર, ભગવાન શ્રીરામચંદ્ર, ભરત વગેરેએ કરેલ અશ્વમેધયજ્ઞોના **ઉલ્લેખ** મળે છે. તેમાં ભરતના યજ્ઞની વિશિષ્ટતા સર્વશ્રેષ્ઠ હોવાનું ઐતરેયબ્રાહ્મણમાંથી જણાય છે. ત્યારપછી પરીક્ષિતના પુત્ર જનમેજયે ચાર અશ્વમેધયાગો કર્યા હતા, જેનું વર્ણન યાજ્ઞવલ્ક્યે પોતાના શિષ્યો આગળ કરેલું. રાજકીય મુખ્ય હેતુ સિવાય દરેક રાજાએ મનોરથો પૂર્ણ કરવા, સર્વ ઉપર વિજય મેળવવા અને સર્વ રીતે અભ્યુદય સાધવા, અશ્વમેધયાગ અવશ્ય કરવો જોઈએ એમ શ્રૌતસૂત્રો અને બ્રાહ્મણગ્રંથોમાંથી જાણવા મળે છે. આ બધા ઉદ્દેશોને અનુલક્ષી વૈદિકયુગમાં, ક્ષત્રિય રાજા-મહારાજાઓ ખાસ કરીને અશ્વમેધ યજ્ઞો કરતા હતા. જેની નોંધ બ્રાહ્મણગ્રંથો અને પુરાણોમાંથી મળી આવે છે. આ પરંપરા સતત ચાલુ રહેતા, છેક ઈસ્વીસનના અઢારમાં સૈકા સુધી ભારતના વિવિધ રાજ્યોમાં સેંકડો અશ્વમેધયાગો થયા હોવાનું ઐતિહાસિક ગ્રંથો, શિલાલેખો, પ્રશસ્તિઓ અને અન્ય પ્રાચીન અવશેષો દ્વારા જાણવા મળે છે.

### રાજસૂયયજ્ઞ :

રાજસૂયયજ્ઞ રાજ્યાભિષેકનું **અનિવાર્ય કર્મ** હતું. અને રાજા જ આ યજ્ઞ કરી શકતા હતા. પૃથુવૈન્ય પૃથ્વી પર સર્વપ્રથમ રાજા હતા. જેમનો વિધિ પ્રમાણે અભિષેક થયો તથા તેમણે રાજસૂયયજ્ઞ કર્યો. પૃથુથી યુધિષ્ઠિર સુધી અનેક સાર્વભૌમ સમ્રાટોએ આ યજ્ઞ કર્યો અને મોટેભાગે યજ્ઞના અંતે કોઈ મહાયુદ્ધ થયું. ઐતરેયબ્રાહ્મણમાં જે રાજાઓનો ઐન્દ્ર મહાભિષેક થયો તેમાંના મોટે ભાગે બધાએ



અશ્વમેધયજ્ઞ કર્યો. શરૂઆતમાં આ બંને યજ્ઞો સમાન હતા, પરંતુ પછીના સમયમાં તેમાં ઘણો **ભેદ** સ્પષ્ટ થયો.

ફાગણ માસના શુક્લ પક્ષની એકમથી રાજસૂયનો પ્રારંભ થતો હતો. અને તે એકવીસ મહિના સુધી ચાલતો હતો. પ્રચુરહવિર્હોમ કરતાં તે ત્રેવીસ મહિનામાં પૂર્ણ થતો હતો. આમ આ યજ્ઞની અવધિ લગભગ બે વર્ષની છે. એટલે કે તેમની ધાર્મિક ક્રિયાઓ ખૂબજ લાંબા ગાળાની હોય છે. શ્રૌતસૂત્રો પ્રમાણે આ યજ્ઞમાં સાત વિશેષ સોમયજ્ઞોનું સંયોજન થાય છે. જેમાં સંપૂર્ણ વિધિઓનું વિવરણ શતપથમાં મળે છે. આ **સાત યજ્ઞો** આ પ્રમાણે છે : ૧. પવિત્ર અગ્નિષ્ટોમ ૨. અભિષેચનીય ઉકથ્ય ૩. દશપેય અગ્નિષ્ટોમ ૪. કેશવપનીય અતિરાત્ર ૫. વ્યુષ્ટિદ્વિરાત્ર ૬. અગ્નિષ્ટોમ અને અતિરાત્ર ૭. ક્ષેત્રધૃતિ અગ્નિષ્ટોમ.

મહાભારતના આશ્વમેધિકપર્વમાં વ્યાસમુનિ યુધિષ્ઠિરને તેણે કરેલા પાપકર્મથી મુક્તિ મેળવવાં યજ્ઞો કરવાનું કહે છે, જેમાં રાજસૂયયજ્ઞનો પણ ઉલ્લેખ જોવા મળે છે.

- **સર્વમેધ યજ્ઞ :**

સર્વમેધયજ્ઞ **'દશરાત્ર'** યજ્ઞ છે. અર્થાત્ દસ સવન દિવસોવાળા યજ્ઞ છે. દસ દિવસોમાં ક્રમશઃ અગ્નિષ્ટોમ, ઈન્દ્રસ્તુત-ઉકથ્ય, સૂર્યસ્તુત-ઉકથ્ય, વૈશ્વદેવ, આશ્વમેધિક, પૌરુષમેધિક, આપ્તોર્યામ, ત્રિનવ, ત્રયસ્ત્રિંશ તથા સર્વપુષ્ટઅતિરાત્ર યાગોનું અનુષ્ઠાન થાય છે. પ્રસ્તુત યજ્ઞનો સંબંધ ઋગ્વેદના પુરુષસૂક્તમાં વર્ણિત આત્માહુતિથી છે. સ્વયંભૂ બ્રહ્માએ તપસ્યા કરી. અને તેમણે વિચાર્યું કે, 'તપ તો અનંત છે. તેથી હું ભૂતોમાં મારી પોતાની તેમજ મારામાં ભૂતોની આહુતિ આપીશ.' આ રીતે તેમણે સર્વમેધ દ્વારા શ્રેષ્ઠત્વ, સ્વરાજ્ય તેમજ આધિપત્યને પ્રાપ્ત કર્યું. આ યજ્ઞ દ્વારા રાજાઓ બુદ્ધની જેમ રાજકીય જીવનનો ત્યાગ કરી, તાપસજીવન ગ્રહણ કરતા હતા.

## સ્માર્ત યજ્ઞો

- **પંચ મહાયજ્ઞ :**

ગૃહસ્થોનું મહત્ત્વપૂર્ણ કાર્ય પંચ મહાયજ્ઞોનું વિધિપૂર્વક યજન કરવું તે છે. આ તથ્યને મનુસ્મૃતિ આદિ ધર્મગ્રંથો મતૈક્યથી સ્વીકારે છે. પંચમહાયજ્ઞો પર મહાભારતના આશ્વમેધિક પર્વમાં વિસ્તૃત વ્યાખ્યા પ્રાપ્ત થતી નથી, છતાં પણ અન્યાન્ય ગ્રંથોના આધારે તેનું વિવેચન કર્યું છે.

મનુસ્મૃતિમાં પંચયજ્ઞોનો ઉદ્દેશ નિત્ય થનારાં પાપોની શુદ્ધિ છે. આથી આ હિંસાજનિત પાપથી મુક્ત થવા માટે ગૃહસ્થે નિત્યપ્રતિ પંચયજ્ઞોને સંપન્ન કરવો જોઈએ. શાંતિપર્વમાં કહ્યું છે કે, જે કોઈ ગૃહસ્થાશ્રમી મોહવશ પંચમહાયજ્ઞોનું અનુષ્ઠાન નથી કરતો તે ધર્માનુસાર આલોક તથા પરલોકમાં સમૃદ્ધિ પ્રાપ્ત કરી શકતો નથી.

**૧. બ્રહ્મયજ્ઞ :** ઋષિ જ સર્વ પ્રકારે જ્ઞાન-વિજ્ઞાનના પ્રચારક હોય છે. તે જ સત્યદૃષ્ટા હોય છે. ગુરુરૂપે તે જ વિદ્યાના પ્રદાતા છે. આથી પ્રત્યેક વ્યક્તિનું કર્તવ્ય છે કે એ આ ઋષિઓ પાસેથી પ્રાપ્ત જ્ઞાનને અન્યત્ર વિતરણ કરવાનો પ્રયાસ કરે. જે જ્ઞાન વ્યક્તિ પોતાના ગુરુ પાસેથી પ્રાપ્ત કરે તેને પોતાના પુત્રો-અનુયાયીઓને અવશ્ય પ્રદાન કરે. અર્થાત્ જે બ્રહ્મજ્ઞાન તેને પ્રાપ્ત છે તેને પ્રસારિત કરે આ 'બ્રહ્મયજ્ઞ' છે. મનુસ્મતિમાં અધ્યાપનકાર્યને બ્રહ્મયજ્ઞ કહ્યો છે. મહાભારતના શાંતિપર્વમાં બ્રાહ્મણોના છ કર્મો દર્શાવ્યા છે તેમાં વેદાધ્યનનો પણ ઉલ્લેખ આવે છે. આ બ્રાહ્મણો અધ્યાપન દ્વારા જ પોતાની આજીવિકા ચલાવતા હતા. આ અધ્યાપન કાર્ય જ 'બ્રહ્મયજ્ઞ' છે.

મહાભારતના આશ્વમેધિકપર્વમાં ગૌતમ ઋષિના આશ્રમમાં રહી સહસ્રો શિષ્યો અધ્યાપન કાર્ય કરતા હોવાનો ઉલ્લેખ જોવા મળે છે.

**૨. દેવયજ્ઞ :** પરમેશ્વરની ઈચ્છાથી તેમની શક્તિઓ (સૂર્ય, ચંદ્ર, જળ, અગ્નિ, ઈન્દ્ર, વરુણ આદિ) વિભિન્ન રૂપમાં જગતનું કલ્યાણ કરી રહી છે. તે શક્તિના અધિષ્ઠાતા દેવને હોમ દ્વારા પ્રસન્ન કરવા તે 'દેવયજ્ઞ' છે.

ભગવદ્ ગીતામાં પણ સ્પષ્ટ કહ્યું છે કે, પ્રજાપતિ બ્રહ્માએ કલ્પનાં આરંભમાં યજ્ઞ સહિત પ્રજાની રચના કરી કહ્યું છે કે, આ યજ્ઞ દ્વારા તમે વૃદ્ધિને પ્રાપ્ત કરો અને આ યજ્ઞ તમને ઈચ્છિત કામનાઓનો આપનારો બને.

આ પ્રસંગમાં આગળ દેવતાઓ તથા મનુષ્યોને પરસ્પર અન્યોન્યાશ્રયી સિદ્ધ કરવામાં આવ્યા છે. યજ્ઞ દ્વારા દેવતા પુષ્ટ થાય છે. પુષ્ટ થયેલ દેવ મનુષ્યોની વૃદ્ધિ કરે છે. યજ્ઞ (દેવ) અનર્પિત અન્નને ખાનાર ચોર ગણાયો છે. આથી સિદ્ધ થાય છે કે પરબ્રહ્મ પરમાત્માના શક્તિરૂપી દેવોને હોમ દ્વારા પરિતુષ્ટ કરવા તે દેવયજ્ઞ છે.

**૩. ભૂતયજ્ઞ :** સંસારમાં એવા અનેક જીવો છે જે માનવાશ્રિત જ છે. કીટ, પક્ષી, પશુ આદિ બધાં માનવ પાસે જીવિકાની અપેક્ષા રાખે છે. આથી ઉક્ત જીવોને ભોજન આપવું તે પણ ગૃહસ્થાશ્રમીનું કર્તવ્ય છે. પોતાના ભોજનમાંથી પ્રતિદિન અમુક ભાગમાત્ર સર્વપ્રથમ તે માનવાશ્રિત જીવોના ઉદ્દેશ્યથી શ્રદ્ધાસહિત અર્પણ કરવો તે જ 'ભૂતયજ્ઞ' છે.

મહાભારતના શાંતિપર્વમાં કહ્યું છે કે, સર્વ જીવ-જંતુ-પ્રાણીઓ ગૃહસ્થાશ્રમીઓના આધારે જીવિત છે. આથી સર્વે ગૃહસ્થાશ્રમીઓએ આ 'ભૂતયજ્ઞ' કરવો જોઈએ.

**૪. મનુષ્યયજ્ઞ :** અતિથિ સેવાને 'નૃયજ્ઞ' કે 'મનુષ્યયજ્ઞ'ને નામે ઓળખવામાં આવે છે. 'અતિથિ' શબ્દનો અર્થ છે જે વ્યક્તિ માત્ર એક રાત્રિ માટે બીજાના ઘરે આશ્રય લે. બીજી તિથિએ (બીજા દિવસે) રોકાય નહીં તે 'અતિથિ' કહેવાય છે. પ્રત્યેક મનુષ્યનું કર્તવ્ય છે કે, તે પોતાના ઘરે આવેલા અતિથિની સેવા યથાશક્તિ કરે.

**૫. પિતૃયજ્ઞ :** પિતૃઓની તૃપ્તિના ઉદ્દેશ્યથી પ્રતિપાદિત આ શાસ્ત્રીય વિધિનું પાલન કરવું આપણું અનિવાર્ય કાર્ય છે. વર્ણાશ્રમધર્મ



પણ એમ જ કહે છે કે, શ્રાદ્ધ-તર્પણ-બ્રહ્મભોજન આદિ અનુષ્ઠાનો દ્વારા પિતૃગણ તો તૃપ્ત થાય જ છે; સાથે સાથે અનુષ્ઠાતાને પણ આત્મતૃપ્તિનો લાભ મળે છે. પિતૃઓને તર્પણ કરવું તે જ 'પિતૃયજ્ઞ' કહેવાય છે.

મહાભારતના શાંતિપર્વમાં કહ્યું છે કે, શ્રાદ્ધક્રિયા વડે પિતૃઓને પ્રસન્ન કરવા જોઈએ. અન્ય એક નિર્દેશ મુજબ મનુષ્ય જન્મની સાથે જ દેવ, પિતૃ અને મહાપુરુષોના ઋણથી બંધાયેલો હોય છે. ગૃહસ્થાશ્રમમાં રહીને આ ત્રણે ઋણ ચૂકવ્યા વિના મનુષ્યને મોક્ષ પ્રાપ્ત થતો નથી. આમ યજ્ઞનો હેતુ ઋણમાંથી મુક્ત થવાનો છે.

મહાભારતના આશ્વમેધિકપર્વમાં ધૃતરાષ્ટ્ર, યુધિષ્ઠિર અને અન્ય પાંડવોએ ભીષ્મ, કર્ણ, કૌરવો અને અન્ય વડીલોની તર્પણ વિધિ કરી હોવાના નિર્દેશો પ્રાપ્ત થાય છે.

મહાભારતના આશ્વમેધિકપર્વમાં કહ્યું છે કે, મનુષ્યે પંચયજ્ઞો દ્વારા દેવતાઓની અર્ચના કરવી જોઈએ. દેવતા અને અતિથિને ભોજન કરાવ્યા બાદ અવશિષ્ટ ભોજન સ્વયં કરે. યથાશક્તિ યથાવિધિ યજ્ઞ તથા દાનકર્મમાં નિયુક્ત થાય. આમ અહીં દેવયજ્ઞ અને મનુષ્યયજ્ઞ કરવા ઉપર ભાર મૂક્યો છે.



"...'અન્યની સેવા કરવી એ જ જીવનનું **સૌથી મોટું સુખ** છે, માટે વહેંચીને ભોગવો.' આ ભાવના યજ્ઞોથી જાગે છે. પોતાથી મોટા-સમકક્ષ અને નાના દરેક સાથે વિવેકી વર્તન રાખતાં શીખાય છે. માણસ વિશ્વથી જુદો નથી, તે વિશ્વમાળાના મણકા જેવો છે. માટે તેનું **જીવન** સમર્પિત અને સેવામય હોવું જોઈએ. કર્તવ્યમય હોવું જોઈએ. આ **પ્રેરણા** મળવી તે યજ્ઞભાવનાનો **સૌથી મોટો લાભ** છે..."

માનવ ઉપરોક્ત પાંચનો ઋણી છે. તે ઋણ ફેડવા આ યજ્ઞો કરવા જોઈએ. શ્રીમદ્ ભગવદ્ ગીતામાં **ભગવાન શ્રીકૃષ્ણ** કહે છે : 'આ યજ્ઞ વડે તમે સંવૃદ્ધિ પામો.' દેવોએ આપેલા ભોગ એકલપેટા થઈને ન ભોગવો. દેવોએ દીધેલી વસ્તુઓ તેમને ધરાવ્યા વિના ભોગવે છે તેને 'ચોર' કહ્યો છે. મનુસ્મૃતિમાં કહ્યું છે કે, 'જે કેવળ પોતા માટે જ રાંધે છે, તેઓ પાપ જ રાંધે છે તેમ માનવું.' માટે પંચમહાયજ્ઞો નિત્ય કરવા જોઈએ. જેથી ભૂત-પ્રાણીમાત્ર પર કરુણાદૃષ્ટિ પ્રગટે. તિરસ્કાર કે ધિક્કારવૃત્તિ નાબૂદ થાય. અહંભાવ વાળું હૃદય મૃદુ બને. વિશ્વપ્રેમની સાધના આપોઆપ થાય, હૃદય ઉદાર બને, જીવનદૃષ્ટિ વ્યાપક બને અને સ્વાર્થજન્ય ભેદભાવ અદૃશ્ય થાય.

'અન્યની સેવા કરવી એ જ જીવનનું **સૌથી મોટું સુખ** છે, માટે વહેંચીને ભોગવો.' આ ભાવના યજ્ઞોથી જાગે છે. પોતાથી મોટા-સમકક્ષ અને નાના દરેક સાથે વિવેકી વર્તન રાખતાં શીખાય છે. માણસ વિશ્વથી જુદો નથી, તે વિશ્વમાળાના મણકા જેવો છે. માટે તેનું **જીવન** સમર્પિત અને સેવામય હોવું જોઈએ. કર્તવ્યમય હોવું જોઈએ. આ **પ્રેરણા** મળવી તે યજ્ઞભાવનાનો **સૌથી મોટો લાભ** છે.

યજ્ઞોના જે **વિભાગ** કરવામાં આવ્યા હતા, એમાંના કેટલાક ઋતુઓના આધારે બનાવવામાં આવ્યા હતા. કેટલાક મનુષ્યોના **કર્તવ્ય-કર્મ**ને દૃષ્ટિ સમક્ષ રાખીને નક્કી કરેલ હતા અને કેટલાક **રાષ્ટ્રીય વ્યવસ્થા** સાથે સંબંધ રાખતા હતા. આ રીતે આર્થિક, સાંસ્કૃતિક અને રાજનૈતિક મુશ્કેલીઓને ઉકેલવા માટે જે સામુહિક અને સામાજિક કાર્ય કરવામાં આવતા હતા, તે બધાં યજ્ઞના રૂપમાં જ કરવામાં આવતા હતા. આ રીતે ભારતીય સમાજ અને સંસ્કૃતિનું રૂપ જ યજ્ઞમય હતું. 'ગોપથ બ્રાહ્મણ'માં આ યજ્ઞોના જે **નામ** અને **ક્રમ** મળે છે, તેનાથી આ વાત વધુ સ્પષ્ટ થઈ જાય છે.

**૧. અગ્નિહોત્ર** : અગ્નિ માટે સંધ્યા સમયે અને સૂર્ય માટે પ્રાતઃકાળમાં જે હવન કરવામાં આવે છે તે અગ્નિહોત્ર. **૨. દર્શપૂર્ણમાસ** : અમાવસ્યા અને પૂર્ણિમાના દિવસના હવનને દર્શપૂર્ણમાસ કહે છે. **૩. ચાતુર્માસ્ય** : ફાલ્ગુની પૂર્ણિમા, અષાઢી પૂર્ણિમા અને કાર્તિકી પૂર્ણિમાએ જે યજ્ઞ કરવામાં આવે છે તે ચાતુર્માસ્ય કહેવાય છે. **૪. આગ્રહાયણ અથવા નવસસ્યેષ્ટિ** : ઉત્તરાયણ અને દક્ષિણાયનના આરંભમાં જે યજ્ઞ થતા હતા, તે નવસસ્યેષ્ટિ કહેવાતા હતા. **૫. અગ્નિષ્ટોમ** : જે દરેક વર્ષે વસંતઋતુમાં વાર્ષિક યજ્ઞ કરવામાં આવે છે, તે અગ્નિષ્ટોમ છે. **૬. પિતૃયજ્ઞ** : પુત્રની પ્રાપ્તિ અને પૂર્વજોને સંતુષ્ટ કરવા નિમિત્તે પિતૃયજ્ઞ જરૂરી છે, આ 'પુત્ર કામેષ્ટિ' યજ્ઞ છે. **૭. પંચમહાયજ્ઞ** : જે અતિથિઓ અને અસમર્થોની સેવા માટે હંમેશાં કરવામાં આવે છે. **૮. રાજસૂય અને અશ્વમેઘ યજ્ઞ** : રાજસૂયથી જ રાજા થાય છે, આ રાજગાદીના સમયનો યજ્ઞ છે. બધા નાના રાજાઓને પોતાના અંકુશમાં લાવીને એક સુસ્થિર સામ્રાજ્યની સ્થાપના કરવી તે અશ્વમેધ યજ્ઞનું લક્ષ્ય છે. વેદમાં કહેવામાં આવ્યું છે કે, 'राष्ट्रं वै अश्वमेधः । तस्माद्राष्ट्री अश्वमेधेन यजेत् ।' - અર્થાત્ રાષ્ટ્ર જ અશ્વમેધ છે, એટલે સમ્રાટ અશ્વમેધ કરે. **૯. ગોમેધ** : પૃથ્વીને ફળદ્રુપ બનાવવા, કૃષિ યોગ્ય નવી ભૂમિ તૈયાર કરવી. તે ગોમેધનો ઉદ્દેશ્ય છે.

આ રીતે પ્રાચીન ભારતવાસીઓએ પોતાનું સંપૂર્ણ જીવન જ **યજ્ઞમય** બનાવી લીધું હતું. જેના પરિણામે એમને ઉત્તમ સ્વાસ્થ્ય, સુસંતતિ, સુવર્ષા, સુરાજ્ય, સુવિદ્યા, સુજ્ઞાન અને પરમાત્માની પ્રાપ્તિ થતી હતી. યજ્ઞોથી નીચે પ્રમાણેના કાર્યો **પરિપૂર્ણ** થતાં હતાં.

૧. આરોગ્ય બે પ્રકારનું હોય છે : એક વ્યક્તિગત અને બીજું સમાજનું. સળેખમ, તાવ, ઝાડા અને શારીરિક પીડા વગેરે ઋતુઓના તથા શીતળા, કોલેરા, પ્લેગ, ચીકનગુનિયા, ડેંગ્યું વગેરે ચેપી રોગો એવા છે કે જે બધા ઉપર એકી સાથે આક્રમણ કરે છે. એકલો માણસ એને દૂર કરવામાં અસમર્થ હોય છે. જુદી-જુદી ઋતુઓના યજ્ઞો દ્વારા આ **રોગો**ના વિકારોનું **શમન** થતું હતું અને સમાજનું સ્વાસ્થ્ય ઉત્તમ દશામાં રહેતું હતું.

૨. સંતતિ ન થતી હોય, તો **સંતતિ ઉત્પન્ન** કરવા માટે ઉત્તમ અને



દીર્ઘજીવી સંતાન પ્રાપ્ત કરાવનાર 'પુત્ર કામેષ્ટિ યજ્ઞ'નું વિધાન છે. આ યજ્ઞના કેટલાક ભાગ ગર્ભાધાન, પુંસવન, સીમન્તોન્નયન સંસ્કારોમાં અને કેટલાક પિતૃયજ્ઞમાં ભળી ગયેલા છે.

૩. યજ્ઞનો વર્ષા સાથે **વિશેષ સંબંધ** છે. કેમ કે, ભારતીય જનસમાજના જીવનનિર્વાહનો મુખ્ય આધાર સુવર્ષા ઉપર જ હતો. દુષ્કાળના સમયે પ્રાચીન ઋષિઓ યજ્ઞ દ્વારા વર્ષા કરાવી દેતા હતા. આનો **ઉલ્લેખ** અનેક સ્થાનોએ મળે છે અને અત્યારે પણ તેના અનેક **ઉદાહરણો** પ્રાપ્ત થાય છે.

૪. સંપત્તિનો ખરો અર્થ **જીવનોપયોગી** વસ્તુઓ સાથે છે. રૂપિયા અથવા ચલણી નોટ વગેરે તો ફક્ત ખરીદ-વેચાણનું માધ્યમ છે, જે જ્યારે ઈચ્છીએ ત્યારે બદલાવી શકાય છે. એટલા માટે ખરેખર તો **સંપત્તિનો અર્થ** અન્ન, પશુ, વસ્ત્ર વગેરે જીવન માટેના પદાર્થો સાથે જ છે. યજ્ઞોને સારી રીતે આયોજીત કરવા માટે પણ આ સંપત્તિની જરૂર પડે છે. આને માટે વિશેષ રૂપે ગોમેધ યજ્ઞનું **આયોજન** કરવામાં આવતું, જેનાથી સમાજની સંપત્તિમાં વૃદ્ધિ થતી હતી.

૫. રાજ્યનું સ્વરૂપ પ્રાચીન સભ્યતામાં એવું માનવામાં આવતું હતું કે એના દ્વારા સમાજમાં **સુવ્યવસ્થા** રહે અને સમસ્ત સંસારના મનુષ્યોને એક સાંકળમાં બાંધીને શાંતિને સ્થિર રાખવામાં આવે, જેનાથી બધા માણસો લડાઈ-ઝઘડાના ભયથી મુક્ત થઈને પોતાની શક્તિ અને સમયનો ઉપયોગ પોતાના તથા સામાજિક કલ્યાણના કાર્યોમાં કરી શકે. આ ઉદ્દેશ્યને પરિપૂર્ણ કરવા **અશ્વમેધ યજ્ઞનું આયોજન** કરવામાં આવતું હતું. આના દ્વારા અસંગઠિત અને અનુશાસન વિહીન પ્રદેશોને નિયંત્રણમાં લાવવામાં આવતા હતા કે જેનાથી તેઓ સાર્વજનિક શાંતિનો ભંગ કરીને જનતાને નુકસાન ન પહોંચાડે.

૬. પંચ મહાયજ્ઞો દ્વારા સૌર અને ચાંદ્ર **સંચાર**ને આમંત્રિત કરીને અતિથિઓ, વૃદ્ધો, રોગીઓ, પતિતો, પશુ-પક્ષીઓ અને જીવજંતુઓ સુધીનાને ખોરાક પહોંચાડવાથી અધિક સેવાની ભાવના અને પુણ્યકાર્ય બીજું શું હોઈ શકે ? આના કારણે મનુષ્યોમાં કરુણા, ક્ષમા, અહિંસાના ભાવોની **વૃદ્ધિ** થાય છે અને એમનું જીવન માત્ર ભૌતિક ગુણોમાં ન રહેતા દૈવી ગુણોથી સમૃદ્ધ થાય છે.

૭. જે મનુષ્ય આટલું બધું કરવા છતાં પણ નિઃસ્વાર્થભાવે એમ કહે છે કે, **'ઈદં ન મમ'** અર્થાત્ આ મારું નથી, જે કાંઈ પણ છે તે બધું જ પરમાત્માનું છે તે સાંસારિક પ્રપંચ અને કર્મ-બંધનમાં બંધાતો નથી. આ નિષ્કામભાવના એ જ 'યજ્ઞ'ની સૌથી મોટી વિશેષતા છે.



"...**યજ્ઞની ભાવના** બધા જ દેશોમાં અને જાતિઓમાં જોવામાં આવે છે. પ્રાચીન સમયના યૂનાની અને રોમન લોકોમાં યજ્ઞ પ્રચલિત હતો. પારસીઓમાં તો આજ દિન સુધી પૂર્ણ રૂપમાં જોવામાં આવે છે. જૈનો અને બૌદ્ધોમાં પણ ધૂપ-દીપ યજ્ઞનું જ સૂક્ષ્મ રૂપ છે. યહૂદી, ખ્રિસ્તી, મુસલમાન વગેરે સેમેટિક જાતિઓમાં પણ ધૂપબતી-લોબાન વગેરેને પ્રજ્વલિત કરવાની પ્રથાઓ જોવામાં આવે છે. ચીની લોકો યજ્ઞને 'ધોમ' કહે છે, જે 'હોમ'નું જ વિકૃત રૂપ છે. ઈજિપ્તના પ્રાચીન રહેવાસીઓ અને અમેરિકાના રેડ ઈન્ડિયનમાં પણ **યજ્ઞની પ્રથા** જોવામાં આવે છે..."

જેવું ભગવાન શ્રીકૃષ્ણે ભગવદ્ ગીતામાં કહ્યું છે કે **'યજ્ઞાર્થાત્કર્મણોન્યત્ર લોકોયં કર્મબંધનઃ'** અર્થાત્ યજ્ઞીય કર્મો સિવાયના બીજા બધાં જ કર્મ, બંધન કરનાર છે. આ રીતે યજ્ઞનું રહસ્ય સમજનાર અને એ પ્રમાણે આચરણ કરનાર **મોક્ષનો અધિકારી** બની જાય છે.

આ તો પૂરેપૂરું સિદ્ધ થઈ ચૂક્યું છે કે પ્રાચીન ભારતીય સભ્યતામાં **યજ્ઞનું મહત્ત્વ** સર્વોપરી હતું અને અહીંથી જ દુનિયાભરમાં એનો **પ્રચાર** થયો હતો. આ તો સાવ ચોખ્ખું છે કે દેશ અને સમાજભેદથી યજ્ઞની વિધિઓ, ક્રિયાઓ અને સામગ્રીઓ વગેરે સર્વત્ર એક જ પ્રકારની નથી રહી શકતી, પણ મૂળ સ્વરૂપે **યજ્ઞની ભાવના** બધા જ દેશોમાં અને જાતિઓમાં જોવામાં આવે છે. પ્રાચીન સમયના યૂનાની અને રોમન લોકોમાં યજ્ઞ પ્રચલિત હતો. પારસીઓમાં તો આજ દિન સુધી પૂર્ણ રૂપમાં જોવામાં આવે છે. જૈનો અને બૌદ્ધોમાં પણ ધૂપ-દીપ યજ્ઞનું જ સૂક્ષ્મ રૂપ છે. યહૂદી, ખ્રિસ્તી, મુસલમાન વગેરે સેમેટિક જાતિઓમાં પણ ધૂપબતી-લોબાન વગેરેને પ્રજ્વલિત કરવાની પ્રથાઓ જોવામાં આવે છે. ચીની લોકો યજ્ઞને 'ધોમ' કહે છે, જે 'હોમ'નું જ વિકૃત રૂપ છે. ઈજિપ્તના પ્રાચીન રહેવાસીઓ અને અમેરિકાના રેડ ઈન્ડિયનમાં પણ **યજ્ઞની પ્રથા** જોવામાં આવે છે. આથી આ સાબિત થાય છે કે, 'યજ્ઞ મનુષ્ય જાતિનો મૂળ ધર્મ રહેલ છે અને એનું ચલણ **ભારતીય આર્યો** દ્વારા જ બધી બાજુ થયેલ છે.' જ્યાં સુધી અહીંના રહેવાસીઓ યજ્ઞના વિજ્ઞાનને સમજતા રહ્યા અને તેનું પાલન કરવામાં દૃઢ રહ્યા, ત્યાં સુધી આ **દેશ** દુનિયાનો મુકુટમણિ બની રહ્યો અને જગદ્ગુરુના પદ પર અધિષ્ઠિત રહ્યો. પરંતુ જ્યારે યજ્ઞની ભાવનાને લોકો ભૂલી જવા લાગ્યા અને એનું સ્થાન પશુબલિ અને અખાદ્ય સેવન વગેરેએ લઈ લીધું, ત્યારથી જ ભારતનું પતન થવા લાગ્યું અને એની અંદર જુદી-જુદી જાતની નિર્બળતાઓ દાખલ થઈ ગઈ. આજે પણ ભારતીય સમાજનો **ઉદ્ધાર** અને **ઉત્થાન** ત્યારે જ થઈ શકે કે જ્યારે સમાજમાં યજ્ઞોના સાચા સ્વરૂપનો પ્રચાર કરવામાં આવે.

**યજ્ઞ દ્વારા સ્વાસ્થ્ય પર પ્રભાવ :** અથર્વવેદમાં અનેક જાતના રોગોત્પાદક કૃમિઓનું **વર્ણન** આવે છે. તેમાં એમને યાતુધાન, કવ્યાત, પિશાચ, રક્ષ વગેરે **નામો**થી કહેવામાં આવ્યા છે. તે શ્વાસવાયુ, ભોજન, પાણી વગેરે દ્વારા મનુષ્યના શરીરમાં દાખલ થઈને મનુષ્યને કરડીને તેના શરીરમાં **રોગ** ઉત્પન્ન કરીને તેને દુઃખ પહોંચાડે છે. તેથી આ 'યાતુધાન' છે. શરીરના માંસને ખાઈ જવાના કારણે તેઓ 'કવ્યાત' અથવા 'પિશાચ' કહેવાય છે. આનાથી



મનુષ્યોએ પોતાની **રક્ષા** કરવી જરૂરી છે, એટલા માટે આ 'રક્ષ' અથવા 'રાક્ષસ' છે. યજ્ઞ દ્વારા અગ્નિમાં કૃમિ-વિનાશક ઔષધિઓની આહુતિ આપીને આ રોગ-કૃમિઓનો નાશ કરીને રોગોથી બચી-બચાવી શકાય છે. અથર્વવેદ ૧/૮માં કહ્યું છે :

'इदं हविर्यातुधानान् नदी फेनमिवा वहत् ।
य इदं स्त्री पुमानकरिह स स्तुवतां जनः ।।१।।
यत्रैषामग्ने जनिमानि वेत्थ गुहा सतामत्त्रिणां जातवेदः ।
ताँस्त्वं ब्रह्मणा वावृधानो जह्येषां शततर्हमग्ने ।।४।।'

અર્થાત્ - અગ્નિમાં અર્પિત આ હવિ રોગ-કૃમિઓને એવી રીતે દૂર વહેવડાવી દે છે, જે રીતે નદી પાણીના ફીણને. જો કોઈ સ્ત્રી યા પુરુષ આ યજ્ઞને કરે, એમણે એમ પણ કરવું જોઈએ કે તે હવિ અર્પણ કરતાં કરતાં મંત્રોચ્ચાર દ્વારા **અગ્નિની સ્તુતિ** પણ કરે : 'હે પ્રકાશિત અગ્નિ! ગુપ્તમાં ગુપ્ત સ્થાનોમાં છૂપાઈને બેઠેલા ભક્ષક રોગ-કૃમિઓના જન્મોને તું જાણે છે. વેદમંત્રોની સાથે વધતો તું એ રોગ-કૃમિઓને સેંકડોવાર હણી નાખ.'

આ વર્ણનથી સ્પષ્ટ થયું કે મકાનના અંધકારપૂર્ણ ખૂણામાં, પેટી, પીપ વગેરે સામાન પાછળ, દીવાલની તિરાડોમાં તથા ગુપ્તથી ગુપ્ત જગ્યાએ જે રોગકૃમિઓ સંતાઈને બેસી રહ્યાં હોય છે, તેઓ કૃમિહર ઔષધિઓના **યજ્ઞીય ધુમાડા**થી મરણને શરણ થઈ જાય છે. અથર્વવેદ ૫/૨૯/૪થી આ વિષય પર આનાથી વધારે પ્રકાશ પાડતાં કહે છે :

'अक्ष्यौ नि विध्य हृदयं नि विध्य जिह्वां नि तृन्द्धि प्र ददतो मृणीहि । पिशाचो अस्य यतमो जघासाअग्ने यविष्ठ प्रति तं शृणीहि ।।८।।'

અર્થાત્ - હે યજ્ઞાગ્નિ ! જે માંસભક્ષક રોગકૃમિએ આ મનુષ્યને પોતાનો કોળિયો બનાવ્યો છે, એનો તું નાશ કરી દે. એની આંખો ફોડી નાખ, હૃદય ચીરી નાખ, જીભ કાપી નાખ, દાંત તોડી નાખ.

પશ્ચિમના વૈજ્ઞાનિકોએ રોગ-કીટાણુઓના નાશ કરવા માટે **બે રસાયણો** શોધી કાઢ્યાં છે : ૧. એન્ટીસેપ્ટીક (વિષવિરોધી) અને ૨. ડિસઈનફેક્ટન્સ (ચેપના પ્રભાવને રોકનાર). પ્રથમ શ્રેણીના પદાર્થ રોગ-કીટાણુઓથી મનુષ્યની રક્ષા કરે છે - મારતા નથી. આ વિભાગમાં ફિનાઈલ, ક્રિયોજોટ, હાઈડ્રોજન ઓક્સાઈટ વગેરેની ગણતરી થાય છે. બીજા વિભાગના પદાર્થ રોગાણુઓને સીધેસીધા મારી નાખે છે. કેટલાક પદાર્થોમાં બંને ગુણ એમની ઘનતા અને સાંદ્રતાની સ્થિતિ પ્રમાણે જોવામાં આવે છે. પણ આ તત્ત્વોનો સાચો ઉપયોગ તો એક કુશળ વૈજ્ઞાનિક જ કરી શકે છે. સામાન્ય માણસ એના મિશ્રણનું યોગ્ય પ્રમાણ નક્કી ન કરી શકવાને કારણે લાભની જગ્યાએ નુકસાન જ પામે છે અને એ નુકસાન ખૂબજ ઘાતકી હોય છે.

હવન વાયુ આ દોષથી મુક્ત છે. કદાચ કોઈ ઝેરી અંશ ઉત્પન્ન થાય, તોપણ ઘીનો વરાવ-પ્રભાવ એને નષ્ટ કરીને લાભદાયક બનાવી દે છે. આનાથી બધા જ ભય વિના લાભ લઈ શકે છે. વાયુ - શુદ્ધ ઉપરાંત હવન વાયુનું સ્થાન, પાણી વગેરે અનેક તત્ત્વોની શુદ્ધિ પણ થઈ જાય છે, જેનાથી હવા દ્વારા અન્ન અને ઔષધિઓ પણ નિર્મળ અને તાજી-માજી બની જાય છે. આનાથી માનવ શરીર, રોગાણુ-નિરોધક અને વિનાશક અણુઓથી ભરપૂર બની જાય છે. પછી એના પર રોગોનું આક્રમણ થઈ જાય અને કદાચિત સફળ પણ થઈ જાય તો એના શરીરમાં રહેલો શક્તિશાળી રોગવિધ્વંસક અણુ તેને વધારે સમય સુધી જીવિત રહેવા દેતો નથી. એનો તરત જ વિનાશ કરી નાખે છે.



"...યજ્ઞ સામગ્રીઓના ધુમાડાના જે અણુઓ ફેલાય છે, એમાં ઋણ ચાર્જની વિદ્યુત પ્રવેશ કરે છે. આ આજના ભૌતિક વિજ્ઞાન દ્વારા પ્રયોગસિદ્ધ થઈ ચૂક્યું છે કે આ ઋણ ચાર્જવાળી વિદ્યુત અણુ વાયુમંડળમાંથી ભેજને ખેંચી લે છે અને ધીરે ધીરે એની આજુબાજુના વાદળાંના ટુકડાઓ બની જાય છે. આ વાદળો યજ્ઞીય ધૂમ્ર અણુઓથી વીંટળાયેલા રહે છે. એનો ઝેરી ભાગ નાશ પામે છે. આવા વરસાદથી માત્ર મનુષ્યમાં જ નહિ, પણ સમગ્ર પ્રાણીમાત્ર, વનસ્પતિ અને માટીમાં પણ **સાત્ત્વિક ભાવો** જાગૃત થાય છે..."

યજ્ઞ સામગ્રીઓના ધુમાડાના જે અણુઓ ફેલાય છે, એમાં ઋણ ચાર્જની વિદ્યુત પ્રવેશ કરે છે. આ આજના ભૌતિક વિજ્ઞાન દ્વારા પ્રયોગસિદ્ધ થઈ ચૂક્યું છે કે આ ઋણ ચાર્જવાળી વિદ્યુત અણુ વાયુમંડળમાંથી ભેજને ખેંચી લે છે અને ધીરે ધીરે એની આજુબાજુના વાદળાંના ટુકડાઓ બની જાય છે. આ વાદળો યજ્ઞીય ધૂમ્ર અણુઓથી વીંટળાયેલા રહે છે. એનો ઝેરી ભાગ નાશ પામે છે. આવા વરસાદથી માત્ર મનુષ્યમાં જ નહિ, પણ સમગ્ર પ્રાણીમાત્ર, વનસ્પતિ અને માટીમાં પણ **સાત્ત્વિક ભાવો** જાગૃત થાય છે.

યજ્ઞના ધુમાડા દ્વારા રોગોની ચિકિત્સાની બાબતમાં 'આયુર્વેદ'નો અભિપ્રાય છે કે, 'यया प्रयुक्त्या चेष्टया राजयक्ष्मा पुरा जितः । तां वेदविहितामिष्टिमारोग्यार्थी प्रयोजयेत् ।।' - જે યજ્ઞના પ્રયોગથી પ્રાચીન કાળમાં રાજ્યક્ષ્મા (ક્ષય-ટી.બી.) રોગ મટાડવામાં આવતો હતો, આરોગ્ય ઈચ્છનાર મનુષ્યે તે વેદવિહિત યજ્ઞનું અનુષ્ઠાન કરવું જોઈએ. (ચરક સંહિતા : ચિકિત્સાસ્થાનમ્ - ૮/૧૮૯)

પ્રાકૃતિક નિયમોની સાથે હંમેશાં નિયમપૂર્વક હવન કરનાર કદાપિ રોગી બનતો નથી. અને ક્ષય રોગ તો તેના ઘરની નજીક આવતાં જ ધ્રુજવા માંડશે, કેમ કે 'શ્રુતિ'નો આદેશ છે કે : 'न तं यक्ष्मा अरुन्धते नैनं शपथो अश्नुते । यं भेषजस्य गुल्गुलोः सुरभिर्गन्धो अश्नुते ।। विष्वञ्चस्तस्माद् यक्ष्मा मृगाअश्वा इवेरते ।।' - જેના શરીરની અંદર રોગનાશક ગુગળની ઉત્તમ ગંધ વ્યાપે છે એને રાજ-યક્ષ્માની રોગપીડા થતી નથી. બીજાનો ચેપ પણ લાગતો નથી. એના બધા જ પ્રકારના યક્ષ્મા-રોગ તેજ ગતિવાળા હરણોની જેમ કાંપે છે અને ડરીને ભાગી જાય છે. (અથર્વવેદ : કાં. ૧૯ સૂ. ૩૮ મં. ૧)



# આપણા મહાકાવ્યોમાં યજ્ઞ સંસ્કૃતિ

સમષ્ટિના હિતાર્થે, સમગ્ર બ્રહ્માંડના અદૃશ્ય તત્ત્વોને, વૈશ્વિક પૃથ્વી, જળ, વાયુની સમતુલા માટે, જીવનચક્રને સુચારુ નિભાવવા માટે, વિવિધ દેવતાઓની પ્રસન્નતા માટે, ઐશ્વર્યોની પ્રાપ્તિ માટે **સકામ** અને **નિષ્કામ યજ્ઞો**ની **પરંપરા** ભારતીય ઋષિગણોએ પ્રસ્થાપી છે.

યજ્ઞોના ઉદ્દેશ્યો, યજ્ઞકુંડોની આકૃતિઓ, ખગોળીય પરિવર્તનોને આધીન, વાર-તિથિ અને નક્ષત્રોના ફળાદિને ધ્યાનમાં રાખી સમય નિશ્ચિત થતા. સમિધો, દ્રવ્યો, ઘૃત અને આસનોની માર્ગદર્શિકાઓ નક્કી કરી. યજ્ઞકાર્યમાં દેવતાઓની સ્તુતિ કરવા તેમનું આવાહન કાર્ય કરવા ઋગ્વેદીય ઋત્વિજ જેને હોતા કહે છે, તેઓનું સ્થાન નક્કી થયું.

રામાયણ મહાકાવ્યનો આરંભ વાલ્મિકીજીએ **યજ્ઞ સંસ્કૃતિ**ના પ્રાંગણમાં કર્યો. બ્રાહ્મમુહૂર્તમાં **યજ્ઞશાળાઓ** વિવિધ પ્રવૃત્તિઓથી ચૈતન્ય બની જતી. ઋષિકુમારો અને અનુચરો પોતાને સોંપેલા કાર્યોમાં મગ્ન બની જતા. ગાયોના છાણથી સમગ્ર યજ્ઞશાળો લીંપવી, પવિત્ર સુગંધિત જળનો છંટકાવ કરવો, કેળનાં પાંદડામાં દ્રવ્યો મૂકવા, આસોપાલવ અને ફૂલોનાં તોરણોથી શોભા કરવી. વિવિધ ભૌમિતિક આકારોની રંગોળીઓથી પ્રવેશદ્વારને શણગારવા. જળપાત્રો, યજ્ઞપાત્રોને ચકચકિત કરીને યોગ્ય સ્થળે મૂકવા, ગુરુજનોના આસન અને અન્ય સુવિધાઓ ઉપલબ્ધ કરવાની **જવાબદારી** શિષ્યગણોની બની જતી.

અયોધ્યા નરેશ મહારાજા દશરથ અને રઘુવંશના કીર્તિમાન પરાક્રમોને કેન્દ્ર સ્થાને રાખીને રચાયેલ મહાકાવ્યનો કેન્દ્રવર્તી વિષય જ યજ્ઞપરંપરા અને વૈદિક સંસ્કૃતિ પર થતા પ્રહારોની ઘટનાઓનો રહ્યો છે. પુત્રકામેષ્ટી યજ્ઞના પરિપાક રૂપે પાયસ પાત્ર (ખીર)ની પ્રાપ્તિ અને મેધાવી પુત્રોના જન્મ **સુપ્રસિદ્ધ ઘટના** છે. આમ સમષ્ટિના હિત માટે, ભગીરથ કાર્ય માટે ઈશ્વરીય તત્ત્વો પાસે જે પવિત્ર અવલંબન લેવામાં આવે છે તે યજ્ઞકાર્ય બની રહે છે. સકામ અને નિષ્કામ આ બે પરિમાણોની વચ્ચે વૈદિક-પૌરાણિક તેમજ શ્રમ-જ્ઞાન-જપયજ્ઞના સમાવેશ થયા. ભૌતિક આવરણોથી ઘેરાયેલ જનસમાજ પરમાત્માની અસીમ કૃપાઓ મેળવવા યજ્ઞના શરણે ગયો છે.

કુમાર અવસ્થાએ પહોંચેલા ભગવાન શ્રીરામ અને લક્ષ્મણજીને લેવા આવેલા વિશ્વામિત્રન્ષ્ટનો **હેતુ** સ્પષ્ટ છે કે, આવનાર રઘુકુલના રાજવી જો ઋષિકુળો, યજ્ઞપરંપરા અને આરણ્યક સંસ્કૃતિથી પરિચિત થાય તો તે યજ્ઞપરંપરાના **પોષક** બની રહે.

રાક્ષસકુળોના આરણ્યક યજ્ઞો પર થતાં આક્રમણો ખાળવા

વિશ્વામિત્રએ યજ્ઞદેવતાઓ પાસેથી મેળવેલી અતિબલિષ્ઠા વિદ્યા રામ-લક્ષ્મણને શીખવાડીને સમર્થ યોદ્ધાઓ બનાવ્યા છે.

રામાયણની મુખ્ય કથા અને ઉપકથાઓ વિવિધ **યજ્ઞ પરંપરાની દ્યોતક** છે. રઘુવંશના પૂર્વસૂરિઓએ કરેલા રાજસૂય યજ્ઞોની કીર્તિવંત ગાથાઓ આલેખી છે. દિગ્વિજયી રાજવીના સાર્વભૌમત્વનો સ્વીકાર કરાવવા યજ્ઞના અશ્વને છૂટો મૂકી દેતા તત્કાલીન સમયના વિધાનો મુજબ બલિદાનોથી યુક્ત યજ્ઞોનાં વર્ણનો અનેક જગ્યાએ છે. તામસ યજ્ઞના સંદર્ભે માત્ર પશુઓના જ નહીં, પરંતુ નરમેધના **ઉલ્લેખો** પણ મળી આવે છે.

પ્રાચીન હડ્પીય અને સિંધુ સભ્યતાના અવશેષોમાં યજ્ઞકુંડ, મૃણપાત્રો અને યજ્ઞને આનુષંગિક ઘણા પ્રમાણો ઉપલબ્ધ થયા છે.

લંકાકાંડમાં ઈન્દ્રજીત દ્વારા દેવીને પ્રસન્ન કરવા થતા યજ્ઞના ઉલ્લેખ અને હનુમાનજી દ્વારા તેના વિધ્વંસની વાત આવે છે.

ભગવાન શિવના સ્થાપન અને સેતુબંધના મુહૂર્તનું પૂજન કરાવવા પુલસ્ત્ય પુત્ર રાવણ એક યાજ્ઞિકની ભૂમિકામાં ઉપસ્થિત છે. તેની રાક્ષસ પ્રણાલીથી વિપરીત વૈદિક પ્રણાલી મુજબ યજ્ઞ કરાવી યાજ્ઞિક બને છે. એટલું જ નહીં યજમાનને આશીર્વાદ આપતા 'વિજયીભવઃ'ના **આશીર્વાદ** પણ આપે છે. યાજ્ઞિક તરીકે ઉચ્ચ માનસિકતા અને યજ્ઞકર્મની પ્રભાવિકતા આપણી સામે આવે છે. એ જ રીતે ભગવાન વેદવ્યાસ રચિત મહાભારતમાં પણ યજ્ઞ પરંપરાને પુષ્ટિ આપતા **અનેક ઉદાહરણો** આપણી નજરે ચડે છે.

આમ જોવા જઈએ તો સમગ્ર મહાભારત પ્રતિશોધના પાયા પર મંડાયું છે. દ્રોણ અને દ્રુપદ - બ્રહ્મત્વના તેજોવધથી આરંભાયેલી આ કથા મહાવિનાશ તરફ ફંટાય છે. દ્રોણના વધ માટે નિમિત્તભૂત પુત્રની પ્રાપ્તિ દ્રુપદને યજ્ઞના પરિણામે દ્રૌપદી રૂપે થાય છે. દ્રૌપદીનો 'યાજ્ઞસેની'ના નામથી અનેક જગ્યાએ ઉલ્લેખ થયેલ છે. આહ્વાન કરાયેલ યજ્ઞદેવતાઓનો પ્રભાવ, સકામ યજ્ઞના ઘાતક પરિણામો, આશીર્વાદ અને અભિશાપનો સિલસિલો યજ્ઞોના મહત્ત્વને વધુ પુષ્ટ બનાવે છે.

ખાંડવવનના દાહ પછી પ્રાયશ્ચિત્ત રૂપે થયેલો યજ્ઞ, ઈન્દ્રપ્રસ્થના ગૃહપ્રવેશ સમયે થયેલા યજ્ઞ અને અજ્ઞાતવાસ દરમ્યાન પણ અગ્નિહોત્રને નહીં ચૂકેલા પાંડવોના વિજયના મૂળમાં યજ્ઞદેવતા અને અગ્નિના પ્રાબલ્યના સ્વીકારની ભાવના દેખાય છે.

સમગ્ર જગતને પ્રમાણભૂત તથ્યોનો સ્વીકારભાવ શ્રીમદ્ ભગવદ્ગીતા દ્વારા થતો રહ્યો છે. આમ તો મહાભારતના ખંડકાવ્ય તરીકે વિવેચકોએ તેનો ઉલ્લેખ કર્યો છે. યજ્ઞો વિષેના સ્પષ્ટ વિચારોનો તેમાં અનેક જગ્યાએ ઉલ્લેખ કરેલ છે. ભગવદ્ ગીતામાં કહ્યું છે :

'यज्ञार्थात्कर्मणोन्यत्र लोकोयं कर्मबन्धनः । तदर्थं कर्म कौन्तेतेय मुक्तसङ्गः समाचर ।।' - યજ્ઞને માટે જે કર્મ થાય છે તે સિવાયના બીજા કર્મો આ લોકમાં બંધનરૂપ છે, માટે યજ્ઞ માટે કરવાના જે કર્મ છે તે આસક્તિ-ફળ-આશા છોડીને કરતો જા. (૩/૯)

'कर्म ब्रह्योद्भवं विद्धि ब्रह्याक्षरसमुद्भवम् । तस्मात्सर्वगतं ब्रह्म नित्यं यज्ञे प्रतिष्ठितम् ।।' - પરંપરા જોતા યજ્ઞની પ્રવૃત્તિ બ્રહ્મ=વેદથી છે અને વેદ અક્ષર (પરમાત્મા)થી જ ઉદ્ભવેલા છે અને તે માટે જ યજ્ઞ તેમને પ્રિય છે. માટે અક્ષર(પરબ્રહ્મ) જો કે સર્વત્ર વ્યાપક છે જ, છતાં પણ તે યજ્ઞમાં સદાય વસે છે. માટે યજ્ઞ કરવાથી પરબ્રહ્મની પ્રાપ્તિ થાય છે.

ભગવાન શ્રીકૃષ્ણચંદ્રજી જગદ્ગુરુની કક્ષાએથી યજ્ઞોના વિધાનો ઈંગિત કરી રહ્યા છે. શ્રીમદ્ ભાગવતના દશમસ્કંધમાં વ્રજવાસીઓ દ્વારા ઈન્દ્રને રિઝવવા થતા પર્જન્યયજ્ઞનો પ્રસંગ વિસ્તૃત રીતે રજૂ થયો છે. 'યજ્ઞનો મહિમા અને યજ્ઞનો સ્વીકાર પણ હું જ કરું છું' આવું સ્પષ્ટ કહેનાર યુગપુરુષ ભગવાન શ્રીકૃષ્ણ સમગ્ર માનવ સભ્યતાને યજ્ઞના મહત્ત્વને સમજાવતા કહે છે : 'एवं प्रवर्तितं चक्रं नानुवर्तयतीह यः । अघायुरिंद्रियारामो मोघं पार्थ स जीवति ।।' - આ પ્રમાણે (જગત ધારણને માટે) શરૂ કરેલું ચક્ર (એટલે કર્મનો અથવા) યજ્ઞનો રેંટ આ જગતમાં જે આગળ ચલાવતો નથી તેનું આયુષ્ય પાપરૂપ છે અને ઈન્દ્રિયો વડે વિષયોમાં રમણ કરનારો છે. પરમાત્માના આરાધન કર્મમાં રમતો નથી માટે તે વ્યર્થ-ફોગટ જીવે છે. (૩/૧૬)

યુગોના પરિવર્તનો પછી સમગ્ર માનવજાત ભયભીત બનીને, યોગક્ષેમની ચિંતા અને ત્રિવિધ તાપથી ત્રસ્ત થઈ **પરમાત્મીય તત્ત્વનું અવલંબન** લે છે. સમયની સાથે અને સમાજ રચના અને પરિવર્તનોને ધ્યાને લઈને આપણાં ઋષિમુનિઓએ પોષેલી આ વિરાસતને આપણે નવા સ્વરૂપે સ્વીકારવી રહી.

વર્તમાનનાં સંઘર્ષમય જીવનમાં કર્મ (Work) અને જ્ઞાન (Knowledge) આ બે **નિર્ણાયક બળો** કામ કરી રહ્યા છે, ત્યારે આપણા યજ્ઞકર્મોનો વર્તમાન જ્ઞાનયજ્ઞ અને કર્મયજ્ઞ નિરંતર બની રહે. જ્ઞાન અને શ્રમ દ્વારા આપણા ગંતવ્ય સુધી પહોંચી ભગવાન શ્રીહરિ, પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા બ્રહ્મનિષ્ઠ સંતો અને પરમ ભગદીય ભક્તોનો રાજીપો પ્રાપ્ત કરીએ.



# ભગવાન શ્રી સ્વામિનારાયણ અને યજ્ઞીય પરંપરા

**સ**ર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ **સમકાલીન** સામાજિક, ધાર્મિક અને રાજકીય ક્ષેત્રોમાં ઘણી **અસ્થિરતા** અને **વિષમતાઓ** હતી. રાજાઓની વિલાસપ્રિયતા, નિષ્ક્રિયતા અને શોષણખોરીથી ચોર-લૂંટારાઓની સંખ્યા ખૂબ વધી હતી. પ્રજા તેઓના ભયથી ત્રાસી હતી. પ્રજામાં મદ્ય-માંસ, તમાકુ, ગાંજો, ભાંગ, અફીણ આદિ વ્યસનો, વિવિધ વહેમો, અનીતિ અને દુરાચાર આદિ દુર્ગુણો ઘર કરી ગયા હતા. ધર્મના ક્ષેત્રમાં મંત્ર-તંત્ર, જાદુ-ટોણા, ધર્મના નામે ઢોંગ અને ભક્તિની આડમાં **ભ્રષ્ટાચાર**ની દિન-પ્રતિદિન **પુષ્ટિ** થઈ રહી હતી. જ્ઞાનનું ક્ષેત્ર આડંબરથી ગ્રસ્ત થયું હતું.

વૈદિક ધર્મ, જ્ઞાન અને ભક્તિની પવિત્ર ત્રિવેણી પ્રદૂષિત બની ચૂકી હતી. ભગવાન શ્રી સ્વામિનારાયણનું **મુખ્ય કાર્ય** હતું આ ત્રિવેણીને ફરી વિશુદ્ધ કરવાનું. ભગવાન શ્રીહરિએ અને સ્થાનોમાં વિચરણ કરતા કરતા જનતાને **જાગૃત** કરી.

ભગવાન શ્રી સ્વામિનારાયણે સમગ્ર ભારત દેશમાં વિચરણ સમયે જોયું કે, ધર્મના નામ ઉપર હિંસામય યજ્ઞો થતા હતા અને દેવતાઓની સમક્ષ પ્રાણીઓની બલિ અપાતી હતી. યજ્ઞ જેવી પવિત્ર વિધિઓમાં પણ વિપુલ માત્રામાં પશુઓની **હિંસા** થતી હતી. આ કરુણ દૃશ્ય જોઈને દયામૂર્તિ ભગવાન શ્રીહરિએ હિંસાનો **વિરોધ** કર્યો. શ્રીજીમહારાજે **ઘોષણા** કરી કે, ''દેવી-દેવતાઓની સમક્ષ, યજ્ઞોમાં અને પોતાના ઘરોમાં કે બહાર પશુ-પક્ષીઓને મારવા અને તેનું માંસ ખાવું એ મહાપાપ છે અને વેદ વિરુદ્ધ પણ છે. માતા સમાન દયાળુ વેદોનું તાત્પર્ય હિંસા અને સુરાપાનમાં ક્યારેય ન હોઈ શકે.''

પ્રાણીઓનો વધ કરવો, માંસ ભક્ષણ કરવું આ માનવસમાજની પરંપરાથી વિરુદ્ધ છે. તમામ નાના-મોટા પ્રાણીઓને જીવન જીવવાનો અધિકાર છે. સૃષ્ટિકર્તા ભગવાને માનવ માટે સાત્ત્વિક અને અનેક પ્રકારના ધાન્ય-ફળો આદિ ઉત્પન્ન કર્યાં છે. તેના દ્વારા યજ્ઞાદિ અને ભોજન કરવું જોઈએ. વેદોમાં હિંસામય યજ્ઞોનું જે વિધાન જોવામાં આવે છે તે રાજસ-તામસ પ્રકૃતિવાળા મનુષ્યો સહજરૂપે રોજ જે હિંસા કરે છે, તેને નિયંત્રિત કરવા માટે છે. વાસ્તવમાં વેદોનું તાત્પર્ય હિંસામાં નથી, પરંતુ હિંસાની નિવૃત્તિમાં જ છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે હિંસાનો માત્ર **મૌખિક વિરોધ** ન કર્યો, પરંતુ આદર્શ રૂપે અનેક સાત્ત્વિક અહિંસામય યજ્ઞો કર્યા. તેથી સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી 'સર્વમંગલ નામાવલિ'માં લખે છે કે, **'अहिंसास्थापकाय नमः'** - 'યજ્ઞમાં પણ હિંસા કરવી જ નહિ તેવા સિદ્ધાંતનું શાસ્ત્રીય પ્રમાણવાક્યોથી પ્રતિપાદન કરીને સનાતન શુદ્ધ ધર્મનું રાજસભામાં સ્થાપન કરનાર.' (૪૭૯) તથા **'अहिंसयज्ञप्रस्तोत्रे नमः'** - 'હિંસા રહિત યજ્ઞોની પ્રશંસા કરનારા ભગવાન શ્રીહરિને હું નમસ્કાર કરું છું.' (૫૩૧)

ઘણા રાગપ્રધાન અને અણસમજુ લોકોએ ભગવાન શ્રીહરિનો **વિરોધ** કર્યો. ભગવાન શ્રી સ્વામિનારાયણ અને એના સંપ્રદાયને અવૈદિક ઘોષિત કરવાના પ્રયત્નો કર્યા. અનેક શાસ્ત્રાર્થ પણ થયા,



છતાં અંતમાં ભગવાન શ્રી સ્વામિનારાયણનો જ **વિજય** થયો.

શ્રીજીમહારાજે યજ્ઞોમાં થતી પશુહિંસાને દૂર કરવા માટે તથાગત બુદ્ધથી કંઈક અલગ જ માર્ગ પસંદ કર્યો. ભગવાન શ્રીહરિએ યજ્ઞ અને દેવી-દેવતીઓના નામથી થતી હિંસા અને સુરાપાનનો વિરોધ કર્યો, પરંતુ સાથે વૈદિક સનાતન ધર્મની રક્ષા પણ કરી. સાથે સાથે ભગવાન શ્રીહરિએ મોટા-મોટા યજ્ઞો કરવાનું નિર્ધાર્યું. પીપલાણા, જેતલપુર, ડભાણ વગેરે ગામોમાં અહિંસાત્મક યજ્ઞો કરી સમાજમાં અહિંસક યજ્ઞોનું પ્રસ્થાપન કર્યું.

ભગવાન શ્રી સ્વામિનારાયણે **અહિંસક યજ્ઞો** કરાવ્યા. આ માટેની વાત પણ સતત સમજાવ્યા કરી. ગઢડા મધ્ય પ્રકરણના ૮માં વચનામૃતમાં અહિંસક અને સાત્ત્વિક યજ્ઞની **સંકલ્પના** જણાવતાં કહે છે :- "જ્યારે બ્રહ્માએ પ્રથમ સૃષ્ટિ કરી ત્યારે સર્વે પ્રજાને કહ્યું જે, 'તમો સર્વે યજ્ઞ કરજ્યો ને તે યજ્ઞે કરીને તમારે સર્વ પુરુષાર્થની સિદ્ધિ થશે અને સૃષ્ટિની પણ વૃદ્ધિ થશે, માટે યજ્ઞ તો જરૂર કરજ્યો.' પછી વેદમાં બહુ પ્રકારના જે યજ્ઞ હતા તે સર્વે બ્રહ્માએ વિધિ સહિત બતાવ્યા...

> "...ભગવાન શ્રી સ્વામિનારાયણે હિંસાનો માત્ર **મૌખિક વિરોધ** ન કર્યો, પરંતુ આદર્શ રૂપે અનેક સાત્ત્વિક અહિંસામય યજ્ઞો કર્યા. તેથી સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી 'સર્વમંગલ નામાવલિ'માં લખે છે કે, 'अहिंसास्थापकाय नमः' - 'યજ્ઞમાં પણ હિંસા કરવી જ નહિ તેવા સિદ્ધાંતનું શાસ્ત્રીય પ્રમાણવાક્યોથી પ્રતિપાદન કરીને સનાતન શુદ્ધ ધર્મનું રાજસભામાં સ્થાપન કરનાર.' (૪૭૯) તથા 'अहिंसयज्ञप्रस्तोत्रे नमः' - 'હિંસા રહિત યજ્ઞોની પ્રશંસા કરનારા ભગવાન શ્રીહરિને હું નમસ્કાર કરું છું.' (૫૩૧).."

(આ કથન શ્રીમદ્ ભગવદ્ ગીતામાં જણાવતાં ભગવાન **શ્રીકૃષ્ણ** કહે છે : 'सहयज्ञाः प्रजाः सृष्टवा पुरोवाच प्रजापतिः । अनेन प्रसविष्यध्वमेष वोऽस्त्विष्टकामधुक् ।।' - પ્રજાપતિ બ્રહ્માએ કલ્પના શરૂઆતમાં અર્થાત્ સૃષ્ટિના આરંભે યજ્ઞસહિત પ્રજાઓને સર્જીને તે પ્રજાઓને કહ્યું કે, તમે આ યજ્ઞ દ્વારા વૃદ્ધિ પામો અને આ યજ્ઞ તમને બધાને ઈચ્છિત ભોગ આપનાર થાઓ. અધ્યાય - ૩, શ્લોક - ૧૦)

...તેમાં જે પ્રવૃત્તિમાર્ગવાળા હતા તેને તો રાજસી, તામસી એવા પ્રવૃત્તિમાર્ગના યજ્ઞ બતાવ્યા અને જે નિવૃત્તિમાર્ગવાળા હતા તેને તો સાત્ત્વિક યજ્ઞ બતાવ્યા. તે યજ્ઞ શ્રીકૃષ્ણ ભગવાને ભગવદ્ગીતાને વિષે પણ કહ્યા છે...

(આનો **સંદર્ભ** આ પ્રમાણે મળે છે : ➠ 'द्रव्ययज्ञास्तपोयज्ञा योगयज्ञास्तथापरे । स्वाध्यायज्ञानयज्ञाश्च यतयः संशितव्रताः ।।' - અન્ય કેટલાક માણસો દ્રવ્યસંબંધી યજ્ઞ કરનારા છે, કેટલાક તપરૂપી યજ્ઞ કરનારા છે, બીજા કેટલાક પુરુષો અષ્ટાંગ યોગરૂપી યજ્ઞ કરનારા છે અને વળી કેટલાક અહિંસા આદિ લોકોત્તર વ્રતો પાળનારા પ્રયત્નશીલ માણસો સ્વાધ્યાયરૂપી જ્ઞાનયજ્ઞ કરનારા છે. અધ્યાય - ૪, શ્લોક - ૨૮. ➠ 'अफलाकाङ्क्षिभिर्यज्ञो विधिदृष्टो य इज्यते । यष्टव्यमेवेति मनः समाधाय स सात्त्विकः ।। अभिसन्धाय तु फलं दम्भार्थमपि चैव यत् । इज्यते भरतश्रेष्ठ तं यज्ञं विद्धि राजसम् ।। विधिहीनमसृष्टान्नं मन्त्रहीनमदक्षिणम् । श्रद्धाविरहितं यज्ञं तामसं परिचक्षते ।।' - જે શાસ્ત્રવિધિ દ્વારા નિયત થયેલો યજ્ઞ, 'કરવો એ જ કર્તવ્ય છે' એમ મનમાં નિશ્ચય કરીને ફળની ઈચ્છા વિનાના માણસો વડે કરવામાં આવે છે, એ **'સાત્ત્વિક'** છે. પણ હે ભરતશ્રેષ્ઠ ! કેવળ દંભ આચરવા ખાતર અથવા ફળ પ્રત્યે લક્ષ રાખીને જે યજ્ઞ કરાય છે, એ યજ્ઞને તું **'રાજસ'** જાણ. શાસ્ત્રવિધિ વિના, અન્નદાન વિના, મંત્રરહિત, વિના દક્ષિણાએ અને શ્રદ્ધાભાવ વિના કરવામાં આવેલા યજ્ઞને **'તામસ'** યજ્ઞ કહેવાય છે. અધ્યાય - ૧૭, શ્લોક - ૧૧-૧૩.)

...માટે આપણે તો નિવૃત્તિમાર્ગવાળા છીએ તે આપણે તો **સાત્ત્વિક યજ્ઞ** કરવા; પણ જેમાં પશુ મરતાં હોય એવા જે રાજસી, તામસી યજ્ઞ તે આપણે કરવા નહીં. તે સાત્ત્વિક યજ્ઞની રીત જે, દશ ઈન્દ્રિયો ને અગિયારમું મન એ સર્વે જે જે વિષયમાં ચોંટે ત્યાંથી પાછાં ખેંચીને બ્રહ્મઅગ્નિને વિષે હોમવાં. એનું નામ **યોગયજ્ઞ** કહેવાય. અને એવી રીતે હોમતાં હોમતાં જેમ યજ્ઞ કરનારાને ભગવાન દર્શન આપે છે તેમ જ એ યોગયજ્ઞના કરનારાના અંતરને વિષે પોતાનું સ્વરૂપ જે બ્રહ્મ તેને વિષે પરબ્રહ્મ જે શ્રીપુરુષોત્તમ તે પ્રકટ થઈ આવે છે; એ યોગયજ્ઞનું ફળ છે."

આ જ વચનામૃતમાં ભગવાન શ્રીહરિ **'જ્ઞાનયજ્ઞ'**ની વ્યાખ્યા આપતાં કહે છે : "...અને અંતર્દૃષ્ટિએ કરીને જે ભગવાનના ભક્તને વર્તવું તે જ્ઞાનયજ્ઞ કહેવાય છે. હવે કોઈ એમ પૂછે જે, 'અંતર્દૃષ્ટિ તે શું ?' તો તેનો ઉત્તર એ છે જે, બાહેર અથવા માંહેલી કોરે ભગવાનની મૂર્તિ સામી જે વૃત્તિ કરવી એ જ અંતર્દૃષ્ટિ છે. અને તે વિના તો અંતર્દૃષ્ટિ કરીને બેઠો છે પણ બાહ્યદષ્ટિ જ છે. માટે બાહેર ભગવાનનું દર્શન તથા પૂજન તથા ભગવાનનાં કથા, કીર્તન એ આદિક જે જે ભગવાન સંબંધી ક્રિયાઓ હોય તે સર્વે અંતર્દૃષ્ટિ છે અને એ સર્વે જ્ઞાનયજ્ઞ થાય છે. અને તે જ ભગવાનની મૂર્તિને અંતરમાં ધારીને તેનું પૂજન, વંદનાદિક જે કરવું તે પણ અંતર્દૃષ્ટિ છે ને જ્ઞાનયજ્ઞ છે. માટે સત્સંગીમાત્રને તો એવો અખંડ જ્ઞાનયજ્ઞ થાય છે. અને સમાધિ તો કોઈને થાય છે ને કોઈને નથી થતી તે તો પરમેશ્વરની ઈચ્છાએ કરીને એમ રહ્યું છે; અથવા કોઈક ઠેકાણે ભક્તની કચાઈ વતે કરીને એમ રહ્યું છે.

અને કોઈક મૂર્ખ લોક છે તે એમ કહે છે જે, 'ગોપિકાના અંગનાં કીર્તન હોય તે રહેવા દ્યો અને નિર્ગુણ કીર્તન હોય તે ગાવો.' તથા જે ઉઘાડા થઈને ફરતા હોય તેને મૂર્ખ હોય તે નિર્ગુણપુરુષ કહે છે. પણ જો ઉઘાડા ચાલ્યે નિર્ગુણ થવાતું હોય તો કૂતરાં, ગધેડાં ઈત્યાદિક સર્વે નિર્ગુણ કહેવાય, માટે એ તો મૂર્ખની સમજણ છે અને જ્ઞાની ભક્ત હોય તે તો એમ જાણે જે, 'ભગવાનનું સ્વરૂપ છે તે જ **નિર્ગુણ** છે અને



જેને જેને તે ભગવાનનો સંબંધ થયો તે સર્વે નિર્ગુણમાર્ગવાળા છે. અને જે જે કથા-કીર્તનને વિષે ભગવાનના સ્વરૂપનો સંબંધ છે તે સર્વે નિર્ગુણ કહેવાય; અને જે કથા-કીર્તનને વિષે ભગવાનનો સંબંધ ન હોય તે માયિક ગુણે યુક્ત છે, માટે સગુણ કહેવાય. અને જો ભગવાનની પ્રાપ્તિ ન થઈ હોય ને તે ઉઘાડા ફરે તો નિર્ગુણ ન કહેવાય; અને જેને ભગવાનની પ્રાપ્તિ થઈ છે અને ગૃહસ્થાશ્રમી છે તો પણ તે નિર્ગુણ કહેવાય અને ત્યાગી હોય તે પણ નિર્ગુણ કહેવાય.' માટે ભગવાનને પામ્યાનો જે માર્ગ તે જ **નિર્ગુણમાર્ગ** છે અને તે જે જે ભગવાન સંબંધી ક્રિયા કરે તે સર્વે નિર્ગુણ છે. અને જેને ભગવાનનો **સંબંધ** થયો છે તેના ભાગ્યનો પાર આવે નહીં. અને તે ભગવાનનો સંબંધ એક જન્મને પુણ્યે કરીને થતો નથી; એ તો શ્રીકૃષ્ણ ભગવાને ગીતામાં કહ્યું છે જે, 'अनेकजन्मसंसिद्धस्ततो याति परां गतिम् ।' એ શ્લોકનો એ અર્થ છે જે, 'અનેક જન્મનું સુકૃત ભેળું થાય છે તેણે કરીને જે સંસિદ્ધ થયો તે પરમ પદને પામે છે.' તે **પરમ પદ** તે શું ? જે પ્રત્યક્ષ ભગવાનની પ્રાપ્તિ તે જ પરમ પદ છે.



"...ભગવાન શ્રી સ્વામિનારાયણે **અહિંસક યજ્ઞો** કરાવ્યા. આ માટેની વાત પણ સતત સમજાવ્યા કરી. ગઢડા મધ્ય પ્રકરણના ૮માં વચનામૃતમાં અહિંસક અને સાત્ત્વિક યજ્ઞની **સંકલ્પના** જણાવતાં કહે છે :- "જ્યારે બ્રહ્માએ પ્રથમ સૃષ્ટિ કરી ત્યારે સર્વે પ્રજાને કહ્યું જે, 'તમો સર્વે યજ્ઞ કરજ્યો ને તે યજ્ઞે કરીને તમારે સર્વ પુરુષાર્થની સિદ્ધિ થશે અને સૃષ્ટિની પણ વૃદ્ધિ થશે, માટે યજ્ઞ તો જરૂર કરજ્યો.' પછી વેદમાં બહુ પ્રકારના જે યજ્ઞ હતા તે સર્વે બ્રહ્માએ વિધિ સહિત બતાવ્યા....."

અને વળી શ્રીકૃષ્ણ ભગવાને એમ પણ કહ્યું છે જે, 'ममैवांशो जीवलोके जीवभूतः सनातनः । मनःषष्ठानीन्द्रियाणि प्रकृतिस्थानि कर्षति ।।' એ શ્લોકનો અર્થ એ છે જે, 'આ સંસારને વિષે ભગવાનના અંશ જે જીવ છે તે તો મને સહિત જે પંચ જ્ઞાનઈન્દ્રિયો તેને પંચવિષય થકી ખેંચીને પોતાને વશ રાખે છે; અને જે ભગવાનના અંશ નથી તેને તો ઈન્દ્રિયો ખેંચીને જ્યાં પોતાની ઈચ્છા હોય ત્યાં લઈ જાય છે.' માટે આપણ સર્વે ઈન્દ્રિયોના દોર્યા દોરાતા નથી. તો જો ભગવાનના અંશ છીએ; એવું જાણીને અતિશય આનંદમાં રહીને ભગવાનનું ભજન કરવું અને સર્વે ઈન્દ્રિયોની વૃત્તિઓને ભગવાનના સ્વરૂપમાં હોમવી અને સદા **જ્ઞાનયજ્ઞ** કર્યા કરવો. અને યજ્ઞ રહિતનું કોઈ રીતે કલ્યાણ થતું નથી અને ચાર વેદ, સાંખ્યશાસ્ત્ર, યોગશાસ્ત્ર, ધર્મશાસ્ત્ર, અઢાર પુરાણ, ભારત, રામાયણ અને નારદપંચરાત્ર એ આદિક સર્વ **શાસ્ત્રનું** એજ **સિદ્ધાંત** છે જે, 'યજ્ઞ રહિતનું કલ્યાણ થતું નથી' માટે અમારી પણ એ જ **આજ્ઞા** છે જે, 'સર્વે પરમહંસ તથા સર્વે સત્સંગી જ્ઞાનયજ્ઞ કરતા રહેજ્યો. અને એમ ને એમ જ્ઞાનયજ્ઞ કરતાં કરતાં જ્યારે પોતાનું સ્વરૂપ જે બ્રહ્મ તેને વિષે પરબ્રહ્મ ભગવાન સાક્ષાત્કાર દેખાય એ જ જ્ઞાનયજ્ઞનું **ફળ** છે. એવી રીતે જ્ઞાનયજ્ઞ કરતાં કરતાં જ્યારે શ્વેતદ્વીપમાં નિરન્નમુક્ત છે એવું થવાય ત્યારે જ્ઞાનયજ્ઞના વિધિનો અવધિ આવી રહ્યો અને જ્યાં સુધી એવું ન થવાય ત્યાં સુધી એટલું અધૂરું જાણવું. અને નિરન્નમુક્ત જેવા થવાની અતિશય ઈચ્છા રાખવી પણ શ્રદ્ધા રહિત થવું નહીં અને પોતાને વિષે અપૂર્ણપણું માનવું નહીં, ને ભગવાનની પ્રાપ્તિ થઈ છે તેણે કરીને પોતાને **કૃતાર્થ** માનીને ને **સાવધાન** થઈને જ્ઞાનયજ્ઞ કર્યા કરવો."

આ વચનામૃતની આજ્ઞાને પુષ્ટ કરતી **આજ્ઞાઓ** ભગવાન શ્રી સ્વામિનારાયણ **શિક્ષાપત્રીમાં** બતાવતાં કહે છે :

➠ અમારા જે સત્સંગી તેમણે કોઈ જીવપ્રાણી માત્રની હિંસા ન કરવી અને જાણીને તો ઝીણા એવા જૂ, માંકડ, ચાંચડ આદિક જીવ તેમની પણ હિંસા ન કરવી. (શ્લોક - ૧૧)

➠ અને દેવતા અને પિતૃ તેના યજ્ઞને અર્થે પણ બકરાં, મૃગલાં, સસલાં, માછલાં આદિક કોઈ જીવની હિંસા ન કરવી. કેમ જે અહિંસા છે તે જ મોટા ધર્મ છે, એમ સર્વ શાસ્ત્રમાં કહ્યું છે. (શ્લોક - ૧૨)

➠ અને સ્ત્રી, ધન અને રાજ્ય તેની પ્રાપ્તિને અર્થે પણ કોઈ મનુષ્યની હિંસા તો કોઈ પ્રકારે ક્યારેય પણ ન જ કરવી. (શ્લોક - ૧૩)

➠ અને આત્મઘાત તો તીર્થને વિશે પણ ન કરવો, ને ક્રોધે કરીને ન કરવો, અને ક્યારેક કોઈ અયોગ્ય આચરણ થઈ જાય તે થકી મુંઝાઈને પણ આત્મઘાત ન કરવો અને ઝેર ખાઈને તથા ગળે ટૂંપો ખાઈને તથા કૂવે પડીને તથા પર્વત ઉપરથી પડીને ઈત્યાદિક કોઈ રીતે આપઘાત ન કરવો. (શ્લોક - ૧૪)

➠ અને જે માંસ છે તે તો યજ્ઞનું શેષ હોય તો પણ આપત્કાળમાં પણ ક્યારેય ન ખાવું અને ત્રણ પ્રકારની સુરા અને અગિયાર પ્રકારનું મદ્ય તે દેવતાનું નૈવેદ્ય હોય તોપણ ન પીવું. (શ્લોક - ૧૫)

➠ અને ક્યારેક પોતાવતે કાંઈક અયોગ્ય આચરણ થઈ ગયું હોય અથવા કોઈ બીજાવતે અયોગ્ય આચરણ થઈ ગયું હોય તો શસ્ત્રાદિકે કરીને પોતાના અંગનું તથા બીજાના અંગનું છેદન ન કરવું અથવા ક્રોધે કરીને પણ પોતાના અંગનું તથા બીજાના અંગનું છેદન ન કરવું. (શ્લોક - ૧૬)

'શ્રી સત્સંગિજીવન' ગ્રંથમાં ભગવાન શ્રીહરિ માણાવદરમાં જન્માષ્ટમીનો ઉત્સવ કરીને **ભાડેર** પધાર્યા. ત્યાં સંતો-હરિભક્તોની સભામાં બિરાજમાન ભગવાન શ્રીહરિએ **હિંસાપ્રિય** દેવોનું **વ્રત-પૂજન** વગેરેનો **ત્યાગ** કરવાનું કહ્યું છે તેને **વર્ણન** કરતા સ.ગુ. **શ્રી શતાનંદ સ્વામી** લખે છે :

"અહિંસા જ સર્વોત્તમ ધર્મ છે. 'अहिंसा परमो धर्मः' આવું શ્રુતિશાસન છે. માટે મારા સર્વ આશ્રિતોએ હિંસા સર્વ પ્રકારે ત્યાગ કરવી. પોતાનું હિત ઈચ્છનારા ભક્તજનોએ શરીર, વાણી અને મનથી ક્યારેય પણ કોઈ પ્રાણીમાત્રનો દ્રોહ કરવો જ નહિ. મારા આશ્રિતજનોએ સોમયાગાદિ યજ્ઞોમાં પણ દેવોને ઉદ્દેશીને પણ ક્યારેય બકરાં વગેરેની હિંસા કરવી જ નહિ અને સૌત્રામણી યાગમાં પણ સુરાપાન કરવું નહિ. મારા આશ્રિતોએ જે દેવ અથવા દેવીને અગિયાર પ્રકારના મદ્ય સહિત ત્રણ પ્રકારની મદિરા અને માંસનું



## ભગવાન શ્રી સ્વામિનારાયણ અને યજ્ઞીય પરંપરા

નિવેદન થતું હોય અને જે દેવ અને દેવીની આગળ જીવની હિંસા થાય તે દેવ તથા દેવીને માનવાં નહિ. તેવાં દેવ અને દેવીનું વ્રત તથા મંત્રનો જપ કરવો નહિ. આપત્કાળ પડ્યા વિના ક્યારેય પણ તેવા દેવદેવીને નમસ્કાર પણ કરવો નહિ.

કોઈ આધુનિક પંડિતે શંક્તિપંથના રાજાની પ્રીતિ માટે કરેલા કૌલાર્ણવ વગેરે ગ્રંથો સાંભળવા નહિ અને વાંચવા પણ નહિ. કૌલાગમમાં કહેલો દેવી સંપ્રદાય વેદબાહ્ય છે એવી રીતે તમારે જાણવું. મેં નિષેધ કરેલું આ પૃથ્વીમાં જે મનુષ્યો કરે તે મનુષ્યોનો પ્રસંગ પણ મારા આશ્રિતોએ આપત્કાળ વિના કરવો નહિ.

આ દિવસથી આરંભીને જે કોઈ પણ માણસો મેં નિષેધ કરેલું આચરણ કરશે તે મનુષ્યોના વંશનો નિશ્ચે વિનાશ થશે. મારી આજ્ઞાનું ઉલ્લંઘન કરવાથી મારો અનાદર કરનાર મનુષ્યોના ધનનો નાશ થશે; રાજ્ય વિનાશ થશે. લોકમાં પ્રતિષ્ઠા રહિત થશે તથા ઘણો અપયશ થશે. નિષેધનું આચરણ કરનારાઓને ધર્મ-અર્થ-કામ અને મોક્ષ પુરુષાર્થમાંથી એક પણ પુરુષાર્થ ક્યારેય પણ સિદ્ધ થશે નહિ. તે પુરુષો મરીને ઘોર નરકમાં પડશે. આ મારા વચનમાં સંશય કરવો નહિ.

રજોગુણ પ્રકૃતિવાળા અને તામસ પ્રકૃતિવાળા દેવ અને દેવીઓ સુરામાંસનું ભક્ષણ આચરે છે. સાત્ત્વિક પ્રકૃતિવાળા દેવદેવીઓ ક્યારેય પણ સુરામાંસનું ભક્ષણ કરતાં નથી. નવરાત્રિનું વ્રત જે દેવતા સંબંધી છે તે સાત્ત્વિકી દેવી પાર્વતી છે. ધર્મ-જ્ઞાન-વૈરાગ્ય-તપ-ત્યાગ વગેરે ગુણોથી યુક્ત સાત્ત્વિકી દેવી પાર્વતી છે તે તો જેમ લક્ષ્મીજી અને વેદમાતા સાવિત્રી તેવી છે. જેના શંકર પ્રાણવલ્લભ છે એવી પાર્વતીદેવી તો અમારે પૂજ્ય છે. નવરાત્રવ્રત પાર્વતીનું છે.

સાત્ત્વિક દેવો અને દેવીઓનું વ્રત-પૂજન વગેરે કરવું પણ તામસ દેવદેવીઓનું ક્યારેય પણ કરવું નહિ. પોતાના પતિ જે શિવજીની સાથે તપમાં પ્રીતિવાળા પાર્વતીને હિંસા પ્રિય નથી. જે મનુષ્યો તેમની આગળ હિંસા કરે છે તે મનુષ્યો તો અસુરો છે. પાર્વતીના નવરાત્રવ્રતમાં મદ્ય અને માંસથી પૂજન વગેરે યુક્ત કુલાચાર કોઈ ઠેકાણે હોય તો તેવો કુલાચાર તો અધર્મ જ છે એમ નિશ્ચે જાણો. જે ધર્મમાં જીવહિંસા હોય અથવા જે ધર્મમાં સુરાપાન હોય, જે ધર્મમાં વ્યભિચાર (પરસ્ત્રી પ્રસંગ) હોય તે ધર્મ દૂરથી ત્યાગ કરવો. કારણ કે, આવા પ્રકારનો ધર્મ (ધર્માભાસ) આસુરજનોએ કલ્પેલો છે. માટે નિશ્ચે અધર્મ છે. તેના ત્યાગમાં પાપ નથી. આવા ધર્મનો ત્યાગ કરવો તે સત્શાસ્ત્રોથી પ્રમાણ કરાયેલો **પરમ ધર્મ** છે. જેમને મદ્ય-માંસ પ્રિય છે એવા ભૈરવાદિ તુચ્છ દેવતાઓ અને દેવીઓ હોય તે તામસ દેવ અને દેવીઓનું વ્રતપૂજન કરવું નહિ. મારા આશ્રિત, સાત્ત્વિક અને મોક્ષ ઈચ્છનારા વૈષ્ણવ એવા તમોએ હિંસાપ્રિય દેવતાઓનું પૂજન વગેરે કરવું તે યોગ્ય નથી. હિંસા અધર્મની પત્ની છે. અને અહિંસા ધર્મની પત્ની છે. હિંસા અધર્મીજનોને પ્રિય છે તથા અહિંસા ધાર્મિક જનોને પ્રિય છે.''

(શ્રી સત્સંગિજીવન : ૨/૧૬)

જેતલપુર મહા વિષ્ણુયાગમાં કેટલાક શક્તિપંથી બ્રાહ્મણો આ યજ્ઞમાં કોઈપણ રીતે વિઘ્ન કરવા માગતા હતા અને ભગવાન શ્રી સ્વામિનારાયણનું ખોટું દેખાય, એમ કરવા પ્રયત્નશીલ હતા.

ભગવાન શ્રીહરિએ યજ્ઞ માટે આશરે **પાંચસો મણ ઘી** એકઠું કરાવ્યું હતું. આ દ્વેષીલા બ્રાહ્મણોએ ચાર દિવસમાં બધું ઘી હોમી દીધું. લાડુનો મોટો ઢગલો તળાવમાં ફેંકી દીધો અને સામગ્રી ખૂટી ગયાનો શોરબકોર કરવા લાગ્યા. બીજી બાજુ અમદાવાદથી મગાવેલાં ઘી-ખાંડ વગેરે સામગ્રીના ગાડાંઓને અમદાવાદના વામમાર્ગી સૂબાએ રસ્તામાં જ રોકી લીધા.

કોઠારની દેખરેખ રાખનારા **ભક્તો**એ શ્રીજીમહારાજને કહ્યું : ''મહારાજ ! કોઠારમાં ઘી અને ખાંડ ખલાસ થઈ ગયા છે, અમદાવાદથી મગાવેલ સામગ્રીના ગાડાં હજુ પહોંચ્યા નથી, બ્રાહ્મણો દેકારો બોલાવી રહ્યા છે, હવે શું થશે ? એની **ચિંતા** થાય છે.''

શ્રીજીમહારાજે હસીને કહ્યું : ''ચિંતા કરવાની જરૂર નથી, ચાલો અમે કોઠારમાં આવીએ છીએ.''

આટલું કહી ભગવાન શ્રીહરિ કોઠારમાં પધાર્યા. ઘીનાં પાત્રો ખાલી પડ્યાં હતાં. મહારાજે મંદ મંદ હસીને ખાલી પાત્રને છડી અડાડીને કહ્યું : ''જુઓ તો ખરા, આ પાત્ર તો ઘીથી ભરેલું છે !''

હરિભક્તોના આશ્ચર્ય વચ્ચે પાત્ર ઘીથી ભરાયેલ હતું ! આ રીતે છડી અડાડીને શ્રીજીમહારાજે દરેક પાત્રને ઘીથી છલકાવી દીધું અને બોલ્યા : ''આ બધાં પાત્રના મોંઢા લાલ કપડાંથી બાંધી દ્યો, અંખડ ઘીના દીવા કરો, જોઈએ એ પ્રમાણે એક એક પાત્રમાંથી ઘી વાપરતા રહો, લક્ષ્મીજી આપણો કોઠાર અભરે ભરેલો રાખશે !''

આ જ રીતે ભગવાન શ્રીહરિએ ખાંડ-ગોળ વગેરે એક પણ સામગ્રી ખૂટવા દીધી નહિ. દ્વેષીલા બ્રાહ્મણોની કારી ફાવી નહિ. બધા આશ્ચર્યચકિત થઈને જોઈ રહ્યા ! ઘી અને ખાંડ ક્યાંથી આવે છે, તે કોઈને ખબર પડતી ન હતી. કેટલાક **બ્રાહ્મણો** બોલ્યા : ''આ સ્વામિનારાયણને પહોંચાય તેમ નથી, ભારે જાદુગરા છે ! પાણીનું ઘી કરે છે અને રેતીની ખાંડ કરે છે !'' આ રીતે શ્રીજીમહારાજે જેતલપુરમાં અહિંસાત્મક યજ્ઞ નિર્વિઘ્ન પૂર્ણ કર્યો અને વામમાર્ગીઓની સામે જીતનો ડંકો વગાડ્યો.

ભગવાન શ્રી સ્વામિનારાયણે માત્ર **યજ્ઞ** કરવો ન હતો, યજ્ઞમાં પેઠેલી વિકૃતિઓને દૂર કરવી હતી અને અહિંસામય યજ્ઞની **સ્થાપના** કરવી હતી. પૂર્વના કેટલાક મોટા મોટા આચાર્યોએ 'वैदिकी हिंसा हिंसा न भवति ।' 'વેદની હિંસા હિંસા નથી' એમ કહીને વૈદિક હિંસાનો બચાવ કર્યો છે. તેઓએ વેદની હિંસાને વૈદ્ય દ્વારા થતી શસ્ત્રચિકિત્સા સાથે સરખાવતાં કહ્યું છે કે, 'યજ્ઞમાં થતી હિંસા પશુ અને યજમાન બંને માટે કલ્યાણકારી છે. પશુનું બલિદાન આપવાથી પશુને સ્વર્ગ મળે છે અને યજમાનના મનોરથો ફળે છે.'

ભગવાન શ્રીહરિને પૂર્વાચાર્યોનો આવો અર્ધદગ્ધ મત સ્વીકાર્ય

અનુસંધાન પેજ - ૨૬ પર...



# ભુજના હિંસક યજ્ઞનો વિધ્વંસ કરતા ભગવાન શ્રી સ્વામિનારાયણ

ભારતની ગૌરવશાળી સનાતન વૈદિક સંસ્કૃતિ પર જેટલી **જુલ્મી અંધાધૂંધી** રાગથી સંકુચિત મનોવૃત્તિવાળા બ્રાહ્મણોએ કરી હતી તેટલી અન્ય આક્રમણકારો દ્વારા કદાચ કરવામાં આવી નથી. તપોનિષ્ઠ ઋષિઓ દ્વારા કરવામાં આવતા યજ્ઞોમાં બ્રાહ્મણો દ્વારા મંત્રોચ્ચારથી દેવતાઓ પણ મૂર્તિમંત સ્વરૂપ ધારણ કરી હાજર થતાં, પવિત્ર અન્ન, ઘી વગેરે આહુતિથી પ્રસન્ન થઈ દેવતાઓ દ્વારા યજ્ઞ સ્થળ ઉપર આકાશમાંથી પુષ્પવર્ષા કરતા. મોટા મોટા ચક્રવર્તી રાજાઓ; આચરણ યુક્ત અને પવિત્ર બ્રાહ્મણોનું આગમન થતાં પોતાનાં સમ્રાટ સિંહાસન ઉપરથી ઊભા થઈને સ્વાગત કરતા હતા. અને યજ્ઞમાં કોઈપણ પ્રકારની હિંસાનું સ્થાન નહોતું.

પરંતુ ધીમે ધીમે બધું કાળચક્રની ગતિની સાથે બદલાતું ગયું. ૧૮મી અને ૧૯મી સદીમાં ભારતમાં આ **પરિવર્તન** એટલી હદે પહોંચી ગયું કે વૈદિક પરંપરાઓને પ્રજા સમક્ષ ખોટી રીતે પ્રસ્તુત કરવા લાગ્યા. ભારતમાં મુગલ સલ્તનતનાં પતન પછી મરાઠા શક્તિનો ઉદય થયો અને અંગ્રેજોનું આગમન પણ આ સમયમાં થયું. ભારત દેશની **આંતરિક સ્થિતિ** એટલી બધી વણસી ગઈ કે પોતાની માંસાહારની ભૂખ મટાડવાના હેતુથી યજ્ઞોમાં પણ પશુબલિની શરૂઆત થઈ ગઈ.

સનાતન ધર્મના નાના-મોટા અનેક સંપ્રદાયોનો ઉદ્દેશ લોકોને ધર્મના નામ ઉપર પોતાની સ્વાદરુચિ અને વિષય-વાસનાની ભૂખ મટાડવા પૂરતો મર્યાદિત હતો. ગુજરાતમાં પણ યજ્ઞોમાં પશુબલિની પ્રથાની શરૂઆત થઈ ગઈ હતી. આ વૈદિક યજ્ઞોમાં હિંસાની શરૂઆત કરવામાં વામમાર્ગીઓ અને કૌલપંથીઓએ **મુખ્ય ભૂમિકા** ભજવી. ગુજરાતમાં યજ્ઞોમાં થતી હિંસાનાં આ દૃશ્યો જોઈ ભગવાન શ્રી સ્વામિનારાયણનું અંતઃકરણ કરુણાથી ભરાઈ ગયું. યજ્ઞોમાં થતી હિંસાને બંધ કરાવવાનો ભગવાન શ્રીહરિએ **સંકલ્પ** કર્યો.

ભગવાન શ્રી સ્વામિનારાયણના આ અહિંસામય યજ્ઞકાર્ય વિષે **શ્રી કિશોરલાલ મશરૂવાળા** લખે છે : "જેમ જેમ સત્સંગ વધતો ગયો તેમ તેમ ભગવાન શ્રી સ્વામિનારાયણના મહત્ત્વના સિદ્ધાંતો પણ ફેલાવા લાગ્યા. સત્સંગ બહાર પણ એમની ચળવળ શરૂ થઈ. એ ચળવળોમાંની મુખ્ય 'હિંસાયુક્ત યજ્ઞ બંધ કરવાની' હતી. પહેલો પ્રસંગ એમને ભુજમાં મળ્યો. ભુજના કારભારી જગજીવન મહેતાએ યજ્ઞ આરંભ્યો હતો. ભગવાન શ્રી સ્વામિનારાયણે ત્યાં જઈ **અહિંસામય યજ્ઞ** કરવા એમને સમજાવ્યા. જગજીવને પંડિતોની સભા કરી તેમાં સહજાનંદ સ્વામીની **જીત** થઈ. જગજીવન મહેતાને પોતાનો યજ્ઞ બંધ કરવો પડ્યો એ એને રુચ્યું નહીં. એ ભગવાન શ્રી સ્વામિનારાયણનો દ્વેષી થઈ રહ્યો, પણ એની સ્ત્રી ભગવાન શ્રી સ્વામિનારાયણની સત્સંગી થઈ. ત્યારપછી અહિંસામય યજ્ઞ કરવાની પ્રથા પાડવાને ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતે એવા યજ્ઞો કરવાનું આરંભ્યું."

(સહજાનંદ સ્વામી અથવા સ્વામિનારાયણ સંપ્રદાય : પેજ નં. ૪૧)

કચ્છ-ભુજ રાજ્યમાં નાગર બ્રાહ્મણ કુબેરજી, જગજીવન અને





રામચંદ્ર નામે પ્રસિદ્ધ એવા **ત્રણ બ્રાહ્મણો** રાજાના કારભારીઓ હતા. કુબેરજી વગેરે ત્રણેય સગાં ભાઈઓ દેવી ભક્તોમાં અતિ મોટા અને ધનસંપત્તિ તથા વિદ્યાદિ મદથી ઉન્મત્ત થકા મહા અભિમાનવાળા તથા પશુહિંસા પ્રધાન યજ્ઞો પ્રિય હતા.

તે સમયે કચ્છના ગામોમાં અને ખાસ કરીને **ભુજનગર**માં સત્સંગીઓની સંખ્યા વધવા લાગી હતી. તેથી ભગવાન શ્રી સ્વામિનારાયણ કચ્છના ભક્તોની ભક્તિને વશ થઈને પધારતા હતા. ભક્તો શ્રીજીમહારાજને **સાક્ષાત્ ભગવાન** માનતા હતા. તેથી આ વાતથી જગજીવન મહેતા ઘણો દુ:ખી હતો અને ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રત્યે **દ્વેષ** રાખતો હતો. તેમના હાથ નીચે કામ કરતા સુંદરજીભાઈને તે વારંવાર કહેતો : "તમારા સ્વામિનારાયણ વિદ્વાન છે, ચાલાક છે પણ છતાં ભગવાન તો નથી જ."

સુંદરજીભાઈ તે વાત સાંભળી રહેતા પણ **જવાબ** ન આપતા. તે જાણતા કે જગજીવન તામસી છે, પોતાને દેવીભક્ત કહેવરાવે છે છતાં ભક્તિ શું છે તે જાણતા નથી.

જગજીવન મહેતાએ ભુજમાં હાટકેશ મહાદેવનું દેવાલય બંધાવ્યું હતું. તે દેવાલયની બાજુમાં બગીચો કરાવ્યો હતો. તે બગીચાનાં ફૂલ તે મહાદેવ ઉપર હંમેશાં ચઢાવે, એક દિવસ ફૂલ ન મળ્યાં એટલે તરત જ એમણે માળીને પૂછ્યું : "આજે ફૂલ કેમ ન મોકલ્યાં?"

માળીએ ધ્રૂજતાં ધ્રૂજતાં હાથ જોડીને કહ્યું : "સુંદરજીભાઈએ આજે બધાં ફૂલ મંગાવી લીધા છે. તેમને ઘેર સ્વામિનારાયણ ભગવાન પધાર્યા છે."

આ સાંભળી જગજીવન ધૂંધવાયા. ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રત્યેનો તેનો દ્વેષ આ પ્રસંગથી વિશેષ વધ્યો. નવરાત્રથી તેમણે યજ્ઞ આદર્યો હતો. દેશોદેશના વિદ્વાન બ્રાહ્મણોને તેડાવ્યા હતા. પૂર્ણાહુતિને દિવસે યજ્ઞમાં મહાબલિ હોમવા માટે પશુહિંસા પણ મોટા પ્રમાણમાં થવાની હતી. શાક્તપંથી અને વામમાર્ગી બ્રાહ્મણો હિંસામય યજ્ઞો વેદમાન્ય છે તેવું પ્રતિપાદન કરતા અને આ પ્રકારના યજ્ઞો કરવામાં યજમાનોને પ્રોત્સાહન આપતા. તેઓ યજ્ઞની પ્રસાદી જમતા. સૌરાષ્ટ્ર અને ગુજરાતભરમાં બ્રાહ્મણો માંસભક્ષણ કરવામાં અને મદિરાપાનમાં કશું અજુગતું જોતા નહિ. આવા બ્રાહ્મણો જગજીવનના યજ્ઞમાં આચાર્યો બની જુદા જુદા દેવતાનાં સ્થાનકોમાં બેસી ગયા હતા!

કુબેરજી, જગજીવન આદિને લાગ્યું કે સ્વામિનારાયણનો પરાભવ કરવાનો, અપમાન કરવાનો આ સુંદર પ્રસંગ છે. આજે દેશભરના વિદ્વાન બ્રાહ્મણો તેને આંગણે આવ્યા છે. સ્વામિનારાયણની વિદ્વત્તા તેમની આગળ ઝાંખી પડી જશે, તે અપમાનિત થઈ જશે. તેથી ભગવાન શ્રીહરિને આ પ્રસંગે યજ્ઞમાં આવવા **આમંત્રણ** મોકલ્યું. જગજીવનના માણસને જોઈ સુંદરજીભાઈએ શ્રીજીમહારાજને એકાંતમાં કહ્યું : "મહારાજ! આ ત્રણે ભાઈઓ મહાપાપી અને અસુર છે. તેને ત્યાં આ પ્રસંગે જવું તે મને યોગ્ય લાગતું નથી."


ભગવાન શ્રીહરિએ સુંદરજીભાઈની વાત શાંતિથી સાંભળી અને કહ્યું : "યજ્ઞ-યાગાદિ જેવા શુભ પ્રસંગે તો વગર બોલાવ્યે પણ જવું જોઈએ. અને 'अनाहूतोऽध्वरं गच्छेदाहूतः किं पुनस्तदा' એવી સ્મૃતિ છે. જ્યારે આપણને તો આમંત્રણ મળ્યું અને વળી દીવાનના માણસ તેડવા પણ આવ્યા છે, માટે હવે તો ગયા સિવાય છૂટકો જ નથી."

શ્રીજીમહારાજ એટલું કહી સુંદરજીભાઈને તથા થોડા હરિભક્તો અને સંતોને સાથે લઈને જગજીવને આદરેલા યજ્ઞમાં પધાર્યા. ભગવાન શ્રીહરિ યજ્ઞશાળામાં પધાર્યા એટલે જગજીવનના ભાઈ કુબેરજી એકદમ ઊભા થઈને મહારાજ સન્મુખ આવ્યા. ભગવાન શ્રીહરિનું યથાયોગ્ય સ્વાગત કર્યું અને પછી બે હાથ જોડી વિનંતી કરતાં કહ્યું : "હે સ્વામિન્ ! તમો નૈષ્ઠિકેન્દ્ર, વેદશાસ્ત્રના અર્થોના પારંગત છો માટે યજ્ઞની સમાપ્તિ પર્યંત આ નગરમાં નિવાસ કરીને રહો. હું ત્યાં સુધી વર્ણી-સાધુ આદિ આપના સેવકમંડળ સહિત તમારી અન્નદાન વગેરેથી સેવા કરીશ. કારણ કે તમારા જેવા પુરુષો યજ્ઞના આભૂષણ રૂપ છે.

વેદશાસ્ત્રજ્ઞ, યોગ્યતાયુક્ત, સત્કુળમાં ઉત્પન્ન થયેલા આ બ્રાહ્મણો વિવિધ દેશોથી આ યજ્ઞમાં આવેલા છે. કેટલાક બ્રાહ્મણો કાશીનિવાસી છે, કેટલાક દ્રાવિડ દેશના, કેટલાક મહારાષ્ટ્રના નિવાસી, કેટલાક ગૌડ દેશના છે અને કેટલાક ગુજરાતના છે. માટે તમો પણ સ્થિર મનથી આ પુરમાં નિવાસ કરો. અમારા બધાનો આ જ મનોરથ નિશ્ચે છે."

ભગવાન શ્રીહરિ તેમના આ વિનયવચન સાંભળી રહ્યા. પરંતુ યજ્ઞશાળામાં બાંધેલા પશુઓનું **આક્રંદ** સાંભળી ભગવાન શ્રીહરિને ધ્રુજારી છૂટી ગઈ. મહારાજે જોયું કે હું અહીં રહીશ તો મારી જ હાજરીમાં આ નિર્દોષ પશુઓનો વધ અહીં થશે.

શ્રીજીમહારાજે કુબેરજી તથા યજ્ઞશાળામાં વિધિ કરાવતા બ્રાહ્મણોને સંબોધીને કહ્યું : 'सज्जनो न सभां गच्छेद्गतश्चेत्प्रवदेदृतम् । अब्रुवन्विब्रुवन्वापि पापी स्यात्तद्ब्रवीम्यृतम् ।।' - "સજ્જન પુરુષ ક્યારેય સભામાં પ્રવેશ કરતા નથી અને જો જાય છે તો સત્ય વસ્તુનું જ પ્રતિપાદન કરે છે. જે વ્યક્તિ સભામાં ગયા પછી જાણવા છતાં બોલતો નથી અથવા



શ્રીજીમહારાજે કુબેરજી તથા યજ્ઞશાળામાં વિધિ કરાવતા બ્રાહ્મણોને સંબોધીને કહ્યું : "સજ્જન પુરુષ ક્યારેય સભામાં પ્રવેશ કરતા નથી અને જો જાય છે તો સત્ય વસ્તુનું જ પ્રતિપાદન કરે છે. જે વ્યક્તિ સભામાં ગયા પછી જાણવા છતાં બોલતો નથી અથવા વિપરીત અર્થનું પ્રતિપાદન કરે છે તેને માથે પાપ લાગે છે. તેથી હું જેમ છે તેમ યથાર્થ વસ્તુનું પ્રતિપાદન કરીશ. સત્ત્વપ્રધાન મનુષ્યોએ અને વિશેષપણે કરીને બ્રાહ્મણોએ પશુના અવલંબન રહિત યજ્ઞનું અનુષ્ઠાન કરવું જોઈએ."



વિપરીત અર્થનું પ્રતિપાદન કરે છે તેને માથે પાપ લાગે છે. તેથી હું જેમ છે તેમ યથાર્થ વસ્તુનું પ્રતિપાદન કરીશ. સત્ત્વપ્રધાન મનુષ્યોએ અને વિશેષપણે કરીને બ્રાહ્મણોએ પશુના અવલંબન રહિત યજ્ઞનું અનુષ્ઠાન કરવું જોઈએ.''

ભગવાન શ્રીહરિના આ શબ્દો સાંભળી બધા સ્તબ્ધ થઈ ગયા ! આવો મહાન યજ્ઞ, આટલા બધા વિદ્વાન બ્રાહ્મણોની હાજરી, રોજ થતું બ્રહ્મભોજન અને રોજ બ્રાહ્મણોને અપાતી દક્ષિણા - આટલાં બધા શુભ કાર્યો થતાં હતાં, છતાં આમાં અશુભ શું છે ? શાસ્ત્રબહાર શું છે કે જેથી સ્વામિનારાયણને આવા શબ્દો કહેવા પડે છે ! જાણે આ બધા જ પુણ્યકાર્યની તુલનામાં પશુહિંસા તેમને નહિવત્ લાગતી હતી ! તેમણે તો એને પણ પુણ્યકાર્ય જ માન્યું હતું.

શ્રીજીમહારાજના આ શબ્દો સાંભળી જગજીવન તથા તેના ભાઈ રામચંદ્ર અને તે વિધિ કરાવતા બ્રાહ્મણો પણ ભગવાન શ્રીહરિ પાસે આવી ગયા. શ્રીહરિએ કુબેરજીને કહ્યું : ''તમો કહો છો કે આ બ્રાહ્મણો પવિત્ર છે, વિદ્વાનો છે, તો તેઓ પશુહિંસા કેવી રીતે કરાવશે ? યજ્ઞમાં હિંસાનો નિષેધ આપણા તમામ શાસ્ત્રોમાં છે. જો બ્રાહ્મણો પશુહિંસા કરાવશે, તો તેમનું બ્રાહ્મણત્વ નષ્ટ થઈ જશે.''

ભગવાન શ્રી સ્વામિનારાયણ અને જગજીવન આદિક વિદ્વાન બ્રાહ્મણો સાથે **શાસ્ત્રાર્થ** થયો તેનું વિગતવાર **વર્ણન** કરતા સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી **'શ્રી સત્સંગિજીવન'** ગ્રંથમાં લખે છે :

'હે વિપ્ર ! આ અર્થમાં **હેમંદ્રિ** નામના વિદ્વાને ઘણાં પુરાણ-ધર્મશાસ્ત્રાદિનાં **વચનો** ગ્રહણ કરેલાં છે. તે વાક્યોમાંથી કેટલાંક વાક્યો તમોને હું કહું છું. હેમચંદ્ર સમુદ્ધૃત સારમાં પ્રથમ વહ્નિ પુરાણમાં કહેલું વાક્ય કહે છે કે, બ્રાહ્મણપણામાં અત્યુત્તમ બ્રાહ્મણના ઘરમાં જન્મ કારણ નથી, સારું કુળ (ગોત્ર) કારણ નથી, સ્વાધ્યાય (વેદાધ્યયન) નથી, શાસ્ત્રાધ્યયન પણ કારણ નથી. પરંતુ સારું વૃત્ત એટલે કે સદાચાર જ બ્રાહ્મણપણામાં કારણ છે. સારા વૃત્ત રહિત માટે જ દુરાત્મા પુરુષનું કેવળ કુળમાત્ર શું કરશે ? (કંઈ પણ કરી શકે નહિ !) સુગંધીમાન પુષ્પોમાં સૂક્ષ્મ કીડાઓ શું નથી ઉત્પન્ન થતા ? (ઉત્પન્ન થાય જ છે.) કેવળ એક વેદાધ્યયન જ બ્રાહ્મણપણામાં સર્વ ભાવથી ગ્રહણ ન કરવું, માટે બ્રાહ્મણપણામાં સત્યાદિ વૃત્ત ખોળવું. વૃત્તથી જ **બ્રાહ્મણપણું** છે. બ્રાહ્મણપણામાં વેદાધ્યયન જ જો ગ્રહણ કરતા હોય, તો રાક્ષસો શું વેદ નથી ભણતા ? વેદ ભણેલા પણ (રાવણાદિ) બ્રાહ્મણો **રાક્ષસ** નામથી પ્રસિદ્ધ થયા છે પણ બ્રાહ્મણનામથી કોઈ **પ્રસિદ્ધ** થયા નથી.

નટની માફક વેષમાત્રથી હિંસાદિ પાપયુકત મનવાળા બ્રાહ્મણને ઘણા **શાસ્ત્રાધ્યયનથી** પણ શો અર્થ છે ? કંઈ પણ નથી. માટે જે બ્રાહ્મણ સત્યાદિ સદ્‌વ્રતનું આચરણ કરે છે તે બ્રાહ્મણે શાસ્ત્રનું અધ્યયન કર્યું જ છે. જેમ સ્વતઃ પવિત્ર જળ મનુષ્યની ખોપરીમાં ભરેલું, તથા સ્વતઃ પવિત્ર દૂધ કૂતરાનાં ચામડાંનાંપાત્રમાં ભરેલું; જેમ સ્થાનના દોષથી દૂષિત થાય છે તેવી રીતે સત્યાદિ વૃત્ત રહિત બ્રાહ્મણમાં રહેલું શાસ્ત્ર સ્થાનદોષથી દૂષિત થાય છે.

> 'હંમેશાં અહિંસામાં પ્રીતિવાળો - નિત્ય અગ્નિમાં હોમ કરનારો, એક પત્નીવ્રતવાળો, યથાશક્તિ દાન આપનારો એવા પ્રકારનો જે હોય તે જ **બ્રાહ્મણ** કહેવાય છે. સત્ય, દાન, ક્ષમા, શીલ, ક્રૂરતાએ રહિતપણું, દયા, ઘૃણા : આ સદ્‌વૃત્તવાચ્ય ગુણો આ લોકમાં જે બ્રાહ્મણમાં દેખાય છે, દેવો તેને બ્રાહ્મણ કહે છે.

યમસ્મૃતિમાં કહે છે :- 'अहिंसानिरतो नित्यं जुह्वानो जातवेदसम् । स्वदारनिरतो दाता स वै ब्राह्मण उच्यते ।। सत्यं दानं क्षमा शीलमानृशंस्यं दया घृणा । दृश्यन्ते यत्र लोकेस्मिंस्तं देवा ब्राह्मणं विदुः ।।' - 'હંમેશાં અહિંસામાં પ્રીતિવાળો - નિત્ય અગ્નિમાં હોમ કરનારો, એક પત્નીવ્રતવાળો, યથાશક્તિ દાન આપનારો એવા પ્રકારનો જે હોય તે જ **બ્રાહ્મણ** કહેવાય છે. સત્ય, દાન, ક્ષમા, શીલ, ક્રૂરતાએ રહિતપણું, દયા, ઘૃણા : આ સદ્‌વૃત્તવાચ્ય ગુણો આ લોકમાં જે બ્રાહ્મણમાં દેખાય છે, દેવો તેને બ્રાહ્મણ કહે છે. તેવી રીતે યમ-શાતાતપ બંને ઋષિઓ કહે છે : તપ, વર્ણાશ્રમને યોગ્ય સદાચારરૂપી ધર્મ, દમ, દાન,સત્ય, શૌચ, શાસ્ત્રાધ્યયન, ઘૃણા (દયા), વિદ્યા, વિનય, અસ્તેય અને તપ આદિ **બ્રાહ્મણનું લક્ષણ** છે. વસિષ્ઠ કહે છે : યાગ, તપ, દયા, દાન, સત્ય, શૌચ, શ્રુત એટલે શાસ્ત્રાધ્યયન, ઘૃણા, વિદ્યા-શાસ્ત્રજન્ય જ્ઞાન, વિજ્ઞાન-પ્રત્યક્ષના અર્થનો અનુભવ, આસ્તિક્ય- પરલોકાદિમાં સત્યપણાની બુદ્ધિ : આ કહેલા-યાગાદિ લક્ષણવાળો **બ્રાહ્મણ** કહેવાય છે. ક્ષમાવાળા, ઈન્દ્રિયો - અંતઃકરણને વશ કરનાર જેમના કાન શાસ્ત્રશ્રવણથી પરિપૂર્ણ છે; જેમણે ઈન્દ્રિયો જીતેલાં છે, પ્રાણીના વધથી નિવૃત્તિ પામેલા; (યાગાદિમાં પણ જીવહિંસા નહિ કરનારા) અને દાનગ્રહણમાં જેમના હાથ સંકુચિત રહે છે એવા જે હોય તે બ્રાહ્મણો જ જનોનો સંસારથી ઉદ્ધાર કરવા માટે શક્તિમાન છે. ક્ષમા, ઈન્દ્રિયોનો નિગ્રહ,દયા, સત્ય, દાન, શીલ, તપ, શ્રુત : આ આઠ અંગવાળાને **સર્વોત્તમ પાત્ર** કહેલું છે.

યાજ્ઞવલ્ક્ય ઋષિ કહે છે : 'न विद्यया केवलया तपसा वापि पात्रता । यत्र वृत्तमिमे चोभे तद्धि पात्रं प्रकीर्तितम् ।।' - કેવળ વિદ્યાથી પાત્રતા નથી. કેવળ તપથી પણ પાત્રતા નથી. જે બ્રાહ્મણમાં સત્યાદિ (પહેલાં કહ્યાં તે) વ્રત હોય અને તપ અને વિદ્યા બંને હોય તે બ્રાહ્મણ પાત્ર કહેલા છે.

હે બ્રાહ્મણોમાં ઉત્તમ કુબેરજી ! આ વગેરે ઘણાં વાક્યો બ્રાહ્મણોના દયાળુપણામાં છે. સદાચારનિષ્ઠ વિદ્વાનજનો તે વાક્યોને પ્રમાણપણે માને છે. માટે તમોએ આ યજ્ઞ પશુહિંસાએ રહિત કરવો. તેનાથી તમો સર્વ ઈચ્છિત ફળ રૂપી કલ્યાણને પામશો જ. આ પૂર્વે કહેલા લક્ષણવાળા પાત્ર બ્રાહ્મણો જે યજ્ઞમાં હોય તે યજ્ઞમાં સંકલ્પમાત્રથી પણ અજાદિ



પ્રાણીઓની હિંસાનો સંભવ જ ક્યાંથી હોય ? ન જ હોય.

આ યજ્ઞ સ્થાનમાં મરણના ત્રાસથી આક્રંદન કરતા બાંધેલાં બકરાં વગેરેને જોતા મારા મનમાં દયાના વશથી નિશ્ચે અત્યંત દુઃખ થાય છે. ડાંગર, જવ, ઘઉં, તલ વગેરે અન્નોથી તથા દૂધ, દહીં, ઘી-સાકર વગેરે રસોથી યજ્ઞ કરો. તેવો યજ્ઞ કરવાથી દેવતાઓ તૃપ્તિ પામશે જ. ભાગવતાદિ શાસ્ત્રોમાં દેવોને સાત્ત્વિક પ્રકૃતિ પ્રધાનવાળા કહેલા છે તથા અસુરોને તામસ પ્રકૃતિ પ્રધાનવાળા કહેલા છે અને મનુષ્યોને રાજસ પ્રકૃતિ પ્રધાન કહેલા છે તે સર્વે અનુક્રમથી ઊર્ધ્વલોક-અધોલોક અને મધ્યલોકનિવાસી કહેલા છે. અસુરો, તમોગુણ સ્વભાવ હોવાથી મદ્ય-માંસ પ્રિય હોય છે. સત્ત્વગુણ પ્રકૃતિવાળા દેવો તો ચોખા, ઘઉં, જવ વગેરે અન્ન અને દૂધ, દહીં, ઘી, સાકર વગેરે રસો પ્રિય જેમને છે એવા છે. દેશકાળાદિના વિષમપણાથી સર્વથા પોતાને ધન-ધાન્ય પુષ્કળ હોય, ત્યારે તો માંસથી દેવોનું યજ્ઞ દ્વારા પૂજન; યોગ્ય નથી. અન્નાદિના અભાવમાં ક્યારેક પોતાના પ્રાણ જવાના સમયમાં, માંસોથી પણ વિશ્વામિત્રની માફક પોતાના પ્રાણની રક્ષા માટે દેવપૂજન કરવું. વિવિધ પ્રકારનાં અન્નો તથા રસો હોવા છતાં પણ, આપત્કાળ પડ્યા વિના પણ તમોએ લોક અને શાસ્ત્રનિંદિત આ હિંસામય યજ્ઞ કરાય છે તે યોગ્ય નથી. જો તમો આ પશુઓને છોડી મૂકીને પાયસાદિ હુત દ્રવ્યોથી યજ્ઞ કરશો, તો જ અમો આ પુરમાં રહીશું. એમ નહિ થાય તો રહીશું નહિ.'

આ પ્રકારે શ્રીહરિનું વચન સાંભળી તે કુબેરજી બ્રાહ્મણ આશંકા યુક્ત થયો. કેટલાક સાત્ત્વિક બ્રાહ્મણો 'શ્રીહરિએ સત્ય કહ્યું છે' આ પ્રમાણે જાણતા હતા. તે સમયે રજોગુણ, તમોગુણ સ્વભાવવાળા કાશીના બ્રાહ્મણો તથા મહારાષ્ટ્ર-દ્રાવિડના બ્રાહ્મણોએ પ્રેરણા કરાયેલો; તેવા પ્રકારના સ્વભાવવાળો, મહામાની જગજીવન શ્રીહરિને કહેવા લાગ્યો : 'અજાદિ પશુઓ યજ્ઞ માટે સર્જેલાં છે આવી વેદની શ્રુતિ છે માટે યજ્ઞ વિના પશુઓનો નાશ કરે તે પુરુષો અસુરો માનેલા છે. 'વેદવિહિત જે હિંસા તેને (મનુ વગેરે) બુધજનોએ હિંસા માનેલી નથી. તેથી જ પૂર્વકાળને વિષે રાજા વગેરેએ હજારો, પશુહિંસામય યજ્ઞો કરેલા છે. વેદોક્ત પુરાતન માર્ગને અન્ય પ્રકારે (મિથ્યા કરવા) કોણ સમર્થ થાય? માટે અમો વેદોક્ત રીતિથી જ યજ્ઞ કરીશું.'

હિંસામાં પ્રીતિવાળા તેમજ વેદનું તાત્પર્ય નહિ જાણનારા જગજીવનનું વાક્ય સાંભળી **શ્રીસહજાનંદ સ્વામી** ફરીથી જગજીવનનું હિતકારી વચન બોલ્યા : 'હે દ્વિજ ! વેદનું તાત્પર્ય હિંસામાં નથી, પરંતુ રાગપ્રાપ્ત હિંસાના સંકોચમાં; સર્વ પ્રકારે નિશ્ચે તાત્પર્ય છે. રજોગુણવાળા અને તામસ પ્રકૃતિવાળાને સ્વાભાવિકી જીવહિંસામાં પ્રવૃત્તિ છે, વિધિવાક્યથી તેમાં પ્રેરણા નથી. 'જો હિંસામાં અનુરાગ હોય તો તે હિંસા યજ્ઞમાં કરવી' : આ પ્રમાણે વેદ બોલતા સતા હિંસાનો સંકોચ કરે છે. વેદનું તાત્પર્ય ધીમે ધીમે સંકોચપૂર્વક હિંસાની નિવૃત્તિમાં જ છે. આ મારો કહેલો નિર્ણય શ્રીમદ્‌ભાગવતમાં કહેલો છે તેને સાંભળો : લોકમાં મનુષ્યમાત્રને મૈથુન-માંસ-મદ્યનું સેવન તો, રાગથી પ્રાપ્ત છે. પણ તેમાં વિધિ નથી. મૈથુનાદિમાં વ્યવસ્થા કરાય છે. વિવાહિત સ્ત્રીમાં મૈથુન-યજ્ઞ નિમિત્તે માંસભક્ષણ-સૌત્રામણી યાગમાં મદ્યપાન : આવી વ્યવસ્થા કરી છે. પણ તેનાથી નિવૃત્તિ પામવી તે ઈષ્ટ છે. (ન કેવળ હિંસાના સંકોચ માટે હિંસાથી નિવૃત્તિ કહે છે. પરંતુ કામ્યકર્મના વિધાનપૂર્વક કામ્યકર્મથી પણ નિવૃત્તિ **વેસ** કહે છે :) કામ્યકર્મના વિધાનના અભિપ્રાયને નહિ જાણનાર, બાળક સમાન પુરુષોના અનુશાસનરૂપ 'યજેત સ્વર્ગફલઃ' આ વેદ (પરોક્ષવાદ) કામ્યકર્મથી નિવૃત્તિ પ્રત્યક્ષપણે કહેતો નથી. કર્મની મુકિત માટે ધીમે ધીમે કામ્યકર્મોથી નિવૃત્તિ માટે સ્વર્ગાદિફળની ઉદ્દેશ્યતાથી યજ્ઞાદિ કર્મો વિધાન કરે છે. તેમાં (દૃષ્ટાંત આપે છે) જેમ પિતા બાળકોને ઔષધનું પાન કરાવતા થકા સાકર-પતાસાં વગેરે બતાવે છે. તે તો કેવળ બતાવવા માત્ર જ છે. ક્યારેય પણ સર્વ હિતનો ઉપદેશક વેદ હિંસા તાત્પર્યવાળો જાણો નહિ. એમ જાણશો તો હજારો ઉપાયથી પણ વારણ ના થઈ શકે તેવો અનર્થ અવશ્ય જ થશે તેમાં સંશય નથી.

(વેદને વાણીથી પણ હિંસા પરત્વે કહેવાથી **મહાન્ અનર્થ**માં **દ્રષ્ટાંત** કહે છે :) હે બ્રાહ્મણ ! પૂર્વે ઉપરિચર (આકાશમાં ગતિવાળો) વસુ નામનો  રાજા હતો. યજ્ઞ કરનારા ઈન્દ્રાદિ દેવો અને તેમના યજ્ઞમાં તત્કાળ આવેલા વૃદ્ધ મહર્ષિઓ ત્યાં યદૃચ્છાથી આવેલા **વસુરાજા** પ્રત્યે(પોતાના વિવાદ સંબંધી) સંશય પૂછવા લાગ્યા : 'વેદ હિંસા પર છે કે હિંસા પર નથી' : આ પ્રમાણે તેમણે પુછાયેલા વસુરાજા 'વેદ હિંસા પર છે' એમ બોલ્યા. આવું બોલ્યા પછી તે રાજા એ સમયે આકાશથી પૃથ્વીમાં પડ્યા. આ રાજા આકાશમાં ફરનાર, તત્કાળ જ પૃથ્વીમાં ફરનારો થયો. આ કથા વાયુપુરાણ, મત્સ્ય-પુરાણ અને ભારતાદિમાં છે. જો વેદને હિંસા અભિમત હોય તો વસુરાજા, વેદ હિંસા પર છે એમ કહેવા માત્રથી તત્કાળ પૃથ્વીમાં કયા કારણથી પડે ? અર્થાત્ પડે જ નહિ. માટે તમો વેદને હિંસાની  નિવૃત્તિમાં તાત્પર્યવાળો જાણો.'

આવી રીતે શ્રીહરિએ કહેલા જગજીવન બ્રાહ્મણે મહાક્રોધથી તપાયમાન થઈને ફરીથી પણ શ્રીહરિ પ્રત્યે **આક્ષેપ** કર્યો : 'યજ્ઞ કરનારાઓએ યજ્ઞમાં મંત્ર-સંસ્કારપૂર્વક હણાયેલાં સમગ્ર પશુઓ પશુજન્મથી રહિત થઈને સ્વર્ગમાં જાય છે; અર્થાત્ દેવ-દેહને પામે છે જ. 'યજ્ઞમાં કરાયેલી હિંસા ધર્મ જ છે' એમ નિશ્ચિત છે, છતાં યજ્ઞની હિંસાને અધર્મ કહેતા તમો; પંડિત-બ્રાહ્મણોની સભામાં શોભતા

આ યજ્ઞ સ્થાનમાં મરણના ત્રાસથી આક્રંદન કરતા બાંધેલાં બકરાં વગેરેને જોતા મારા મનમાં દયાના વશથી નિશ્ચે અત્યંત દુઃખ થાય છે. ડાંગર, જવ, ઘઉં, તલ વગેરે અન્નોથી તથા દૂધ, દહીં, ઘી-સાકર વગેરે રસોથી યજ્ઞ કરો. તેવો યજ્ઞ કરવાથી દેવતાઓ તૃપ્તિ પામશે જ.



## ભુજના હિંસક યજ્ઞનો વિધ્વંસ કરતા ભગવાન શ્રી સ્વામિનારાયણ

નથી. યજ્ઞ શેષ માંસ-સુરાપાન-મત્સ્યાદિના ભક્ષણમાં 'યજ્ઞશેષને ખાનારા સત્પુરુષો સર્વ પાપોથી મુક્ત થાય છે' આવું ગીતામાં કહેલું શ્રીકૃષ્ણનું વચન પ્રમાણ છે.'

આ પ્રકારે માંસ ખાવાની રુચિવાળા; દંભમાત્રથી યજ્ઞ કરનારા, ધર્મ વિરુદ્ધ હિંસામાં ધર્મપણાના અભિમાનવાળા જગજીવનની વાણી સાંભળીને **શ્રીનારાયણમુનિ** બોલ્યા : 'હે બ્રાહ્મણ ! પશુહિંસા ધર્મ છે એમ તમારો જ મત છે. સત્પુરુષોનો મત નથી. (વેદના અર્થને જાણનારા નારદાદિ સત્પુરુષોનો એવો મત નથી) કારણ કે ધર્મનું ફળ સુખ છે. પાપકર્મનું ફળ દુઃખ છે. શ્રીમદ્ભાગવતમાં નારદ ઋષિએ યજ્ઞમાં પણ પશુમારણકર્મનું ફળ દુઃખ જ કહેલું છે તે હું તમોને કહું છું. 'અધ્યાત્મતત્ત્વને જાણનારા પરમ કારુણિક નારદે હિંસામય યજ્ઞાદિ કર્મમાં આસક્ત મનવાળા પ્રાચીન બર્હિષ રાજાને બોધ આપ્યો : 'હે પ્રજાપતે ! હે રાજન્ ! નિર્દય એવા તમોએ યજ્ઞમાં મારેલા હજારો જીવસમુદાયોને આકાશમાં જુઓ. આ તમોએ મારેલાં પશુઓ તમોએ કરેલી પોતાના હનનની પીડાને સ્મરણ કરતા સતા મૃત્યુ પછીના તમારા આગમનની રાહ જુએ છે' પછી ઉત્પન્ન થયેલાં ક્રોધવાળાં પશુઓ લોઢાનાં યંત્રમય શીંગડાંથી તમોને છેદશે.'

નિર્દય પુરંજન રાજાએ મારેલાં યજ્ઞપશુઓ, ક્રોધ પામેલા સતા પુરંજન રાજાએ કરેલા પોતાના હનનરૂપ પાપને સંભારતા થકા પુરંજન રાજાને લોઢાની ફરશીઓથી છેદી નાખતા હતા. નારદે કહેલું વાક્ય સાંભળી પ્રાચીન બર્હિષ રાજાએ પશુહિંસા યુક્ત યજ્ઞોનો ત્યાગ કરી પશુહિંસા રહિત યજ્ઞાદિલક્ષણ ધર્મનો આશ્રય કર્યો. માટે તમો પણ સુજ્ઞ છો, પૃથ્વીમાં સત્કીર્તિથી વિખ્યાત છો; તેથી સમગ્રપણે પશુહિંસા વિના યજ્ઞ કરવા માટે યોગ્ય છો.'

શ્રીહરિએ આ પ્રમાણે કહ્યું તો પણ જગજીવન બ્રાહ્મણે તો પોતાના મતનો ત્યાગ કર્યો નહિ. તે સમયે શ્રીહરિ તે બ્રાહ્મણને સત્કુળ, ધન વગેરેના મદથી અતિશય ગર્વયુક્ત જાણતા સતા તત્કાળ જ ત્યાંથી પોતાના નિવાસસ્થાન પ્રત્યે ગયા.

પછી શ્રીહરિ બીજે દિવસે પોતાના ભક્તજનોને પોતપોતાના ધર્મમાં રહેવા માટે આજ્ઞા કરી ભુજનગરથી નીકળ્યા. તે સમયે ભક્તો દૂરદેશપર્યંત શ્રીહરિની પછવાડે આવ્યા. શ્રીહરિ પોતાના ભક્તજનોને પાછા વાળી માર્ગમાં રહેલાં તે તે ગામોમાં રહેલા ભક્તોને સુખ આપતાં કેટલાક દિવસે ધમડકાપુરમાં ગયા. શ્રીહરિ ભુજથી નીકળ્યા પછી મદ અને માનથી વિપરીત ભાવને પામેલી બુદ્ધિવાળા જગજીવન બ્રાહ્મણે શ્રીહરિના વચનનું ઉલ્લંઘન કરી પોતાનો **હિંસામય યજ્ઞ** આરંભ કર્યો અને યજ્ઞમાં પશુઓને હણ્યાં.

શ્રીહરિના વાક્યનું ઉલ્લંઘન કર્યું તેથી અને વેદને હિંસા પરત્વે છે એમ કહેવાથી જગજીવન બ્રાહ્મણનું **મહાન અનિષ્ટ** થયું. ઈશ્વર ઈચ્છાથી એકદમ જગજીવન બ્રાહ્મણ ઉપર તે પુરના રાજાનો મહાક્રોધ થયો. કોપાયમાન રાજાએ પોતાનાં સૈન્ય દ્વારા તે જગજીવનના યજ્ઞને ઉખેડી નાખ્યો. પૂર્વે શિવનું અપમાન કરનાર દક્ષ પ્રજાપતિનો યજ્ઞ જેમ વીરભદ્રે ઉખેડી નાખ્યો હતો તેવી રીતે આ જગજીવનનો યજ્ઞ રાજાએ ઉખેડી નાખ્યો. તે બ્રાહ્મણનું સમગ્ર દ્રવ્ય, શિબિકા વગેરે વાહનો તથા ઘરનાં ઉપકરણો અને યજ્ઞનાં પાત્રો અને જલેબી, પેંડા, બરફી, મોતિયા લાડુ વગેરે પકવાનના સમુદાયોને સૈનિકો અપહરણ કરી ગયા.


તે સમયે ઘણા અભિમાનવાળા, ક્રોધ પામેલા કુબેરજી વગેરે સગા ત્રણેય ભાઈઓ સશસ્ત્ર પોતાના નોકરોએ સહિત રાજાના સૈનિકોની સાથે યુદ્ધ કરવા લાગ્યા. મોટી દાઢીવાળા-મુસલમાનાદિ રાજસૈન્યોએ તાડન કરાયેલા કાશી વગેરેના બ્રાહ્મણો ઊંચા સ્વરે રુદન કરતા થકા ભુજથી નાસી ગયા. મારવાની બીકથી બૂમો પાડતા અને દોડતા; રાજાના સૈનિકોએ જેઓનું દ્રવ્ય લૂંટી લીધું છે એવા બ્રાહ્મણોની પાછળ દોડતા કાળ સમાન સૈનિકોને રાજાએ પાછા વાળ્યા.

યુદ્ધમાં તરવારો જેમના હાથમાં છે એવા, નિર્દય, રાજાના યોદ્ધાઓએ હાથમાં તરવારોવાળા, ક્રોધના આવેશથી લાલ નેત્રોવાળા અને પોતાને હણનારા એવા તે કુબેરજી વગેરેને તરવારોથી તેમનાં મસ્તકો છેદી મારી નાખ્યાં. પુત્રોએ સહિત તેમ જ ચાકરોએ સહિત તે ત્રણેય પણ યુદ્ધમાં નાશ પામ્યા અને તત્કાળ જ માંસ ખાનારાં કાગડા, ગૃધપક્ષી, કૂતરાં વગેરેથી ભક્ષણ કરાયા.

ભુજનગરમાં ચોતરફ મહાન હાહાકાર થઈ ગયો. તે પુરના વાસીજનો શ્રીહરિના **વાક્યના ઉલ્લંઘનનું** જ આ સર્વસ્વ નાશરૂપ ફળ જાણતા હતા. પછી યજ્ઞાદિમાં દેવતાને ઉદ્દેશીને કરેલી **જીવહિંસા** (અજાદિ પ્રાણીવધ) પણ **સર્વનાશકારી** છે : આ પ્રમાણે સર્વ દેશોમાં વાર્તા પ્રસરી ગઈ. ત્યારથી આરંભીને પૃથ્વીમાં ધાર્મિક પુરુષોએ યજ્ઞાદિમાં પણ પ્રાણીવધ તથા દેવાદિકને નિવેદન કરેલાં એવાં પણ મદ્યમાંસાદિનાં ભક્ષણનો ત્યાગ કર્યો. આ પ્રમાણે આસુર કર્મને નાશ કરનારા શ્રીહરિનો પ્રતાપ પૃથ્વીમાં **પ્રસિદ્ધ** થયો. તે શ્રીહરિના પ્રતાપથી પત્નીએ સહિત અને પુત્રે સહિત ધર્મપ્રજાપતિ પોષણ પામીને અત્યંત આનંદ પામ્યા.

(શ્રી સત્સંગિજીવન : ૨/૧૯)

ઉપરોક્ત પ્રસંગનું સવિસ્તૃત વર્ણનું સ.ગુ. શ્રી આધારાનંદ સ્વામી કૃત 'શ્રીહરિચરિત્રામૃતસાગર' ગ્રંથમાં પૂર - ૧૨ના તરંગ ૨૮ થી ૩૬ સુધી કરવામાં આવ્યું છે. તેમજ સંપ્રદાયના શ્રીહરિદિગ્વિજય, શ્રીહરિલીલામૃત, શ્રીપુરુષોત્તમલીલામૃતસાગર જેવા અન્યો ગ્રંથોમાં પણ વર્ણન કરાયેલું છે.



નારદે કહેલું વાક્ય સાંભળી પ્રાચીન બર્હિષ રાજાએ પશુહિંસા યુક્ત યજ્ઞોનો ત્યાગ કરી પશુહિંસા રહિત યજ્ઞાદિલક્ષણ ધર્મનો આશ્રય કર્યો.

# આપણા ધર્મગ્રંથોમાં યજ્ઞ મહિમા

➠ यज्ञो वै श्रेष्ठतमं कर्म । - યજ્ઞ જ દુનિયાનું સર્વશ્રેષ્ઠ કાર્ય છે. (શતપથ : ૧-૭-૧-૫)

➠ अयज्ञियो हतवर्चा । - યજ્ઞ ન કરનારનું તેજ નષ્ટ થઈ જાય છે. (અથર્વવેદ : ૧૨-૨-૩૭)

➠ नाग्निहोत्रात्परो धर्मः । - અગ્નિહોત્રથી શ્રેષ્ઠ બીજો કોઈ ધર્મ નથી. (કૂર્મ પુરાણ : ૨૪-૧૧)

➠ यज्ञं जनयन्तु सूरयः । - હે વિદ્વાનો ! દુનિયામાં યજ્ઞનો પ્રચાર કરો. (ઋગ્વેદ : ૧૦-૬૬-૨)

➠ यज्ञो विश्वस्य भुवनस्य नाभिः । - યજ્ઞ જ સમસ્ત વિશ્વ-બ્રહ્માંડનું મૂળ કેન્દ્ર છે. (અથર્વવેદ : ૯-૧૦-૧૪)

➠ अनाहूतोध्वरं व्रजेत् । - વિના આમંત્રણે પણ યજ્ઞમાં જવું જોઈએ. (યાજ્ઞવલ્ક્ય)

➠ यज्ञोयं सर्वकामधुक् । - આ યજ્ઞ બધી જ કામનાઓને પૂર્ણ કરનાર છે. (અંગિરા ઋષિ)

➠ प्राचं यज्ञं प्र णयता सखायः । - પ્રત્યેક શુભ કાર્યને યજ્ઞની સાથે શરૂ કરો. (ઋગ્વેદ : ૧૦-૧૦૧-૨)

➠ ईजानाः स्वर्गं यन्ति लोकम् । - યજ્ઞ કરનારને સ્વર્ગનું સુખ પ્રાપ્ત થાય છે. (અથર્વવેદ : ૧૮-૪-૨)

➠ सर्वेषां देवानां आत्मा यद् यज्ञः । - બધા દેવતાઓનો આત્મા યજ્ઞ જ છે. (શતપથ : ૧૩-૩-૨-૧)

➠ भद्रो नो अग्निराहुतः । - યજ્ઞમાં અર્પિત આહુતિઓ કલ્યાણકારક હોય છે. (યજુર્વેદ : ૧૫-૩૮)

➠ सम्यञ्चो अग्निं सपर्यत... - બધાએ મળીને યજ્ઞાનુષ્ઠાન કરવું જોઈએ. (અથર્વવેદ : ૩-૩૦-૬)

➠ अग्नेर्होत्रेण प्रणुदे सपत्नाम् । - યજ્ઞ કરવાથી શત્રુ નાશ પામે છે. (અથર્વવેદ : ૯-૨-૬)

➠ संप्रेद्धो अग्निर्जिह्वाभिरुदेतु हृदयादधि । - જે હવન કરે છે, એમના હૃદયમાં પરમાત્માનું તેજ પ્રકાશિત થાય છે. (અથર્વવેદ : ૬-૭૬-૧)

➠ यज्ञा कल्याणहेतवः । - યજ્ઞથી બધાનું કલ્યાણ થાય છે. (વિષ્ણુ પુરાણ : ૧-૬-૮)

➠ कस्मै त्वा विमुञ्चति तस्मै त्वा विमुञ्चति । - જે યજ્ઞનો ત્યાગ કરે છે, એને પરમાત્મા પણ ત્યાગી દે છે. (યજુર્વેદ : ૨-૨૩)

➠ निष्कामः कुरुते यस्तु स परंब्रह्म गच्छति । - નિષ્કામભાવથી હવન કરનારને ચોક્કસ પરબ્રહ્મની પ્રાપ્તિ થાય છે. (મત્સ્યપુરાણ : ૭૫.૧૨)

➠ सर्वान् देवान् यजेद् बुधः । - બધા જ દુઃખોને દૂર કરવા માટે, બુદ્ધિમાન પુરુષોએ વિવિધ સર્વ દેવતાઓની યજ્ઞ દ્વારા પૂજા કરવી જોઈએ. (શિવપુરાણ : ૧૪-૪૬)

➠ सर्वं स पापं तरति योऽश्वमेधं यजेत वै । - બધા જ પાપોમાં ડૂબેલી વ્યક્તિ પણ યજ્ઞ કરવાથી પાપથી મુક્ત બને છે. (પદ્મપુરાણ : પાતાલખંડ - ૮/૩૧)

➠ सहयज्ञाः प्रजाः सृष्ट्वा पुरोवाच प्रजापतिः । अनेन प्रसविष्यध्वमेष वोऽस्त्विष्टकामधुक् ।। - પ્રજાપતિ બ્રહ્માએ કલ્પના આદિમાં અર્થાત્ સૃષ્ટિના આરંભે યજ્ઞસહિત પ્રજાઓને સર્જીને તે પ્રજાઓને કહ્યું કે, તમે આ યજ્ઞ દ્વારા વૃદ્ધિ પામો અને આ યજ્ઞ તમને બધાને ઈચ્છિત ભોગ આપનાર થાઓ. (ભગવદ્ ગીતા : ૩/૧૦)

➠ देवान्भावयतानेन ते देवा भावयन्तु वः । परस्परं भावयन्तः श्रेयः परमवाप्स्यथ ।। - તમે બધા આ યજ્ઞ વડે દેવતાઓને ઉન્નત કરો અને તે દેવતાઓ તમને બધાને ઉન્નત કરે; આ પ્રમાણે નિઃસ્વાર્થભાવે એક-બીજાને ઉન્નત કરતા રહીને તમે બધા પરમ કલ્યાણને પામશો. (ભગવદ્ ગીતા : ૩/૧૧)

➠ ईष्टाभोगान्हि वो देवा दास्यन्ते यज्ञभाविताः । तैर्दत्तानप्रदायैभ्यो यो भुङ्गते स्तेन एव सः ।। - યજ્ઞ વડે વૃદ્ધિ પામેલા દેવતાઓ તમને બધાને વણમાગ્યે જ ઈચ્છિત ભોગો અવશ્ય આપતા રહેશે; આ રીતે તે દેવતાઓ દ્વારા અપાયેલા ભોગોને જે પુરુષ તે દેવતાઓને નહીં આપીને પોતે ભોગવે છે, તે ચોર જ છે. (ભગવદ્ ગીતા : ૩/૧૨)

➠ यज्ञाशिष्टाशिनः सन्तो मुच्यन्ते सर्वकिल्बिषैः । भुग्जते ते त्वघं पापा ये पचन्त्यात्मकारणात् ।। - યજ્ઞમાંથી વધેલા અન્નને આરોગનારા શ્રેષ્ઠ પુરુષો સર્વ પાપોથી મુક્ત થઈ જાય છે અને જે પાપીઓ પોતાના શરીરના પોષણ માટે જ અન્ન રાંધે છે, તેઓ તો પાપને જ ખાય છે. (ભગવદ્ ગીતા : ૩/૧૩)

➠ अन्नाद्भवन्ति भूतानि पर्जन्यादन्नसंभवः । यज्ञाद्भवति पर्जन्यो यज्ञः कर्मसमुद्भवः ।। - कर्म ब्रह्मोद्भवं विद्धि ब्रह्माक्षरसमुद्भवम् । तस्मातसर्वगतं ब्रह्म नित्यं यज्ञे प्रतिष्ठितम् ।। - સઘળાં પ્રાણીઓ અન્નથી ઉત્પન્ન થાય છે, અન્નની ઉત્પત્તિ વરસાદથી થાય છે, વરસાદ યજ્ઞથી થાય છે અને યજ્ઞ વિહિત કર્મોથી ઉત્પન્ન થનારો છે, કર્મસમુદાયને તું વેદથી ઉદ્ભવેલો અને વેદને અવિનાશી પરમાત્માથી ઉદ્ભવેલો જાણ; આથી સિદ્ધ થાય છે કે સર્વવ્યાપી પરમ અક્ષર પરમાત્મા સદાય યજ્ઞમાં પ્રતિષ્ઠિત છે. (ભગવદ્ ગીતા : ૩/૧૪-૧૫)



## અનુસંધાન પેજ - ૧૯ પરનું ચાલુ...

ન હતો. જેતલપુરના યજ્ઞ પ્રસંગે એકઠા થયેલા વિદ્વાન બ્રાહ્મણો પાસે શાસ્ત્રાર્થ કરાવીને ભગવાન શ્રી સ્વામિનારાયણે વિદ્વાન બ્રાહ્મણોના મુખે જ **ઘોષણા** કરાવી હતી કે, 'વેદનું તાત્પર્ય હિંસા કે સુરાપાનમાં નથી. કેટલાક રાગપ્રધાન લોકોએ વેદના મંત્રોના અર્થો અવળા કરી, પોતાના રાગને પોષવા માટે યજ્ઞમાં દારૂમાંસનું પ્રવર્તન કરેલું છે.'

આ શાસ્ત્રાર્થનો સાર કંઈક આવો હતો : જેમ કે, વેદનો મંત્ર છે - 'अजेन यजेत' અજ શબ્દનો અર્થ છે 'ન ઊગી શકે તેવી જૂની ડાંગર.' વેદ કહે છે કે ન ઊગી શકે તેવી જૂની ડાંગરથી યજ્ઞ કરવો. પણ રાગપ્રધાન લોકોએ એનો અર્થ ડાંગરને બદલે ઘેટાં-બકરામાં ફેરવી નાખ્યો હતો.

એ જ રીતે વેદનો મંત્ર છે 'गोघ्नः अतिथिः' અહીં 'ગોઘ્ન' શબ્દમાં 'હન્' ધાતુનો પ્રયોગ છે. 'હન્' ધાતુનો અર્થ હિંસા અને સ્પર્શ બંને થાય છે. મૂળ હકીકત એવી હતી કે પ્રાચીન સમયમાં કોઈ અતિથિ આવે ત્યારે ગાય અને વાછરડાંને આગળ કરી, તેનું પૂજન કરાવી - સ્પર્શ કરાવી સ્વાગત કરવામાં આવતું. રાગપ્રધાન લોકોએ 'ગાયને મારીને માંસ અતિથિઓને આપવું' એવો અત્યંત **વિકૃત અર્થ** કરી નાખ્યો.

ભારતીય સંસ્કૃતિમાં 'गावो विश्वस्य मातरः' ગાય સમસ્ત વિશ્વની માતા છે. આવું હજારો વર્ષથી માનવામાં આવે છે. ગોપૂજક સંસ્કૃતિમાં ગાયનાં માંસ પીરસવાની વાત કોઈ સ્વપ્ને પણ કેમ વિચારી શકે?

વેદોના રહસ્યને જાણનારા મહાપુરુષો કહે છે કે, "માંસ ભક્ષણ કરો, દારૂ પીઓ, સ્ત્રી આદિક વિષય ભોગવો, આવી આજ્ઞા આપવાની જરૂર જ નથી. કારણ કે મનુષ્યની એમાં સહજ પ્રવૃત્તિ હોય છે." માટે આવા રાગ પ્રાપ્ત વિષયમાં વેદો ક્યારેય આજ્ઞા ન જ કરે.

વેદોમાં હિંસા કે સુરાપાનનો આભાસ ધરાવતી શ્રુતિઓ જણાય છે, તે પણ આખરે તો હિંસા અને સુરાપાનનો નિષેધ કરવા માટે જ હોય છે. જેમ કે, કોઈ રોજની પચાસ બીડી પીતો હોય, એનાથી એક સામટી એ ન છૂટે ત્યારે એને કહેવામાં આવે કે 'આજથી પચ્ચીસ પીજે - પછી ધીરે ધીરે છોડી દેજે.'

આનો અર્થ એ ન કરાય કે એને પચ્ચીસ બીડી પીવાની છૂટ આપવામાં આવી છે. વાતનું **તાત્પર્ય** ધીરે ધીરે સર્વ રીતે વ્યસન છોડી દેવામાં છે. એ જ રીતે વેદમાં ક્યાંય હિંસા કે સુરાપાન જણાતા હોય, તો પણ એનું તાત્પર્ય આખરે તો હિંસા અને સુરાપાનની નિવૃત્તિમાં જ હોય છે.

વેદોમાં સ્પષ્ટ આજ્ઞા છે :- 'मा हिंस्यात् सर्वभूतानि' - જીવપ્રાણીમાત્રની હિંસા ક્યારેય ન કરવી. 'सुरां न पिबेत्' - મદ્યપાન ક્યારેય ન કરવું.

વેદમાં યજ્ઞ માટે 'अध्वर' શબ્દ પ્રસિદ્ધ છે. અધ્વર શબ્દનો અર્થ છે - જેમાં કોઈ જાતની હિંસા સંભવે નહીં એવો 'યજ્ઞ.'

ભારત વર્ષના નિવૃત્તિપરાયણ ઋષિમુનિઓની કથાઓ, શ્રીમદ્ ભાગવતમાં નારદજી અને પ્રાચીનબર્હિ રાજાનો સંવાદ તેમજ ઉપરિચર વસુની કથા ભગવાન શ્રી સ્વામિનારાયણના આ અર્થઘટનને **સમર્થન** આપે છે.

શાસ્ત્રાર્થને અંતે વિદ્વાન શાસ્ત્રીઓએ **ઘોષણા** કરી હતી કે, 'દેવી-દેવતા કે વેદને નામે અથવા તો વામાચાર જેવા પાખંડ ધર્મને નામે હિંસા અને સુરાપાન કરે છે, એને તો ચાંડાલ જેવા જાણવા જોઈએ.'

આ રીતે ભગવાન શ્રી સ્વામિનારાયણે શાસ્ત્રો અને યુક્તિઓથી **વામપંથનું ખંડન** કર્યું હતું. પરિણામે શક્તિપંથીઓ અને વામાચારીઓ ભગવાન શ્રીહરિ પ્રત્યે ભારે ક્રોધે ભરાયા હતા અને અનેકવાર જાનથી મારી નાખવાના પણ અસફળ પ્રયત્નો કર્યા હતા.

ભારતવર્ષમાં આશરે અઢી હજાર વર્ષ પહેલાં **તથાગત બુદ્ધ** થયા. તથાગતને યજ્ઞોની હિંસા પસંદ ન હતી. એ જ રીતે ભગવાન શ્રી સ્વામિનારાયણને પણ યજ્ઞમાં થતી હિંસા પસંદ નહોતી. પરંતુ આ હિંસાને નાબૂદ કરવા માટે તથાગત બુદ્ધે અને ભગવાન શ્રી સ્વામિનારાયણે જે પગલાંઓ ભર્યા એમાં આકાશ-પાતાળનું **અંતર** હતું.

તથાગત બુદ્ધે હિંસાને અટકાવવા માટે યજ્ઞ પરંપરાનો જ નિષેધ કર્યો અને સાથે સાથે વેદધર્મનું પણ ખંડન કર્યું. પરિણામે ભારત વર્ષમાં હજારો વર્ષનો પ્રાચીન વેદધર્મ ભારે સંકટમાં મૂકાયો હતો. જગદ્ગુરુ આદિ શંકરાચાર્યજી ન પ્રગટ્યા હોય તો કદાચ **વેદધર્મ** લુપ્તપ્રાય જ થયો હોત, પરિણામે સમાજ ઋષિમુનિઓના મહાન જ્ઞાનથી વંચિત બની મૂળ કપાયેલા વૃક્ષ જેવો બન્યો હોત.

તથાગત બુદ્ધ જાણે-અજાણે વેદધર્મ અને યજ્ઞ પરંપરાના **ઉચ્છેદક** બન્યા, જ્યારે સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે વેદધર્મનું પોષણ કર્યું; યજ્ઞોના નામે થતી હિંસાનો **નિષેધ** કર્યો અને સાત્ત્વિક અહિંસામય યજ્ઞોની પરંપરા ચલાવીને **'અહિંસયજ્ઞ પ્રસ્તોતા'** બન્યા.

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું છે કે, "બ્રહ્માજીએ યજ્ઞોનું સર્જન દેવો અને મનુષ્યોના હિત માટે કરેલું છે." યજ્ઞમાં પ્રવેશેલી હિંસામય વિકૃતિઓનો નિષેધ થઈ શકે, પરંતુ યજ્ઞ પરંપરાનો નિષેધ સંભવે નહીં. યજ્ઞનો નિષેધ કરનાર તથાગત ગમે તેટલા મહાન હોય, એમની બધી વાત સ્વીકાર્ય ન બને ! વૈદિક ઋષિમુનિઓ, ભગવાન વેદવ્યાસ તેમજ ભગવાન શ્રીકૃષ્ણની તુલનામાં તથાગત બુદ્ધ વિશેષ પ્રામાણિક ન હોઈ શકે!

વેદવિજ્ઞાન તેમજ યજ્ઞપરંપરાનો ઉચ્છેદ અનર્થક જ છે, માટે ભગવાન શ્રી સ્વામિનારાયણે ગુજરાત, કચ્છ, કાઠિયાવાડની ભૂમિ ઉપર અનેક અહિંસામય વિષ્ણુયાગ અને રુદ્રયાગ કરાવ્યા. યજ્ઞ પરંપરામાં પ્રવેશેલી વિકૃતિઓને જ દૂર કરી, વિશુદ્ધ વૈદિક યજ્ઞ પરંપરાનું પુનઃ સ્થાપનનું અજોડ કાર્ય કર્યું.

**વધુ લેખમાળા આવતા અંકે... ક્રમશઃ**

# સત્સંગ સમાચાર પત્રિકા

સ્વામી ઘનશ્યામદાસજી તથા શા. સ્વામી સર્વમંગલદાસજી તથા સાધુ ધર્મવલ્લભદાસજી






વડતાલ પ્રદેશના ખાખરીયા (ઉત્તમનગર)ને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી
પ.પૂ. લાલજી મહારાજશ્રીની ઉપસ્થિતિમાં યોજાયેલ પુનઃ મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ




વડતાલ પ્રદેશના શિવપુરી (ગોધરા) ગામને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી
પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રીની ઉપસ્થિતિમાં યોજાયેલ શાકોત્સવ તથા સત્સંગ સભા.




વડતાલ પ્રદેશના ચાંગા ગામને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ નૂતન સ્કુલ ઉદ્‌ઘાટન.




વડતાલ પ્રદેશના માસર રોડને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રીની ઉપસ્થિતિમાં યોજાયેલ શાકોત્સવ તથા સત્સંગ સભા.




વડતાલ પ્રદેશના વસો ગામને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રીની ઉપસ્થિતિમાં યોજાયેલ શાકોત્સવ તથા સત્સંગ સભા.




વડતાલ પ્રદેશના બોડેલી (છોટા ઉદેપુર)ને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રીની ઉપસ્થિતિમાં યોજાયેલ શાકોત્સવ તથા સત્સંગ સભા.




જૂનાગઢ પ્રદેશના નાવડા ગામને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી યોજાયેલ ભવ્ય શાકોત્સવમાં પધારતા પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી.




વડતાલ પ્રદેશના મકરપુરા (વડોદરા)ને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રીની ઉપસ્થિતિમાં યોજાયેલ શાકોત્સવ તથા સત્સંગ સભા.




શ્રીજીમંદિર (સુરત)ને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી યોજાયેલ સત્સંગ સભામાં કથાવાર્તાનો લાભ આપતા પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી.




સીમાડા (સુરત)ને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી યોજાયેલ સત્સંગ સભામાં કથાવાર્તાનો લાભ આપતા પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી.




અશ્વિનીકુમાર ૩(સુરત)ને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી યોજાયેલ સત્સંગ સભામાં કથાવાર્તાનો લાભ આપતા પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી.




ઉભરાટ(સુરત)ને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી યોજાયેલ સમૂહ માઘસ્નાન તથા સત્સંગ સભામાં કથાવાર્તાનો લાભ આપતા પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી.




વડતાલ પ્રદેશના પોઈચા (વડોદરા)ને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રીની ઉપસ્થિતિમાં યોજાયેલ વાર્ષિક પાટોત્સવ




સીમાડા (સુરત)ને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી યોજાયેલ ગ્રહણ સત્સંગ સભામાં કથાવાર્તાનો લાભ આપતા પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી.




વડતાલ પ્રદેશના ઉતરાજ (વડોદરા) ગામને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રીની ઉપસ્થિતિમાં યોજાયેલ શાકોત્સવ તથા સત્સંગ સભા.




વડતાલ પ્રદેશના પોઈચા (વડોદરા)ને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રીની ઉપસ્થિતિમાં હોમાત્મક મહાપૂજા




વડતાલ પ્રદેશના ખેડા શહેરને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રીની ઉપસ્થિતિમાં હોમાત્મક મહાપૂજા




નાથદ્વારા ધામને ખાતે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી શ્રી દિનેશભાઈ કાછડીયા, શ્રી ભરતભાઈ ફિફાદ તથા
શ્રી વિજયભાઈ ગોંડલ દ્વારા નિર્મિત 'કવિતા સ્ટોન મીનરલ્સ' ફેક્ટરીનું ઉદ્‌ઘાટન કરતા પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી.




ડોંબીવલીને આંગણે શ્રી ઘનશ્યામ મહારાજના દિવ્ય સાન્નિધ્યમાં પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી યોજાયેલ 'રાત્રિ સત્સંગ સભા'માં સત્સંગ સભામાં કથાવાર્તાનો લાભ આપતા પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી.




થાણા (મુંબઈ)ને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી યોજાયેલ સત્સંગ સભામાં કથાવાર્તાનો લાભ આપતા પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી.




નવસારીને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી યોજાયેલ સત્સંગ સભામાં કથાવાર્તાનો લાભ આપતા પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી.

## વાર્ષિક પાટોત્સવ અભલોડ






વડતાલ પ્રદેશના અભલોડ (દાહોદ)ને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રીની ઉપસ્થિતિમાં યોજાયેલ વાર્ષિક પાટોત્સવ

## જન્મસ્થાન હવેલી ઉદ્‌ઘાટન ટોરડા




યોગમૂર્તિ સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીના જન્મસ્થાન ઉપર તૈયાર નૂતન હવેલી ઉદ્‌ઘાટન મહોત્સવ પ્રસંગે યોજાયેલ
શ્રી ગોપાળાનંદ સ્વામી જીવનકવન કથાપારાયણમાં ઉપસ્થિત પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી.

## સત્સંગ સભા પુના-ભુલેશ્વર




પુના તથા ભુલેશ્વરને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી યોજાયેલ સત્સંગ સભામાં કથાવાર્તાનો લાભ આપતા પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી.

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ સ્થાપિત શ્રી રાધારમણ દેવના સમીપમાં બિરાજમાન

# શ્રી હરિકૃષ્ણ મહારાજનો ૧૫૮ મો વાર્ષિક પાટોત્સવ
# એવં શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ



**: પાટોત્સવ દિન :**

**તા. ૩-૩-૨૦૧૮, ફાગણ વદ-૨**

**: કથા તારીખ :**

**તા. ૨ થી ૮-૩-૨૦૧૮**

: વક્તા :

મહંત પૂ. શા. સ્વામી શ્રી પ્રેમસ્વરૂપદાસજી (જૂનાગઢ) તથા પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજી (સરધાર)

**સ્થળ :- શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર, જવાહર રોડ, જૂનાગઢ**

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

**શ્રી લાડલી લક્ષ્મી ચેરીટેબલ ટ્રસ્ટ આયોજીત**

ઇતિહાસમાં સૌપ્રથમવાર **સુરત**ને આંગણે

बेटी बचाओ
SAVE the girl child

# લાડલી અસ્મિતા મહોત્સવ
અંતર્ગત

# શ્રીમદ્ ભાગવત કથા

આશીર્વાદ

પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી
**શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**

**॥ તારીખ ॥**
**૨૦ થી ૨૮ -૪-૨૦૧૮**

આશીર્વાદ

પ.પૂ. ૧૦૮ ભાવિઆચાર્યશ્રી
**શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**

સમય : બપોરે- ૦૩:૦૦ થી ૦૬ :૦૦, રાત્રે - ૦૮૩૦ થી ૧૧:૩૦

## વક્તા : સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

**કથાસ્થળ : 'તાપીભૂમિ'** પુણા-સારોલી BRTS જંક્શન, ક્રિષ્ના પેટ્રોલપંપની બાજુમાં, સુરત








ગોધરાને આંગણે શ્રીજી સૂર કલાવૃંદ દ્વારા આયોજીત 'અભિવાદન-કલાપર્વ'માં ઉપસ્થિતિ પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી તથા પૂ. લાલીરાજા શ્રી ઉર્વશીકુંવરબા.






વડતાલ પ્રદેશના પોર (વડોદરા)ને આંગણે પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં ઉજવાયેલ હરિમંદિરનો અમૃત મહોત્સવ






શ્રીરઘુવીરવાડી-વડતાલ ખાતે ૨૬મી જાન્યુઆરી પ્રસંગે સમગ્ર ધર્મકુળ પરિવારના સાન્નિધ્યમાં યોજાયેલ પ્રજાસત્તાક પર્વ દિન






ખારઘર(મુંબઈ)ને આંગણે બૃહદ મુંબઈ પરા વિસ્તાર દ્વારા પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રીની ઉપસ્થિતિ યોજાયેલ દ્વિમાસિક સત્સંગ સભા

Swaminarayan Chintan, February-2018 Reg. No. RJT - 624/16-18, Valid up to 31/12/18, Posted at Rajkot R.M.S on 20th of every month
wpp No. G-PMG-RJT/018/2013 Valid up to 20/12/2018_RNI No. GUJGUJ-2013/47868





રજત જયંતી મહોત્સવ
આણંદ

આણંદ શહેરને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાન્નિધ્યમાં ઉજવાયેલ શ્રી સ્વામિનારાયણ મહિલા મંદિર રજત જયંતી મહોત્સવ





વાર્ષિક પાટોત્સવ
મહેમદાવાદ

વડતાલ પ્રદેશના મહેમદાવાદને આંગણે પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં ઉજવાયેલ વાર્ષિક પાટોત્સવ પ્રસંગે પધારતું સમગ્ર ધર્મકુળ પરિવાર


॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

## શ્રીરામ નવમી તથા શ્રી સ્વામિનારાયણ જયંતી પ્રસંગે જસદણ શહેરને આંગણે




# ૧૧૦૮ કુંડી શ્રીહરિયાગ મહાયજ્ઞ



## તા. ૨૫-૦૩-૨૦૧૮, ચૈત્ર સુદ - ૯

**સમય : સવારે ૮ થી ૧૨, બપોરે ૨ થી ૫ કલાકે**



પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય
શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

લોકડાયરો : શ્રી માયાભાઇ આહિર (તા. ૨૪-૩-૨૦૧૮, રાત્રે - ૯ કલાકે)

**પ્રયોજક** પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી



પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય
શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

યજ્ઞપાટલા નોંધાવા માટે સંપર્ક : પાર્ષદ રસિક ભગત - મો. ૯૦૯૯૯૯૯૬૩૩

પીયુષ મેતાજી - મો.૭૬૯૮૬૫૭૨૬૩, ભાવેશભાઇ - મો.૯૮૨૪૨૨૧૮૫૮, અશોકભાઇ - મો.૯૮૨૪૮૬૨૮૨૬, ડો.તુષાર - મો.૯૮૭૯૬૬૩૮૬૩

**યજ્ઞાચાર્ય :- શાસ્ત્રી શ્રી રવીન્દ્રભાઈ જોષી - જૂનાગઢ. મો. ૯૮૭૯૫૩૧૨૧૪**

LIVE
हमारा लक्ष्य
www.lakshya.tv

**આયોજક** શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર - જસદણ, ગોખલાણા ચોકડી, જસદણ બાયપાસ


Swaminarayan Chintan, Publisher, Printer, Owner, editor :- SWAMI PATITPAVANDASJI , Place of Publication :- Shree Swaminarayan Mandir, At : SARDHAR, Ta. & Dist. Rajkot (GJ) - 360025.
Printing press with complete address : SHREEJI ART, GF-12, ASHIRVAD SHOPPING CENTER, ASHRAM ROAD, PALDI AHMEDABAD, (GJ) - 380007